


પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH




FRIDAY, 27 FEBRUARY, 2026 Vol. 24, No. 09 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### રોડ આઈલેન્ડના પ્રોવિડન્સમાં 37.9 ઈંચ જેટલો બરફ પડ્યો, 10 હજારથી વધુ ફ્લાઈટો રદ, 5 લાખ ઘરોમાં અંધારપટ

# અમેરિકામાં હિમપ્રલય : 7 રાજ્યોમાં કટોકટી જાહેર

### ન્યૂયોર્ક, ન્યૂ જર્સી, મેસેચ્યુસેટ્સ, રોડ આઈલેન્ડ, કનેક્ટિકટ, પેન્સિલવેનિયા અને મેરીલેન્ડમાં સ્થિતિ ગંભીર

**ન્યૂયોર્ક**

અમેરિકાના ઉત્તર-પૂર્વીય વિસ્તારોમાં ‘હિરનાન્ડો’ નામના ભીષણ હિમ તોફાને રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા હાહાકાર મચી ગયો છે. કુદરતના આ પ્રકોપ સામે વહીવટી તંત્ર પણ લાચાર દેખાઈ રહ્યું છે, જેના પગલે ન્યૂયોર્ક, ન્યૂ જર્સી, મેસેચ્યુસેટ્સ, રોડ આઈલેન્ડ, કનેક્ટિકટ, પેન્સિલવેનિયા અને મેરીલેન્ડ એમ કુલ 7 રાજ્યોમાં તાત્કાલિક અસરથી ‘સ્ટેટ ઓફ ઈમરજન્સી’ જાહેર કરી દેવામાં આવી છે. આ તોફાન એટલું ભયાનક છે કે છેલ્લા અનેક દાયકાઓના હિમવર્ષાના રેકોર્ડ તૂટી ગયા છે. ખાસ કરીને રોડ આઈલેન્ડના પ્રોવિડન્સમાં ૩૭.૯ ઈંચ જેટલો બરફ પડતા ૧૯૭૮નો ઐતિહાસિક રેકોર્ડ પણ ધ્વસ્ત થયો છે.



ભારે હિમવર્ષાની સાથે ફૂંકાયેલા ૯૮ માઈલ પ્રતિ કલાકની ઝડપના તોફાની પવનને કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. મેસેચ્યુસેટ્સ સહિતના રાજ્યોમાં હજારો વીજળીના થાંભલા ધરાશાયી થતા અંદાજે ૫ લાખથી વધુ ઘરો અને વ્યવસાયિક એકમોમાં અંધપટ છવાઈ ગયો છે. આ કુદરતી આફત અત્યાર સુધીમાં અંદાજે ૧૨ લોકોનો ભોગ લઈ ચૂકી છે. સુરક્ષાના કારણોસર ન્યૂયોર્ક અને બોસ્ટન જેવા મોટા શહેરોમાં બિન-જરૂરી મુસાફરી પર કડક પ્રતિબંધ લાદવામાં આવ્યો છે, જેના કારણે વ્યસ્ત ગણાતા હાઈવે અને રસ્તાઓ અત્યારે સફેદ બરફની ચાદર હેઠળ સુમસામ ભાસી રહ્યા છે. પરિવહન ક્ષેત્રે આ તોફાને મોટી આફત સર્જી છે, જેમાં અત્યાર સુધીમાં ૧૦,૦૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે અને હજારો મુસાફરો એરપોર્ટ પર અટવાઈ પડ્યા છે. શિક્ષણ સંસ્થાઓ અને સરકારી કચેરીઓમાં રજા જાહેર કરવામાં આવી છે. ૨૭મી ફેબ્રુઆરીની સવારથી હિમવર્ષામાં થોડો વિરામ જોવા મળ્યો છે, પરંતુ હાડ થીજવતી ઠંડી અને બરફ જામી જવાને કારણે અકસ્માતનો ભય હજુ પણ તોળાઈ રહ્યો છે. હાલમાં સ્થાનિક તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે રસ્તાઓ પરથી બરફ હટાવવાની કામગીરી ચાલી રહી છે, પરંતુ પરિસ્થિતિ સામાન્ય થતા હજુ થોડો સમય લાગે તેવી શક્યતા છે.

## PM મોદી અને નેતન્યાહૂની બેઠક : સુરક્ષા, વેપાર, ટૅક્નોલૉજી અને કૃષિ અંગે એમઓયુ પર હસ્તાક્ષર

### ઈઝરાયલની ટૅક્નોલૉજી ભારતના ગામડાંઓ સુધી પહોંચશે

**તુર્કી**

ઈઝરાયલ પ્રવાસે ગયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સાથે બેઠક યોજાઈને અનેક મહત્ત્વના કરારો પર હસ્તાક્ષર કર્યા છે. બંને નેતાઓ વચ્ચે ગુરુવારે મહત્ત્વની બેઠક યોજાઈ હતી, જેમાં બંને દેશો વચ્ચે સંરક્ષણ, સુરક્ષા, વેપાર, ટૅક્નોલૉજી, કૃષિ સહિત અનેક સેક્ટરોમાં સહયોગ વધારવા મુદ્દે વાતચીત કરવામાં આવી છે. ત્યારબાદ બંને નેતાઓએ એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે. આ દરમિયાન બંને નેતાઓ વચ્ચે સમજૂતીઓનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું છે.

બેઠક દરમિયાન વડાપ્રધાન મોદીએ નેતન્યાહૂને પોતાના મિત્ર કહીને સંબોધનની શરુઆત કરી છે. તેમણે કહ્યું કે, તેમનું અને ભારતીય ડેલિગેશનનું ઈઝરાયલ દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે. વડાપ્રધાને કહ્યું છે કે, ભારતમાં ઈઝરાયલના સહયોગથી સેન્ટર ઑફ એક્સેલન્સની સ્થાપના કરવામાં આવી છે, જેની સંખ્યા 100 સુધી લઈ જવાનો નિર્ણય કરાયો છે. આ ઉપરાંત ‘વિલેજ ઑફ એક્સેલન્સ’ પણ બનાવવામાં આવશે અને તેનાથી ઈઝરાયલની ટેક્નોલૉજી ભારતના ગામડાંઓ સુધી પહોંચશે, જેનાથી ભારતના લોકોને લાભ થશે. અમે ફ્યુચર રેડી ફાર્મિંગની દિશામાં આગળ વધીશું. આનાથી ખેતી પદ્ધતિને અનેક ઘણો ફાયદો થશે.



### આ સમજૂતીઓ પર કર્યા હસ્તાક્ષર

(1) સ્પેશિયલ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપનો દરજ્જો, (2) ક્રિટિકલ એન્ડ ઈમર્જિંગ ટૅક્નોલૉજી પાર્ટનરશિપ, (3) સેન્ટર ઑફ એક્સેલન્સ અને વિલેજ ઑફ એક્સેલન્સ (4) ઈન્ડિયા ઈઝરાયેલ એકેડેમિક ફોરમ (5) વિવિધ ક્ષેત્રોમાં MoU - રક્ષા, સુરક્ષા, વેપાર, ટૅક્નોલૉજી અને કૃષિ (6) આતંકવાદ વિરુદ્ધ સહયોગ વધારવા મુદ્દે સમજૂતી થઈ છે.

## બ્રાઝિલમાં પૂર અને ભૂસ્ખલનમાં 54થી વધુના મોત, ૭ રાજ્યોમાં હાઈ-એલર્ટ

**રિયો ડી જાનેરો**

દક્ષિણ અમેરિકાના દેશ બ્રાઝિલમાં કુદરતે કહેર વર્તાવ્યો છે, જ્યાં છેલ્લા કેટલાક દિવસોથી વરસી રહેલા અવિરત અને મુશળધાર વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ખાસ કરીને દક્ષિણ-પૂર્વીય બ્રાઝિલના મિનાસ ગેરાઈસ અને રિયો ડી જાનેરો પ્રાંતમાં પૂર અને ભૂસ્ખલનની શ્રેણીબદ્ધ ઘટનાઓમાં અત્યાર સુધીમાં અંદાજે ૫૪થી વધુ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હોવાના અહેવાલ છે.


પહાડી વિસ્તારોમાં મોટા પાયે જમીન ધસી પડવાને કારણે અનેક મકાનો પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગયા છે, જેમાં હજુ પણ ૧૪થી વધુ લોકો કાટમાળ નીચે દબાયેલા હોવાની આશંકા સેવાઈ રહી છે.

ભારે વરસાદને કારણે નદીઓ ભયજનક સપાટી વટાવી ગઈ છે, જેના કારણે જુઈઝ ડી ફોરા અને ઉબા જેવા શહેરોમાં પૂરના પાણી રહેણાંક વિસ્તારોમાં ઘૂસી ગયા છે. આ સ્થિતિ એટલી ગંભીર છે કે અનેક રસ્તાઓ ધોવાઈ ગયા છે અને પુલો ધરાશાયી થવાથી સેંકડો ગામોનો સંપર્ક મુખ્ય શહેરોથી કપાઈ ગયો છે. વહીવટી તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે અને અત્યાર સુધીમાં ૩,૬૦૦થી વધુ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. આ સ્થિતિમાં 7 રાજ્યોમાં હાઈએલર્ટ જાહેર કરાયું હતું.









# ભારત અને કેનેડા વચ્ચે 23 હજાર કરોડની 5 મોટી ડિલના સંકેતો

## ડિફેન્સ (રક્ષણ) અને ટેકનોલોજી સેક્ટર માટે પ્રગતિના નવા દ્વારા ખુલી શકે : ભારતના EV ઉદ્યોગને લાભ થશે

**ઓન્ટેરિયો**

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની પ્રથમ વખત ભારતની મુલાકાતે આવી રહ્યા છે. તેઓ આ જ મહિને દિલ્હી પહોંચશે. આ મુલાકાત એવા સમયે અત્યંત મહત્વની માનવામાં આવે છે જ્યારે સમગ્ર વિશ્વની અર્થવ્યવસ્થા અને વેપારમાં ભારે ઉથલપાથલ ચાલી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને માર્ક કાર્ની મળીને બંને દેશોના સંબંધોનું 'રીસેટ બટન' દબાવશે. છેલ્લા કેટલાક સમયથી ભારત અને કેનેડા વચ્ચે જે ખટાશ અને કડવાશ પેદા થઈ હતી, તે હવે મિત્રતામાં પરિણમે તેવી શક્યતા છે. નિષ્ણાતોનું મંતવ્ય છે કે, કાર્નીના આ પગલાથી ભારતના ડિફેન્સ (રક્ષણ) અને ટેકનોલોજી સેક્ટર માટે પ્રગતિના નવા દ્વારા ખુલી શકે છે.

માર્ક કાર્ની 26 ફેબ્રુઆરીથી 7 માર્ચ 2026 સુધી ઈન્ડો-પેસિફિક પ્રવાસે રહેશે. આ દરમિયાન તેઓ 26 ફેબ્રુઆરીએ ભારત આવશે. તેઓ પોતાની ભારત મુલાકાતની શરૂઆત મુંબઈથી કરશે. જ્યાં તેઓ દેશના મોટા બિઝનેસ લીડર્સ સાથે મુલાકાત કરશે. તેમનો હેતુ કેનેડામાં ભારતીય રોકાણને પ્રોત્સાહન આપવાનો અને બંને દેશોની કંપનીઓ વચ્ચે ભાગીદારી મજબૂત કરવાનો રહેશે. ત્યારબાદ તેઓ નવી દિલ્હી પહોંચશે, જ્યાં વડાપ્રધાન મોદી સાથે તેમની દ્વિપક્ષીય વાતચીત થશે.

ભારતની ક્લીન એનર્જી અને વધતી જતી વીજળીની જરૂરિયાતોને પૂરી કરવા માટે આ સૌથી મોટી ડીલ હોઈ શકે છે. અહેવાલો અનુસાર કેનેડાની કંપની 'કમેકો' ભારતને આગામી 10 વર્ષ સુધી યુરેનિયમ સપ્લાય કરવા માટે લગભગ 2.8 બિલિયન ડોલર (આશરે 23,000 કરોડ)ના કરાર પર હસ્તાક્ષર કરી શકે છે. સૌથી વધુ ચર્ચા 'કોમ્પ્રીહેન્સિવ ઈકોનોમિક પાર્ટનરશિપ એગ્રીમેન્ટ' (CEPA) અંગે છે. ભારત અને કેનેડા વચ્ચેના દ્વિપક્ષીય વેપારને 2030 સુધીમાં 50 બિલિયન ડોલર સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક છે. આ ડીલ હેઠળ ખેતી, કઠોળ, ડિજિટલ કોમર્સ અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ટેક્સ ઘટાડવામાં આવી શકે છે. કેનેડા પાસે લિથિયમ અને કોબાલ્ટ જેવા 'ક્રિટિકલ મિનરલ્સ'નો મોટો ભંડાર છે, જે ઈલેક્ટ્રિક વાહનો (EV)ની બેટરી બનાવવા માટે જરૂરી છે. ભારત પોતાની ઈવી ક્રાંતિ માટે કેનેડા સાથે લાંબા ગાળાની સપ્લાય ડીલ કરવા માંગે છે. આ ઉપરાંત ગ્રીન હાઈડ્રોજન અને બાયોફ્યુઅલ્સ અંગે પણ નવી શરૂઆત થઈ શકે છે.

માર્ક કાર્ની પોતે અર્થશાસ્ત્રી રહ્યા છે અને ટેકનોલોજીનું મહત્વ સમજે છે. આ મુલાકાતમાં બંને દેશો AI રિસર્ચ અને સાયબર સિક્યુરિટી પર સાથે મળીને કામ કરવાના કરાર કરી શકે છે.




### વિદ્યાર્થીઓ અને પ્રોફેશનલ્સ મુદ્દે પણ ચર્ચા થશે

કેનેડામાં ભારતીય વિદ્યાર્થીઓ અને પ્રોફેશનલ્સની સંખ્યા ઘણી મોટી છે. આ મુલાકાતમાં બંને નેતાઓ એવું માળખું (Framework) તૈયાર કરી શકે છે, જેનાથી ભારતીયો માટે કેનેડામાં કામ કરવું અને અભ્યાસ કરવો વધુ સરળ અને સુરક્ષિત બને.

## કાર્નીની ભારતની મુલાકાત દરમિયાન યુરેનિયમનો સોદો થવાની સંભાવના

### જો સોદો થાય તો તેની કિંમત કેનેડીયન ડોલર 2.8 બિલિયન હશે

ટોરેન્ટો, નવી દિલ્હી : કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીની આ સપ્તાહમાં યોજાનારી ભારતની મુલાકાત દરમિયાન યુરેનિયમ અંગે સોદો થવા પૂરી સંભાવના રહેલી છે. કાર્નીની સાથે કેનેડાનું વ્યાપારી મંડળ પણ ભારતની મુલાકાતે આવવાનું છે. તેમાં દુનિયાની સૌથી મોટી યુરેનિયમ સપ્લાયર કંપની 'કેમેકો'ના સી.ઈ.ઓ. ટીમ ગિત્ઝેબ પણ આવવાના છે. ત્યારે બિઝનેસ કાઉન્સીલ ઓફ કેનેડાના સી.ઈ.ઓ. અને પ્રેસિડેન્ટ ગોલ્ડી હાઈડેરે મીડિયાને યુરેનિયમ સોદા વિષે કશું સ્પષ્ટ કહ્યું ન હતું, પરંતુ બંને દેશોના અધિકારીઓએ તે વિષે સંકેતો આપી દીધા છે.



કેમેકોનું મુખ્ય મથક સાસ્કેચવાન રાજ્યનાં પાટનગર સાસ્કેચવાનમાં આવેલું છે. એ પ્રાંતના વડા સ્કોટ મોએ પણ આ ડેલિગેશનમાં સામેલ હશે. યુરેનિયમ સોદા અંગે તેઓએ કહ્યું હતું કે, સહજ રીતે જ તે ભારત સાથેની મંત્રણામાં કેન્દ્રસ્થ રહેશે જ. જો આ સોદો થાય તો તેની કિંમત કેનેડીયન ડોલર ૨.૮ બિલિયનનો હશે તે એક દશક પૂરતો રહેશે.

ઉલ્લેખનીય છે કે, ભારતના ડીપાર્ટમેન્ટ ઓફ એટમિક એનર્જીએ 'કેમેકો' સાથે યુરેનિયમ વિષે સોદો કર્યો હતો. તેની મુદત ૨૦૨૦માં પૂરી થઈ ગઈ હતી. તે પૂર્વે ૨૦૧૫માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી કેનેડા ગયા હતા, અને કેનેડાના વડાપ્રધાન સ્ટીફન હાર્પર સાથે દ્વિપક્ષીય મંત્રણા કરી હતી. ૨૦૧૩માં થયેલા કરારો પ્રમાણે શાંતિમય હેતુઓ જેવા કે વિદ્યુત ઉત્પાદન માટે કેનેડા યુરેનિયમ આપવા સહમત થયું હતું. હવે ભારત નાના નાના રીચેડર્સ પણ બનાવી રહ્યું છે જે વિદ્યુત ઉત્પાદન માટે ઉપયોગી છે. કેનેડાના ઊર્જા મંત્રી ટીમ હોગસન ગયા મહિને ભારત આવ્યા હતા અને ભારતના મંત્રીઓ સાથે ઘણી ઘણી મંત્રણાઓ કરી હતી.

# પોલીસનું 'આકાશી હથિયાર': ઓન્ટેરિયોમાં હવે 911 કોલ પર ડ્રોન આપશે પ્રથમ રિસ્પોન્સ

» માત્ર 60 સેકન્ડમાં ઘટનાસ્થળે પહોંચીને લાઈવ લોકેશન મોકલશે

» ગુમ થયેલા લોકોની શોધ અને ખતરનાક ગુનેગારોને દબોચી લેવા ડરહામ પોલીસનો હાઈટેક પાયલોટ પ્રોજેક્ટ



**ઓન્ટેરિયો**

કેનેડામાં ટેકનોલોજીના માધ્યમથી સુરક્ષા વ્યવસ્થાને વધુ સજ્જ બનાવવાની દિશામાં ઓન્ટેરિયો પોલીસ દળે એક મહત્વનું કદમ ઉઠાવ્યું છે. ડરહામ રિજનલ પોલીસ સર્વિસ (DRPS)એ હવે 911 ઈમરજન્સી કોલ્સ માટે પ્રથમ પ્રતિભાવકર્તા તરીકે અત્યાધુનિક ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરવાની સત્તાવાર જાહેરાત કરી છે.

પોલીસ ફોર્સના જણાવ્યા અનુસાર, આ રિમોટલી-પાયલોટેડ ડ્રોન કોઈપણ કટોકટીના સ્થળે માત્ર 60 સેકન્ડની અંદર પહોંચી શકે છે. આ ડ્રોન પોલીસ અધિકારીઓ સ્થળ પર પહોંચે તે પહેલાં જ વાસ્તવિક સમયની પરિસ્થિતિનું લાઈવ ફૂટેજ અને માહિતી કંટ્રોલ રૂમ તેમજ ફિલ્ડ ઓફિસર્સને પૂરી પાડશે. આનાથી અધિકારીઓ જોખમોનું વહેલું મૂલ્યાંકન કરી શકશે અને સુરક્ષિત રીતે ઓપરેશન પાર પાડી શકશે.

સમગ્ર પ્રદેશમાં સતત દેખરેખ અને ઓવરલેપિંગ કવરેજ મળે તે માટે વ્યૂહાત્મક સ્થાનો પર 'ડ્રોન ડોક સાઈટ્સ' તૈયાર કરવામાં આવી છે. આમાંના ઘણા લોન્ચ સ્થાનો કાર્યરત થઈ ગયા છે અને ટૂંક સમયમાં વધારાની સાઈટ્સ પણ શરૂ કરવામાં આવશે. ભૂતકાળમાં ડ્રોને જીવ બચાવ્યા છે. ગત જૂન મહિનામાં ક્વિબેકની એક ૩ વર્ષની માસૂમ બાળકી ગુમ થઈ હતી, જેને ઓન્ટારિયો પોલીસના ડ્રોને ૪ દિવસ બાદ હાઈવે નજીક એક ખાડામાંથી સુરક્ષિત શોધી કાઢી હતી. જ્યારે સપ્ટેમ્બર 2024માં વાનકુવરમાં એક કરપીણ હત્યાના શંકાસ્પદ આરોપી બ્રેન્ડન મેકબ્રાઈડને પકડવા માટે પણ ડ્રોને મુખ્ય ભૂમિકા ભજવી હતી.

### નાગરિકોની ગોપનીયતા સંપૂર્ણ રીતે જળવાશે

ડરહામ પોલીસે સ્પષ્ટતા કરી છે કે, આ ડ્રોનનો ઉપયોગ સામાન્ય દેખરેખ માટે કરવામાં આવશે નહીં. આ પ્રોજેક્ટમાં તમામ સંઘીય ગોપનીયતા કાયદાઓનું પાલન કરવામાં આવ્યું છે અને તેમાં 'ફેસિયલ રેકગ્નિશન' (ચહેરાની ઓળખ) જેવી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો નથી, જેથી નાગરિકોની પ્રાઈવસી જળવાઈ રહે.

# કેનેડામાં ભૂતકાળમાં થયેલી હિંસામાં ભારતની કોઈ ભૂમિકા નહીં, મોડે મોડે સત્તાવાર જાહેરાત

**ઓન્ટેરિયો, નવી દિલ્હી**

કેનેડા અને ભારત વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા રાજદ્વારી તણાવમાં એક મહત્વપૂર્ણ વળાંક આવ્યો છે. કેનેડાની નવી સરકારે સત્તાવાર રીતે સ્વીકાર્યું છે કે કેનેડાની ધરતી પર થતી હિંસક પ્રવૃત્તિઓમાં હવે ભારતની કોઈ સંડોવણી નથી. આ નિવેદન કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીની ભારત મુલાકાત પહેલા આવ્યું છે, જે બંને દેશો વચ્ચેના સુધરતા સંબંધોનો સંકેત આપે છે. કેનેડાના વરિષ્ઠ સરકારી અધિકારીઓએ પ્રેસ બ્રીફિંગ દરમિયાન જણાવ્યું હતું કે, તેઓને વિશ્વાસ છે કે કેનેડામાં થઈ રહેલી હિંસા કે વિદેશી હસ્તક્ષેપમાં ભારત સરકારના એજન્ટોની કોઈ ભૂમિકા નથી. ભારત સરકારે શરૂઆતથી જ જસ્ટિન ટ્રુડો સરકારના આરોપોને "પાયાવિહોણા" અને "રાજકીય પ્રેરિત" ગણાવીને ફગાવી દીધા હતા. ભારતે હંમેશા ભારપૂર્વક કહ્યું છે કે કેનેડાએ પુરાવા આપવાને બદલે માત્ર આરોપો જ લગાવ્યા છે. બંને દેશોના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારો (NSAs) વચ્ચેની સતત ચર્ચા અને રાજદ્વારી પ્રયાસોને કારણે આ ગેરસમજ દૂર થઈ છે. હવે બંને દેશો સંગઠિત અપરાધ અને આતંકવાદ સામે લડવા માટે એકબીજાને સહકાર આપી રહ્યા છે.

SHIV FINANCIAL SERVICES
Serving Community Since 2009
"Proper Insurance Coverage is Peace of Mind"
Super Visa Insurance
&
Visitor to Canada Medical Insurance
CALL FOR FREE QUOTE
- Monthly / Annual Plans Available
- Partial Refund if Parents Leave Early
- Full Refund if No Visa Issued
- Upto 45% Discount Available



JAGDISHBHAI SEVAK
Insurance Broker
647-236-7620
sevak_2007@hotmail.com • www.shivfinancialservices.ca

# ટોરોન્ટોમાં નવા ઘરોની લેવાલીમાં ૮૦ ટકાનો કડાકો

## જાન્યુઆરીમાં માત્ર ૨૬૯ યુનિટનું વેચાણ; આર્થિક અસરોથી બચવા અને ગ્રાહકોનો વિશ્વાસ જીતવા અસરકારક પગલાંની તાતી જરૂર

**ટોરોન્ટો**

એક નવા અહેવાલમાં જણાવાયું છે કે, રેકોર્ડ ઊંચા સ્તરની ઈન્વેન્ટરી હોવા છતાં ટોરોન્ટો વિસ્તારમાં ફક્ત ૨૬૯ નવા ઘરો વેચાયા છે. બિલ્ડિંગ ઈન્ડસ્ટ્રી એન્ડ લેન્ડ ડેવલપમેન્ટ એસોસિએશન (BILD)ના અલ્ટસ ગ્રુપ દ્વારા સંકલિત ડેટા દર્શાવે છે કે, જાન્યુઆરીમાં નવા ઘરોનું વેચાણ ગયા જાન્યુઆરી કરતા ૩૬ ટકા ઓછું હતું અને ૧૦ વર્ષની સરેરાશ કરતા ૮૦ ટકા ઓછું છે.

BILD- GTA હોમબિલ્ડિંગ, રહેણાંક અને બિન-રહેણાંક જમીન વિકાસ અને વ્યાવસાયિક નવીનીકરણ ઉદ્યોગો માટે એક હિમાયતી જૂથે મંગળવારે જણાવ્યું હતું કે, ઐતિહાસિક રીતે ગ્રેટર ટોરોન્ટો એરિયા (GTA) માં સામાન્ય જાન્યુઆરીમાં નવા ઘરોનું વેચાણ ૧,૩૩૯ યુનિટ હશે.

BILDના ચીફ ઓપરેટિંગ ઓફિસર જસ્ટિન શેરવુડે એક સમાચાર પ્રકાશનમાં જણાવ્યું હતું કે, આ આંકડાઓને ફેરવવા માટે ખરીદદારોને બાજુ પર ખસેડવા માટે ગ્રાહક વિશ્વાસને ટેકો આપવા માટે પગલાં લેવાની જરૂર છે. આપણે ઘરોનું રેકોર્ડ-નીચું વેચાણ જોવાનું ચાલુ રાખીશું અને આનાથી સમગ્ર પ્રદેશમાં નોંધપાત્ર રોજગાર અને આર્થિક અસરો થશે. ભવિષ્યમાં શરૂઆત અને પુરવઠાને નુકસાન થશે.

અહેવાલમાં જાણવા મળ્યું છે કે, જાન્યુઆરીમાં GTAમાં વેચાયેલા ૮૫ યુનિટમાં ઓછી, મધ્યમ અને ઊંચી ઈમારતો અને સ્ટેક્ડ ટાઉનહાઉસ સહિત કોન્ડોમિનિયમનો હિસ્સો હતો. GTAમાં ૧૮૪ સિંગલ-ફેમિલી હોમ વેચાણ થયા હતા. GTAમાં બાકી રહેલા કુલ નવા ઘરના ઈન્વેન્ટરીમાં પાછલા મહિનાની સરખામણીમાં થોડો ફેરફાર થયો છે, તેમાં ૧૪,૭૩૧ કોન્ડોમિનિયમ એપાર્ટમેન્ટ યુનિટ અને ૫,૮૨૬ સિંગલ-ફેમિલી રહેઠાણોનો સમાવેશ થાય છે.

અહેવાલ પ્રમાણા આ આંકડા છેલ્લાં ૧૨ મહિનાના સરેરાશ વેચાણના આધારે ૨૬ મહિનાના સંયુક્ત ઈન્વેન્ટરી સ્તરનું પ્રતિનિધિત્વ કરે છે, જે અત્યાર સુધીનો સૌથી વધુ ઈન્વેન્ટરી સ્તર છે. ઓન્ટેરિયોના ગૃહનિર્માણ ઉદ્યોગે જાન્યુઆરીમાં જીવનના સંકેતો દર્શાવ્યા હતા, બાંધકામ પહેલાના વેચાણમાં વર્ષોના સતત ઘટાડા પછી આખરે ગૃહનિર્માણ શરૂ થયું હતું. કેનેડા મોરગેજ અને હાઉસિંગ કોર્પોરેશન દ્વારા બહાર પાડવામાં આવેલા ડેટા દર્શાવે છે કે, ઓન્ટેરિયોમાં જાન્યુઆરી ૨૦૨૬ માટે નવા ગૃહનિર્માણ શરૂ થવામાં ૨૦૨૫ના સમાન સમયગાળાની તુલનામાં ૧૨ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. ડેટા એ પણ દર્શાવે છે કે, સમગ્ર પ્રાંતમાં ૫૫૦ સિંગલ-ડિટેચ્ડ ઘરોએ બાંધકામ શરૂ કર્યું હતું. આ એક સંકેત છે કે ઘરોના ચાલુ ઓવરસપ્લાય, ઓછી માંગ સાથે, સ્ટેન્ડ-અલોન ઘરોમાં મંદી તરફ દોરી ગઈ છે. ઘણા એકમો બહુ-રહેણાંક વિકાસ હતા, જેમાં મોટાભાગના ભાડાના હતા. કુલ ૩,૯૦૫ નવા ઘરો બહુ-યુનિટ ઈમારતોમાં હતા. તે એકમોમાંથી, ૨,૨૦૦ ભાડાના હતા અને ૧,૧૫૮ કોન્ડો હતા.

# મેક્સિકોમાં કાર્ટેલ હિંસાનો ખૌફ, ફ્લાઇટ્સ અચાનક રદ થતાં ૨૬ હજાર કેનેડિયનો ફસાયા

## વિદેશ મંત્રી અનિતા આનંદે લશ્કરી ફ્લાઇટ્સની શક્યતા નકારી

**ઓન્ટેરિયો**

પ્યુઅર્ટો વલ્લર્ટાના લોકપ્રિય પ્રવાસન ક્ષેત્ર પર કાર્ટેલ હિંસાને કારણે મેક્સિકોમાં હાલમાં ૨૬,૦૦૦થી વધુ કેનેડિયનો ફસાયા હોવાના અહેવાલો છે. જો કે, આ કેનેડિયનોને બહાર નીકળવામાં મદદ કરવા માટે લશ્કરી અથવા કોન્સ્યુલર ફ્લાઈટ્સની કોઈ યોજના નથી, એમ વિદેશ મંત્રી અનિતા આનંદે જણાવ્યું હતું.

આનંદે કહ્યું હતું કે ફેડરલ સરકાર "સહાય" કરવાની યોજનાઓ પર કામ કરી રહી છે, પરંતુ વધુ વિગતો શેર કરી ન હતી અને કહ્યું હતું કે મેક્સિકન અધિકારીઓએ તેમને કહ્યું છે કે તેઓ પરિસ્થિતિ "સામાન્ય થવાની" અપેક્ષા રાખે છે.

હું મારા મેક્સિકન સમકક્ષ સાથે સંપર્કમાં છું, જે આગામી દિવસોમાં પરિસ્થિતિ સામાન્ય થવાની અપેક્ષા રાખે છે. અમારા રાજદૂત અને કોન્સ્યુલર સ્ટાફ તેમના સમકક્ષો સાથે કામ કરી રહ્યા છે, જેથી ખાતરી કરી શકાય કે કેનેડિયનો સુરક્ષિત રહે. સોમવારે સવારે ૭ વાગ્યા સુધીમાં મેક્સિકોમાં ૨૬,૩૦૫ કેનેડિયનોએ ગ્લોબલ અફેર્સ કેનેડામાં નોંધણી કરાવી હતી. આ સંખ્યા ૨૪ કલાક પહેલાની સરખામણીમાં લગભગ ૮,૦૦૦નો વધારો છે, જે મેક્સિકોના જાલિસ્કો રાજ્યમાં કાર્ટેલ હિંસા વધતાં "હજારોમાં" GAC સાથે નોંધણી કરાવતા કેનેડિયનોનો સંકેત આપે છે. નોંધણી સ્વૈચ્છિક હોવાથી મેક્સિકોમાં કેનેડિયનોની વાસ્તવિક સંખ્યા વધુ હોવાની અપેક્ષા છે. GACએ જાલિસ્કો સહિત અનેક મેક્સિકન રાજ્યોમાં સુરક્ષા ઘટનાઓની ચેતવણી આપી છે, જ્યાં પ્યુર્ટો વલ્લર્ટા અને ગુઆડાલજારા સ્થિત છે. એર કેનેડાએ જણાવ્યું હતું કે, તેણે



પ્યુઅર્ટો વલ્લર્ટાને ત્રણ કેનેડિયન સ્થળો, ટોરોન્ટો, મોન્ટ્રીયલ અને વાનકુવર સાથે જોડતી છ ફ્લાઈટ્સ રદ કરી છે. આમાં પ્યુઅર્ટો વલ્લર્ટા જતી ત્રણ અને ત્યાંથી આવતી ત્રણ ફ્લાઈટ્સનો સમાવેશ થાય છે, જેનાથી દરેક રસ્તે ૫૦૦થી ઓછા મુસાફરો પ્રભાવિત થાય છે.

એર કેનેડાએ એક નિવેદનમાં વધુમાં જણાવ્યું હતું કે, અમે પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છીએ અને અમારા ગ્રાહકોને સુરક્ષિત રીતે પાછા લાવવા માટે કામ કરી રહ્યા છીએ. અમે શક્ય તેટલી વહેલી તકે વધુ માહિતી શેર કરીશું.

વેસ્ટજેટે જણાવ્યું હતું કે તેણે પ્યુઅર્ટો વલ્લર્ટા જતી સાત ફ્લાઈટ્સ ડાયવર્ટ કરી છે અને પ્યુઅર્ટો વલ્લર્ટા, ગુઆડાલજારા અને માન્ઝાનીલો જતી ૨૪ વધારાની ફ્લાઈટ્સ રદ કરી છે, જ્યારે પોર્ટરે કહ્યું હતું કે તેણે ઓટ્ટાવા અને ટોરોન્ટોથી બે રાઉન્ડ-ટ્રીપ ફ્લાઈટ્સ રદ કરી છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે જણાવ્યું હતું કે તેનું દૂતાવાસ એરલાઈન્સ સાથે તેમની યોજનાઓનું નિરીક્ષણ કરવા માટે નજીકના સંપર્કમાં છે.

# પાકિસ્તાનમાં સોશિયલ મીડિયા પોસ્ટ મુદ્દે કેનેડિયન વિદ્યાર્થીને જેલહવાલે કરી દેવાયો

**ટોરોન્ટો**

કેનેડિયન યુનિવર્સિટી ઓફ ટોરોન્ટોના પીએચડી વિદ્યાર્થીની પાકિસ્તાનમાં તેના નિબંધ માટે સંશોધન કરતી વખતે ધરપકડ કરવામાં આવી હતી. જે બાદ તેનો પરિવાર ચિંતિત છે. કેનેડિયન-પાકિસ્તાની બેવડી નાગરિકતા ધરાવતા હમઝા અહેમદ ખાન ડિસેમ્બરમાં લાહોરમાં મુસ્લિમ બહુમતી ધરાવતા સમાજોમાં લોકશાહી પ્રોત્સાહનની રાજનીતિ ઉપર નિષ્ણાતોનો ઈન્ટરવ્યુ લેવા માટે પાકિસ્તાન ગયા હતા, જ્યાં તે એક મિત્ર સાથે ઈસ્લામાબાદમાં રહ્યા હતા. તેઓ પરિવાર સાથે રમઝાન વિતાવવા માટે ગુરુવારે સવારે કરાચી પહોંચવાની તૈયારીમાં હતો. પરંતુ તેઓ ત્યાં પહોંચ્યા ન હતા. દરમિયાન પરિવારને રવિવારે એક પાકિસ્તાની પત્રકાર પાસેથી જાણવા મળ્યું કે અહેમદ ખાનને દેશની રાષ્ટ્રીય સાયબર ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NCCIA) દ્વારા કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. હવે, તેઓ જેલમાં છે. NCCIAના સત્તાવાર અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે, અહેમદ ખાન શનિવારથી તેમની કસ્ટડીમાં છે. કારણ કે, નિયમિત સાયબર પેટ્રોલિંગ દરમિયાન તેને જાણવા મળ્યું કે, તેના X અને Instagram એકાઉન્ટ્સ "રાજ્ય સંસ્થાઓને લક્ષ્ય બનાવતી ખોટી માહિતી ફેલાવી રહ્યા હતા.આ પોસ્ટ્સનું સ્વરૂપ ઉશ્કેરણીજનક છે અને જાહેર અશાંતિ ઉશ્કેરવા, દુશ્મનાવટ ફેલાવવા અને સામાજિક વ્યવસ્થાને નબળી પાડવા માટે રચાયેલ હોય તેવું લાગે છે.







તંત્રી સ્થાનેથી

# રંગીલા રાજકુમાર એન્ડ્રુની કરતૂતોથી શાહી પરિવારની આબરૂના ધજાગરા

એપ્સ્ટિન ફાઈલ્સ દ્વારા અત્યાર સુધીમાં માલેતુજારો, વગદારો અને રાજકીય નેતાઓની કાળી કરતૂતનો પર્દાફાશ થયો છે. અત્યાર સુધી આ ફાઈલ્સમાં ડોનાલ્ડ ટ્રમ્પ, બિલ ક્લિન્ટન, માઈક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટ્સ, એલોન મસ્ક, હોલીવુડના જાણીતા કલાકારો,



તંત્રી - સ્વદેશ

ડેવિડ કોપરફિલ્ડ, પૂર્વ બ્રિટિશ રાજદ્વારી અને મંત્રી પીટર મેન્ડેલસન, ભારતના વડાપ્રધાન મોદી સહિતના દિગ્ગજો સામેલ છે. જોકે, આ ફાઈલોમાં સામેલ મોટાભાગના લોકોએ કોઈ પણ પ્રકારના ખોટા કામમાં સામેલ હોવાનો ઈનકાર કર્યો છે. આ ફાઈલ્સમાં કોઈ સૌથી મોટો શિકાર કરવામાં આવ્યો હોય તો તે બ્રિટનના કિંગ ચાર્લ્સના ભાઈ એન્ડ્રુ માઉન્ટબેટન વિન્ડસર છે. જેફરી એપ્સ્ટિનની જાળમાં ફસાયા બાદ જાહેર હોદ્દાના દુરુપયોગની શંકાના આધારે એન્ડ્રુ માઉન્ટબેટન વિન્ડસરની ગત સપ્તાહે ધરપકડ થઈ હતી.

હવે તેમને તપાસ હેઠળ મુક્ત કરવામાં આવ્યા છે. પોલીસે અગાઉ કહ્યું હતું કે તેઓ દોષિત જાતીય ગુનેગાર જેફરી એપસ્ટેઈન સાથેના તેના સંબંધો અંગેના આરોપોના સંદર્ભમાં એન્ડ્રુની તપાસ કરવાનું વિચારી રહ્યા છે. પોલીસ એવા આરોપોની સમીક્ષા કરી રહી છે, જેમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે, એન્ડ્રુ માઉન્ટબેટન વિન્ડસર દ્વારા બ્રિટનની સરકારને લગતી ગુપ્ત સામગ્રી જેફરી એપ્સ્ટિન સાથે શેર કરવામાં આવી હતી. આ પહેલી વાર હતું જ્યારે બ્રિટનના કોઈ ભૂતપૂર્વ રાજકુમારની ધરપકડ કરાઈ હતી. દોષિત જાતીય ગુનેગાર જેફરી એપ્સ્ટેઈન સાથેના તેમના સંબંધો અંગે તેમના પર અનેક આરોપો છે. એપ્સ્ટિન ફાઈલ્સમાં તેમનું નામ બહાર આવતાં વિવાદને કારણે ગયા વર્ષે તેમણે પ્રિન્સનું બિરુદ ગુમાવ્યું હતું અને તેમને વિન્ડસર કેસલ ખાતે રોયલ લોજ છોડવાની ફરજ પડી હતી.


એન્ડ્રુ માઉન્ટબેટન વિન્ડસર બ્રિટનના રાજા ચાર્લ્સના ભાઈ છે. દોષિત જાતીય અપરાધી જેફરી એપ્સ્ટેઈન સાથેના તેના સંબંધોની અઠવાડિયાની સઘન તપાસ બાદ તેને પકડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. બકિંગહામ પેલેસે તેમના વિશે કહ્યું છે કે હવે રાજાના ભાઈ એન્ડ્રુ માઉન્ટબેટન-વિન્ડસર તરીકે ઓળખાશે. તેમના અંગત જીવન વિશેના પ્રશ્નોના જવાબમાં એન્ડ્રુએ ડ્યુક ઓફ યોર્ક સહિત તેમની અન્ય શાહી પદવીઓનો પણ ત્યાગ કર્યો હતો. કિંગ ચાર્લ્સે એન્ડ્રુની ધરપકડ પર કહ્યું કે કાયદાને તેનું કામ કરવા દેવું જોઈએ. આ મામલાની તપાસ સંપૂર્ણ, ન્યાયી અને વાજબી પ્રક્રિયા હેઠળ કરવામાં આવશે અને યોગ્ય અધિકારીઓ દ્વારા યોગ્ય રીતે તેનો ઉકેલ લાવવામાં આવશે. આ પ્રક્રિયામાં તેમને અમારો સંપૂર્ણ અને નિઃસ્વાર્થ ટેકો અને સહયોગ મળતો રહેશે.

બ્રિટનનાં સ્વર્ગસ્થ રાણી એલિઝાબેથ IIના પ્રિય પુત્ર રહેલા ભૂતપૂર્વ પ્રિન્સ એન્ડ્રુ લાંબા સમયથી બ્રિટિશ શાહી પરિવાર માટે માથાનો દુખાવો રહ્યા છે. એન્ડ્રુનો જન્મ ૧૯૬૦માં રાજકુમાર તરીકે થયો હતો. તેઓ રાણી અને તેમના પતિ પ્રિન્સ ફિલિપનું બીજું સંતાન છે. જ્યારે તેમના મોટા ભાઈ પ્રિન્સ ચાર્લ્સ રાજગાદીના વારસ બન્યા ત્યારે એન્ડ્રુએ શાહી માર્ગ તરીકે લશ્કરી સેવા પસંદ કરી હતી. નૌકાદળમાં હતા ત્યારે, તેમણે ૧૯૮૨ના ફોકલેન્ડ યુદ્ધ દરમિયાન હેલિકોપ્ટર પાઈલટ તરીકે લડાઈ મિશનમાં પણ ભાગ લીધો હતો. રોયલ નેવીમાં ૨૨ વર્ષ રહ્યા પછી એન્ડ્રુને ૨૦૦૧માં આંતરરાષ્ટ્રીય વેપાર અને રોકાણ માટે બ્રિટનના ખાસ પ્રતિનિધિ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. વર્તમાન પોલીસ તપાસ તે સમયગાળા સાથે સંબંધિત છે.

૨૦૦૮માં એપ્સ્ટેઈનને એક સગીરને વેશ્યાવૃત્તિમાં ધકેલી દેવાના આરોપમાં દોષિત ઠેરવવામાં આવ્યા બાદ ૧૮ મહિનાની જેલની સજા ફટકારવામાં આવી હતી. ૨૦૧૯માં એપ્સ્ટેઈનની ફરીથી ધરપકડ થયા બાદ એન્ડ્રુએ એક ખૂબ જ અયોગ્ય ઈન્ટરવ્યુ આપ્યો હતો, જેમાં તેણે એપ્સ્ટેઈન સાથેના પોતાના સંપર્કોને ન્યાયી ઠેરવવાનો પ્રયાસ કર્યો હતો. તે સમયે તેની વ્યાપક ટીકા થઈ હતી.

પ્રિન્સ એન્ડ્રુના રોમેન્ટિક જીવન અને તેમના કેટલા અફેર હતા, તેની કોઈ ચોક્કસ અને સત્તાવાર ગણતરી નથી. તેઓ અભિનેત્રીઓથી લઈને મોડેલ, મિસ બ્યુટી અને પ્લેબોય મોડેલ સુધીની ડઝનબંધ મહિલાઓ સાથે જોડાયેલા છે અથવા તેમના અફેર રહ્યા છે. વન-નાઈટ સ્ટેન્ડની સંખ્યા ઘણી વધારે છે. ૧૯૮૬માં તેમણે સારાહ ફર્ગ્યુસન સાથે લગ્ન કર્યા, જે એક સામાન્ય નાગરિક હતી. તેમને બે પુત્રીઓ હતી. આ લગ્ન લાંબા સમય સુધી ટકી શક્યા નહીં. ૧૯૯૨માં લગ્નજીવનમાં તિરાડો પડવાનું શરૂ થયું. ૧૯૯૬માં તેમના છૂટાછેડા થયા હતા. જે બાદ પણ મહિલાઓ સાથે એન્ડ્રુના સંબંધોની અફવાઓ ચાલુ રહી હતી. ઓગસ્ટ ૨૦૨૧માં એપ્સ્ટેઈનના ગુનાઓનો ભોગ બનેલી વર્જિનિયા ગિફ્રેએ ન્યૂ યોર્કની કોર્ટમાં એન્ડ્રુ વિરુદ્ધ દાવો દાખલ કર્યો હતો, જેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે રાજકુમારે જ્યારે તે સગીર હતી ત્યારે તેની સાથે સેક્સ કર્યું હતું. જો કે, એન્ડ્રુએ આ આરોપોને નકારી કાઢ્યા હતા, પરંતુ તેમને તમામ લશ્કરી જોડાણો અને શાહી પરિવારની ચેરિટીમાંથી દૂર કરાયા હતા.

તેમણે નાણાંકીય ચુકવણી સાથે કેસનો ઉકેલ લાવ્યો હતો. જો કે એન્ડ્રુએ પોતાનો ગુનો કબૂલ કર્યો ન હતો, પરંતુ તેણે સેક્સ ટ્રાફિકિંગનો ભોગ બનેલી ગિફ્રેના દુઃખને સ્વીકાર્યું હતું. ગિફ્રેએ એપ્રિલ ૨૦૨૫માં ૪૧ વર્ષની ઉંમરે આત્મહત્યા કરી હતી. વાર્તા ત્યાં જ સમાપ્ત થઈ નહીં. 2025માં ઈમેલના ખુલાસા બાદ રાજા ચાર્લ્સ ત્રીજાએ તેમના ભાઈ પાસેથી તેમની શાહી પદવી અને વિન્ડસરમાં તેમનું ઘર રોયલ લોજ છીનવી લીધું હતું. આ ઈમેઈલથી જાણવા મળ્યું કે, એન્ડ્રુએ અગાઉ દાવો કર્યો હતો, તેના કરતાં ઘણા લાંબા સમયથી તેઓ એપ્સ્ટિનના સંપર્કમાં હતા. બ્રિટિશ રાજવી પરિવાર ભૂતકાળમાં અનેક કૌભાંડો અને આરોપોમાં ફસાયેલો રહ્યો છે. રિચાર્ડ ત્રીજા (૧૪૮૩) પર તેમના ભત્રીજાઓના ગુમ થવાનો આરોપ હતો. જેમ્સ II (૧૬૮૮) ને સત્તા પરથી દૂર કરાયા હતા. એડવર્ડ આઠમા (૧૯૩૬) ઉપર નાઝી જર્મની પ્રત્યે સહાનુભૂતિ રાખવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ૧૯૯૦માં મીડિયાએ પ્રિન્સેસ ડાયેના તથા રાજવી પરિવારના અંગત વિવાદો પર ખુલ્લેઆમ અહેવાલ આપવાનું શરૂ કર્યું હતું. આ કેસોમાં ભાગ્યે જ સીધી ધરપકડ કે ફોજદારી કાર્યવાહી થતી હતી. પહેલાં મીડિયા રાજવી પરિવારની ખાનગી બાબતોને છુપાવતું હતું. આજનો સમય અલગ છે. હવે સોશ્યલ મીડિયાને કારણ કશું છુપુ રાખવું અત્યંત મુશ્કેલ છે. કેટલાક નિષ્ણાતોના મતે આ વિવાદથી રાજાશાહી તાત્કાલિક સમાપ્ત થવાની શક્યતા નથી, કારણ કે એન્ડ્રુ હવે રાજા નથી અને બ્રિટનમાં રાજાની ભૂમિકા હવે નામ પુરતી રહી છે. પરંતુ એન્ડ્રુની કરતુત સાચી સાબિત થાય તો શાહી પરિવારની ઈજ્જતને નિશ્ચિત ધક્કો લાગશે. રાજાશાહીની પ્રતિષ્ઠાને નુકસાન થઈ શકે છે અને શાહી પરિવારને વધુ પારદર્શક બનવાની ફરજ પડી શકે છે.



manoj1968@yahoo. ca






# કેનેડા મોકલવાને નામે માણસાના ખેડૂત સાથે 48 લાખની ઠગાઈ

### મુખ્ય આરોપીઓ પૈકીનો એક દુબઈ ભાગી ગયો, પહેલા વર્ક પરમિટ અને પછી નોકરી પછી તેવો આરોપીએ વિશ્વાસ અપાવ્યો હતો

**ગાંધીનગર**

ગુજરાતીઓની વિદેશ જવાની ઘેલછા સમગ્ર વિશ્વમાં જાણીતી છે. વિઝા ન મેળવી શકતા લોકો ગેરકાયદેસર ઘૂસણખોરી કરતા હોય છે. ગાંધીનગરના એક ખેડૂતને કેનેડાના વિઝાના નામે રૂ.48 લાખનો ચૂનો લાગ્યો હતો.

ગાંધીનગર જિલ્લાના માણસાના એક 32 વર્ષીય ખેડૂતે સીઆઈડી ક્રાઈમમાં તેની પત્નીને કેનેડામાં પરમેનન્ટ રેસિડન્સી અપાવવાના બહાને તેની સાથે રૂ.48.02 લાખની છેતરપિંડી કરવામાં આવી હોવાની ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદમાં ગાંધીનગરના સેક્ટર-16 માં કાર્યરત એક વિઝા કન્સલ્ટન્સી અને તેના સહયોગીઓ સામે છેતરપિંડી, વિશ્વાસઘાત અને ગુનાહિત કાવતરાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. પત્નીને પહેલા વર્ક પરમિટ મળશે અને એક વર્ષની નોકરી પછી તેને પીઆર (PR) મળી જશે તેવો આરોપીએ વિશ્વાસ અપાવ્યો હતો. 12 નવેમ્બર, 2022 ના રોજ આ અંગેના એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. તેણે આક્ષેપ કર્યો હતો કે તેણે ચેક દ્વારા રૂ.10 લાખ ચૂકવ્યા હતા, ત્યારબાદ RTGS દ્વારા રૂ.5 લાખ ટ્રાન્સફર કર્યા હતા અને કલોલની એક ઓફિસમાં મધ્યસ્થીઓ દ્વારા રૂ.28 લાખ રોકડા ચૂકવ્યા હતા. તેણે પ્રોસેસિંગ અને ડોક્યુમેન્ટેશન પાછળ રૂ.1 લાખ ખર્ચ્યા હોવાનો પણ દાવો કર્યો હતો. તેણે જણાવ્યું કે તેની પત્નીએ અમદાવાદમાં મેડિકલ ટેસ્ટ કરાવ્યા હતા અને સૂચના મુજબ દસ્તાવેજો સબમિટ કર્યા હતા. ત્યારબાદ તેને કહેવામાં આવ્યું કે LMIA લેટર અને પાસપોર્ટ રિક્વેસ્ટ ઈશ્યૂ કરવામાં આવી છે. ઓક્ટોબર 2023 માં, અમદાવાદમાં વિઝા એપ્લિકેશન સેન્ટર પર વર્ક વિઝા સ્ટેમ્પ મેળવ્યા પછી તેની પત્ની ટોરોન્ટો જવા રવાના થઈ હતી.

ફરિયાદમાં આક્ષેપ કરાયો કે ત્યાં પહોંચતા જ કેનેડિયન ઇમિગ્રેશન સત્તાવાળાઓએ જણાવ્યું કે LMIA માં જે કંપનીનું નામ છે તેણે કોઈ જોબ ઓફર આપી નથી. તેમણે વર્ક લેટરને અમાન્ય ગણાવ્યો અને તેની પત્નીને ટોરેન્ટોથી ભારત પરત ફરવા અથવા શરણાર્થી સ્ટેટસ માટે અરજી કરવા જણાવ્યું હતું. તેની પત્ની 29 ઓક્ટોબર, 2023 ના રોજ ભારત પરત ફરી હતી. ફરિયાદીએ આક્ષેપ કર્યો હતો કે તેણે હવાઈ ભાડું, કાનૂની સલાહ અને કેનેડામાં મિસીસૌગાના એક વકીલને ચૂકવેલા 2,000 કેનેડિયન ડોલર સહિત વધારાના રૂ.4.02 લાખ ખર્ચ્યા હતા. તેણે વધુમાં આક્ષેપ કર્યો હતો કે ડિસેમ્બર 2023 સુધીમાં કન્સલ્ટન્સીની ઓફિસ બંધ થઈ ગઈ હતી અને ફોન સ્વિચ ઓફ હતા. મુખ્ય આરોપીઓ પૈકીનો એક દુબઈ ભાગી ગયો હતો. જોકે તેઓએ તેને ખાતરી આપી હતી કે તેઓ તેની પત્નીને ફરીથી મોકલશે અથવા પૈસા પાછા આપશે, પરંતુ તેણે આક્ષેપ કર્યો હતો કે કોઈ રિફંડ આપવામાં આવ્યું નથી. ફરિયાદમાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે આરોપીઓએ એકબીજા સાથે મળીને, કેનેડા પીઆર પ્રક્રિયાના ખોટા આશ્વાસનો આપીને છેતરપિંડીથી અમારી પાસેથી પૈસા પડાવ્યા છે.

## વેડ ઇન ગુજરાત : હવે મહાત્મા મંદિર બનશે આઇકોનિક વેડિંગ ડેસ્ટિનેશન

### 34 એકરમાં ફેલાયેલા કન્વેન્શન સેન્ટરમાં 1 હજાર બેઠક

**અમદાવાદ**

ગાંધીનગરમાં આવેલા મહાત્મા મંદિર કન્વેન્શન સેન્ટર અત્યાર સુધી અનેક સમિટનું સાક્ષી રહ્યું છે. પરંતુ ટૂંક સમયમાં અહીં લગ્ન, ધાર્મિક મેળાવડા તથા અન્ય સામાજિક કાર્યક્રમો પણ યોજાશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, આ મેગા કન્વેન્શન સેન્ટરને આઈકોનિક વેડિંગ ડેસ્ટિનેશન તરીકે પણ પ્રમોટ કરવામાં આવશે.

આ સ્થળની ક્ષમતાનો મહત્તમ ઉપયોગ કરવા માટે સરકારે તેને લગ્ન અને ધાર્મિક પ્રસંગો માટે ભાડે આપવાનો નિર્ણય કર્યો છે. જે ગ્રુપ તેનું મેનેજમેન્ટ કરી રહ્યું છે તેને માર્કેટિંગ સ્ટ્રેટેજી તૈયાર કરવા માટે કહેવામાં આવ્યું છે. આ ઉપરાંત રાજ્ય સરકાર મહાત્મા મંદિરને વેડિંગ ડેસ્ટિનેશન તરીકે આક્રમક રીતે પ્રમોટ કરશે. સૂત્રોએ ઉમેર્યું કે, માહત્મા મંદિર એક ડેસ્ટિનેશન વેડિંગ માટે જરૂરી તમામ સુવિધાઓ પૂરી પાડે છે. મુખ્ય હોલની બેઠક ક્ષમતા 10000 છે તથા અન્ય હોલની કુલ ક્ષમતા પણ 10000 જેટલી છે. અહીં વિશાળ પાર્કિંગ સુવિધા છે.

## નડિયાદ કોર્ટનો ચુકાદો : સગીરા પર દુષ્કર્મ કરનાર હેરજના આરોપીને 20 વર્ષની સખત કેદની સજા

### રૂ. 25 હજારનો દંડ અને દંડ ન ભરે તો વધુ એક વર્ષની કેદની સજાનો હુકમ કરાયો

**નડિયાદ**

નડિયાદની ત્રીજી એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટે એક ગંભીર ગુનામાં ઐતિહાસિક ચુકાદો આપતા સગીરા પર દુષ્કર્મ આચરનાર મહુધા તાલુકાના હેરજ ગામના આરોપી સુનીલ મહેન્દ્રભાઈને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. તેમજ કુલ ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ અને જો દંડ ન ભરે તો વધુ એક વર્ષની કેદનો હુકમ કર્યો છે.

મહુધા તાલુકાના હેરજ ગામે રહેતા આરોપીએ તારીખ ૨૬-૦૪-૨૦૨૪ના રોજ એક ૧૭ વર્ષ અને ૩ માસની સગીરાને લગ્નની લાલચ આપી તેના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી ગયો હતો. ત્યારબાદ આરોપીએ સગીરાની મરજી વિરુદ્ધ તેની પર દુષ્કર્મ ગુજાર્યું હતું. આ મામલે મહુધા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ નડિયાદની સ્પેશિયલ પોક્સો કોર્ટમાં કેસ ચાલવા પર આવ્યો હતો. જેમાં સરકારી વકીલની દલીલો અને રજૂ કરાયેલા ૧૫થી વધુ દસ્તાવેજી પુરાવાઓ તેમજ ૧૨ સાક્ષીઓની જુબાનીને ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપીને તકસીરવાન ઠેરવ્યો હતો. અદાલતે આરોપી સુનીલ મહેન્દ્રભાઈને આઈપીસી કલમ ૩૬૩ અને ૩૬૬ હેઠળ ૫-૫ વર્ષની સજા અને પોકસો એક્ટની કલમ ૬ મુજબ ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. આ સાથે જ કોર્ટે આરોપીને કુલ ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ અને જો દંડ ન ભરે તો વધુ એક વર્ષની કેદનો હુકમ કર્યો છે.

## બરોડા ડેરીની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસના નેતાઓ વચ્ચે 'મીઠી સમજૂતી' હોવાની ચર્ચાઓ

### નસવાડી અને છોટાઉદેપુર બેઠક માટે હજુ કોઈ ઉમેદવાર મળ્યો નથી : કોંગ્રેસ પ્રમુખ

**છોટાઉદેપુર**

વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાની સંયુક્ત સંસ્થા એવી બરોડા ડેરીમાં છોટાઉદેપુર જિલ્લાની 5 બેઠકો ફાળે આવે છે. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે, જે બેઠકો પર ખરાખરીનો જંગ હોવો જોઈએ, ત્યાં ભાજપ અને કોંગ્રેસના નેતાઓ વચ્ચે 'મીઠી સમજૂતી' હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે.

બરોડા ડેરીમાં સૌથી વધુ દૂધ છોટાઉદેપુર જિલ્લો આપે છે, પરંતુ અહીંના રાજકીય સમીકરણો કંઈક અલગ જ છે. 4 બેઠકો પર નેતાઓને બિનહરીફ ચૂંટવા માટે ભાજપે જાણે લોખંડી તખ્તો ગોઠવી દીધો છે, જેમાં કોંગ્રેસના મૌન ટેકાની ગંધ આવી રહી છે. એકતરફ ભાજપ ચૂંટણી જીતવા માટે સામ-દામ-દંડ-ભેદ અપનાવે છે, ત્યારે બીજી તરફ જિલ્લા કોંગ્રેસ સમિતિએ કોઈ તૈયારી જ કરી નથી. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શશીકાંતભાઈને જ્યારે ઉમેદવારો વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે અસહાયતા વ્યક્ત કરતા કહ્યું કે, "નસવાડી અને છોટાઉદેપુર બેઠક માટે હજુ કોઈ ઉમેદવાર મળ્યો નથી." વધુમાં, માજી વિપક્ષી નેતા સુખરામભાઈ રાઠવાએ તો સાફ શબ્દોમાં કહી દીધું કે, "હું બરોડા ડેરીની ચૂંટણીમાં કોઈ મગજમારી કરતો નથી." નેતાઓનું આવું વલણ કાર્યકરોમાં હતાશા પેદા કરી રહ્યું છે. જાહેરમાં કોંગ્રેસના નેતાઓ ભાજપને કોસતા જોવા મળે છે, પરંતુ સહકારી ચૂંટણીઓમાં આ જ નેતાઓ ભાજપ સાથે 'ઈલુ ઈલુ' કરી લેતા હોય તેવું ચિત્ર ઉપસે છે.

## ગોરવામાં પોલીસ સ્ટેશનની બહાર પુત્ર સામે પિતાની હત્યા, સાળા-બનેવી ફરાર

**વડોદરા**

વડોદરા ગોરવા પોલીસ સ્ટેશનની બહાર ગઈ રાત્રે પુત્રની સામે પિતાની હત્યાનો કમ કમાટી ભર્યો બનાવ બનતા પોલીસે ફરાર થઈ ગયેલા સાળા-બનેવી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ગોરવા ગામમાં રહેતા અમીજી ઉર્ફે અબ્દુલભાઈ ઘાંચી (45 વર્ષ) ના પુત્ર આરીફ ઘાંચીએ પોલીસને કહ્યું છે કે, ગઈ રાત્રે દસેક વાગે મારા પિતા મારી પાસે આવ્યા હતા અને સોહિલ રાણાએ કોઈ કારણસર બોલાચાલી કરી બે લાફા માર્યા હોવાની વાત કરી હતી. જેથી મેં મારા પિતાને ઘેર જવા માટે કહ્યું હતું.

પરંતુ મારા પિતા ઘેર જવાને બદલે ગોરવા પોલીસ સ્ટેશન તરફ ગયા હતા. જેથી હું તમને પાછળ આવ્યો હતો. આ વખતે ગોરવા ગામના પ્રવેશ દ્વાર પાસે અને પોલીસ સ્ટેશનની બહાર સોહીલ અને તેનો બનેવી સંદીપ વાઘેલાએ મારા પિતાને રોક્યા હતા. સંદીપે કોઈ સાધન વડે મારા પિતાના માથામાં બે થી ત્રણ ફટકા મારતા તેઓ ઢળી પડ્યા હતા. આરીફે કહ્યું છે કે, મેં મારા પિતાને પંપિંગ કર્યું હતું પરંતુ તેમની બોડી કોઈ રિસ્પોન્સ કરતી ન હતી. 108 ને પણ બોલાવી હતી. પરંતુ તે દરમિયાન મારો મિત્ર આવી જતા અમે પિતાને દવાખાને લઈ ગયા હતા. જ્યાં ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા.

## વડોદરામાં પોલીસ-ભાજપના કોર્પોરેટર વચ્ચે જંગ : ટ્રાફિક મેમો ફાટતા મામલો બિચક્યો

### નડતરરૂપ પોલીસ ચોકી હટાવવા માટે પણ ઉચ્ચ સ્તરે રજૂઆત કરાશે

**વડોદરા**

વડોદરાના ઐતિહાસિક ચાર દરવાજા વિસ્તારમાં ટ્રાફિક પોલીસ અને ભાજપના ચૂંટાયેલા પ્રતિનિધિઓ વચ્ચેનો વિવાદ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. એક ભાજપના કાર્યકરને મળેલા ટ્રાફિક મેમોએ એવો વળાંક લીધો કે હવે ભાજપના કાર્યકર્તાઓ પોલીસની કામગીરી પર નજર રાખવા માટે રસ્તા પર ઉતરશે. બીજી તરફ સાથે જ નડતરરૂપ પોલીસ ચોકી હટાવવા માટે પણ ઉચ્ચ સ્તરે રજૂઆત કરવામાં આવશે. વડોદરાના વોર્ડ નં. 14માં ટ્રાફિક શિસ્ત અને રાજકીય દબાણ વચ્ચે ઘર્ષણ સર્જાયું છે. ઘટનાની શરૂઆત ત્યારે થઈ જ્યારે વોર્ડ મહામંત્રી પ્રતીક શાહે મુખ્ય માર્ગ પર પોતાનું વાહન પાર્ક કર્યું હતું. ટ્રાફિક પોલીસે નિયમ મુજબ ફોટો પાડી દંડનીય કાર્યવાહી કરતા જ વિવાદનો મધપૂડો છંછેડાયો હતો. આ મામલે સ્થાનિક કોર્પોરેટર સચિન પાટડીયા અને પૂર્વ કોર્પોરેટર મિનેશ શાહે પોલીસ ઈન્સ્પેક્ટર (PI) સમક્ષ ઉગ્ર રજૂઆત કરી. કોર્પોરેટરનો તર્ક હતો કે ગલીઓમાં જગ્યા ન હોવાથી રહીશો મુખ્ય માર્ગ પર વાહન પાર્ક કરે છે, તો દંડ કેમ? સામે પક્ષે PIએ સ્પષ્ટ કર્યું કે મુખ્ય માર્ગ પર પાર્કિંગ એ ટ્રાફિક નિયમનો ભંગ છે. આ ચર્ચાએ જોતજોતામાં ઉગ્ર રકઝકનું સ્વરૂપ ધારણ કરી લીધું હતું.

## દાહોદમાં રમતા-રમતાં કૂવામાં ખાબકતાં બે માસૂમ ભાઈ-બહેનના મોત, ગામમાં અરેરાટી

### કૂવાનું પાણી ખાલી થતા રોનક અને આરાધનાના મૃતદેહ બહાર કઢાયા હતા

**દાહોદ**

ગરબાડા તાલુકાના ઝરીબુઝર્ગ ગામમાં કાળજું કંપાવી દે તેવી ઘટના સામે આવી છે. ઘરની નજીક રમી રહેલા બે માસૂમ ભાઈ-બહેન અચાનક લાપતા થયા બાદ તેમના મૃતદેહ પાસેના જ એક ખુલ્લા કૂવામાંથી મળી આવતા સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે. તંત્રની બેદરકારી અને ખુલ્લા કૂવાઓએ બે નિર્દોષ જીવ હોમી લેતા ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી અનુસાર, ઝરીબુઝર્ગ ગામમાં રહેતા પરિવારના બે સંતાનો, પાંચ વર્ષીય રોનક અને ત્રણ વર્ષીય આરાધના સોમવાર સાંજથી ઘર આંગણે રમતા-રમતા અચાનક ગુમ થઈ ગયા હતા. પરિવારે આખી રાત આસપાસના વિસ્તારોમાં શોધખોળ કરી હતી, મંગળવાર સવારે ઘર નજીક આવેલા એક ખુલ્લા કૂવામાં બાળકોનો મૃતદેહ તરતો જોવા મળતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. ઘટનાની જાણ થતા જ ગરબાડા પોલીસ અને સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. કૂવામાં પાણી વધુ હોવાથી તાત્કાલિક મશીન મંગાવી પાણી ઉલેચવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. કૂવાનું પાણી ખાલી થતા જ રોનક અને આરાધના બંનેના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા.

# સુરતમાં એક જ પરિવારના ત્રણ સભ્યોનો સામૂહિક આપઘાત

## એક પુત્રનો બચાવ, સ્યુસાઈડ નોટ પણ મળી આવી, આરોપીએ મૃતકની ગાડી અને ક્રેડિટ કાર્ડ પણ બળજબરીથી પડાવી લીધા

**સુરત**

સુરતના વેસુની 'હેપી એલિગન્સ' બિલ્ડિંગમાં બાલમુકુન્દ નામના વ્યક્તિએ પત્ની અને બે માસૂમ દીકરીઓ સાથે ઝેરી દવા પીને જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો. આ કરુણ ઘટનામાં પરિવારના ત્રણ સભ્યોના મોત થયા છે. જેમાં બાલમુકુન્દ પોતે, તેની પત્ની તથા એક માસૂમ દીકરીના મોત નિપજ્યાં છે. જ્યારે એક પુત્રીનો બચાવ થયો છે.

ઘટના અંગે વિગતે મળતી માહિતી અનુસાર મુળ બિહારના રહેવાસી બાલમુકુન્દ (પતિ), તેમની પત્ની અને એક માસૂમ દીકરી (ઉંમર 5 થી 7 વર્ષ) ઝેરી દવા ગટગટાવીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જો કે આ સમગ્ર ઘટનામાં ત્રણ લોકોનાં મોત જ્યારે પરિવારની બીજી નાની દીકરીનો આબાદ બચાવ થયો છે.

મૃતક બાલમુકુન્દ મૂળ બિહારના વતની હતા અને છેલ્લા બે વર્ષથી સુરતમાં ઘરે બેઠા શેરબજારનું કામકાજ કરતા હતા. પરિવારે ખેતરમાં નાખવાની ઝેરી દવા પીને સામૂહિક આપઘાત કર્યો હતો. આ ઘટનાને પગલે ચકચાર મચી ગઈ હતી. ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

પોલીસને ઘટનાસ્થળેથી ત્રણ પાનાની સુસાઈડ નોટ મળી આવી છે, જેમાં આપઘાત પાછળના જવાબદાર કારણો અને વ્યક્તિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સુસાઈડ નોટમાં વૈભવ રુંગટા નામના શખ્સનું નામ સામે આવ્યું છે. આરોપી વૈભવ રુંગટા મૃતક બાલમુકુન્દને રૂપિયા માટે સતત ત્રાસ આપતો હોવાનો ઉલ્લેખ છે. આરોપીએ મૃતકની ગાડી અને ક્રેડિટ કાર્ડ પણ બળજબરીથી પડાવી લીધા હતા. આરોપીએ બાલમુકુન્દના ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને બિનજરૂરી શોપિંગ પણ કરી હતી, જેના કારણે પરિવાર પર આર્થિક બોજ વધી ગયો હતો.



# નસવાડીમાં 30 વર્ષીય દિવ્યાંગ યુવતીને જંગલમાં લઈ જઈ દુષ્કર્મ, હાલત નાજુક

## પરિવારજનો અને ગામલોકોનો પોલીસ સ્ટેશનમાં સૂત્રોચ્ચાર

**નસવાડી**

છોટા ઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકામાં માનવતાને લાંછન લગાડતી એક શરમજનક ઘટના સામે આવી છે. નસવાડીના એક ગામની 30 વર્ષીય મંદબુદ્ધિની યુવતીને એક નરાધમ ઉપાડીને જંગલમાં લઈ ગયો હતો, જ્યાં તેની પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. નરાધમે યુવતીના શરીર પર ઈજાઓ પહોંચાડી જંગલની ઝાડીઓમાં જ ત્યજીને નાસી છૂટ્યો હતો. આ ઘટનાની જાણ પરિવારજનોને થતાં તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને લોહીલુહાણ હાલતમાં મળી આવેલી દીકરીને સારવાર માટે સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડી હતી. જોકે, યુવતીની શારીરિક સ્થિતિ અત્યંત નાજુક હોવાથી તેને વધુ સારવાર માટે વડોદરા રીફર કરવામાં આવી છે, જ્યાં તે હાલ જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહી છે. આ ઘટનાને લઈને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આજે પરિવારજનો સહિત ગામના 50થી વધુ લોકોએ નસવાડી પોલીસ મથકે ધસી જઈને ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા.

# તુષાર ઘેલાણી આપઘાત કેસમાં મહિલા મિત્ર પૂનમે પરિવાર ઉપર જ ઢોળ્યો દોષનો ટોપલો

## પૂનમ 'બ્લૂ પેપિલોન'ના નામથી પ્રી- પ્રાઈમરી સ્કૂલ ભાગીદારી માટે તે દબાણ કરતી હતી

સુરત : સુરતના બિલ્ડર તુષાર ઘેલાણી આપઘાત કેસ એક બાદ એક ચોંકાવનારા ઘટસ્ફોટ થઈ રહ્યા છે. જેમ જેમ તપાસ આગળ વધી રહી છે તેમ તેમ કેસ નવો વળાંક લઈ રહ્યો છે. મહિલા મિત્ર પૂનમ ભદોરિયા સામે આત્મહત્યા માટે દુષ્પ્રેરણાનો ગુનો નોંધાતા ધરપકડ કરાઈ હતી. સેશન્સ કોર્ટમાં જામીન અરજીની દલીલોમાં તુષાર ઘેલાણી અને તેમની દીકરી વચ્ચે થયેલા કથિત વ્હોટ્સએપ મેસેજ ચેટના સ્ક્રીન શોટ રજૂ કરવામાં આવ્યા છે. જેમાં તુષાર ઘેલાણીની દીકરી કથિત રીતે 'મિસ્ટર તુષાર ઘેલાણી, તમે હવે મજા લો અને ખુશ થાઓ' તેવા મેસેજ કર્યા હોવાનો દાવો થઈ રહ્યો છે. મહિલા મિત્રએ દાવો કર્યો છે કે તુષાર ઘેલાણી પોતાના પરિવારના વર્તનથી દુખી હતા. તે વર્ષ 2010થી બિલ્ડર સાથે ઘરોબો ધરાવતી હતી. તુષારભાઈ બહારથી સુખી સંપન્ન હોવાનો ડોળ કરતાં હતા, પરંતુ પરિવારમાં તેમણે માન સન્માન અપાતું ન હોવાથી તેઓ ખૂબ દુખી હતા. સામે પક્ષે પરિવાર દાવો કરી રહ્યું છે કે પૂનમ ભદોરિયા સાથે વર્ષોથી અનૈતિક સંબંધો અને બાદમાં બદનામીની ધમકીઓને કારણે પિતા ઉદાસ રહેતા હતા. દીકરીએ નોંધાવેલી ફરિયાદ મુજબ પૂનમ 'બ્લૂ પેપિલોન'ના નામથી પ્રી- પ્રાઈમરી સ્કૂલ ભાગીદારી માટે તે દબાણ કરતી હતી, જે પછી તેને 50 ટકા ભાગ તેના નામે કરાવી લીધો હતો. 1 ફેબ્રુઆરીએ જ્યારે કંકોત્રી લેખન હતું ત્યારે પૂનમનો પિતા પર ફોન આવ્યો હતો, જે બાદ તે દુખી જણાતા મેં તેમણે સવાલ કર્યો હતો ત્યારે તેમણે કહ્યું હતું કે, પૂનમ તારા લગ્નમાં આવીને ભવાડો કરશે અને મને સમાજમાં બદનામ કરવાની ધમકી આપે છે.

# પાણીપત IOCLમાં વિરોધના પડઘા ગુજરાતમાં હજીરામાં L&Tના કર્મચારીઓ દ્વારા ઉગ્ર વિરોધ

## સ્થિતિ કાબૂ બહાર જતાં પોલીસે લાઠીચાર્જ કર્યો, 40 ટીયરગેસના શેલ છોડાયા

**સુરત**

L&Tના કર્મચારીઓના વિવાદના વાઈરલ વીડિયોની અસર સુરતના હજીરામાં જોવા મળી હતી. હજીરા સ્થિત આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ (AM/NS)ના નિર્માણધીન પ્લાન્ટમાં કામ કરતા L&Tના અંદાજે 5000 જેટલા કોન્ટ્રાક્ટ કર્મચારીઓએ પગાર વધારા અને કામના કલાકો મુદ્દે ઉગ્ર આંદોલન કરી ભારે તોડફોડ મચાવી હતી. સ્થિતિ કાબૂ બહાર જતાં પોલીસે લાઠીચાર્જ કરી 40 જેટલા ટીયરગેસના



શેલ છોડવાની ફરજ પડી હતી.

પાણીપત સ્થિત IOCL કંપનીમાં કોન્ટ્રાક્ટ પર કામ કરતા કર્મચારીઓએ પોતાની વિવિધ પડતર માગોને લઈને ઉગ્ર વિરોધ પ્રદર્શન શરૂ કર્યા હતા, જેમાં L&Tના કોન્ટ્રાક્ટ કર્મચારીઓની સંખ્યા સૌથી વધુ હતી. આ લોકોની માગણીઓ પૂરી થતાં જ આ વિરોધના સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા વીડિયોની સીધી અસર હવે ગુજરાતના હજીરામાં આવેલી આર્સેલર મિત્તલ અને નિપ્પોનના પ્લાન્ટમાં જોવા મળી હતી જ્યાં કામ કરતા L&T કંપનીના કરાર આધારિત કર્મચારીઓએ પગાર વધારા સહિતની માગણીઓને લઈને ભારે હોબાળો મચાવ્યો હતો અને આ દરમિયાન અનેક વાહનોમાં તોડફોડની સાથે આગચંપી કરી હતી.

# હથોડા ગામે ગૌહત્યા અટકાવવા ગયેલા ગૌરક્ષકો અને પોલીસ પર ટોળાનો હુમલો

**સુરત**

સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના હથોડા ગામે ગૌહત્યા અટકાવવા ગયેલી પોલીસ ટીમ અને ગૌરક્ષકો પર અસામાજિક તત્ત્વોએ હિંસક હુમલો કરતા સમગ્ર પંથકમાં ભારે તંગદિલી સર્જાઈ છે. આ હુમલામાં એક ગૌરક્ષકને માથાના ભાગે તલવારના ઘા વાગ્યા છે, જ્યારે પોલીસકર્મીઓ પણ ઘાયલ થયા છે.

બુધવારે મોડી રાત્રે કોસંબા પોલીસને હથોડા ગામમાં ગૌહત્યા થવાની બાતમી મળી હતી. આ બાતમીના આધારે પોલીસ સ્ટાફ અને ગૌરક્ષકોની ટીમ ગામમાં તપાસ માટે પહોંચી હતી. સર્ચ ઓપરેશન દરમિયાન છ જેટલા શખસો બાઈક પર આવ્યા હતા અને બોલાચાલી શરૂ કરી હતી. જોતજોતામાં આ શખસોએ ફોન કરીને 50 જેટલા લોકોનું ટોળું ભેગું કરી લીધું હતું અને પોલીસ પર તીક્ષ્ણ હથિયારો વડે તૂટી પડ્યા હતા.

જેમાં ગૌરક્ષક સત્યપ્રકાશ યાદવ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જે હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જ્યારે હુમલામાં બે પોલીસ જવાનો ઘાયલ થયા છે, જેમાં એક કર્મચારીનો હાથ તૂટી ગયો હોવાનું જાણવા મળ્યું છે. તેઓ કીમ-કોસંબાની હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

# ભરૂચમાં પોસ્ટ ઓફિસ કૌભાંડમાં 12 લોકો સામે CBIએ કેસ નોંધ્યો, રૂપિયા 2.81 કરોડની ઉચાપતનો આરોપ

## નાણાનો ઉપાડ છુપાવવા બેંકિંગ સોફ્ટવેર 'ફિનેકલ' માં એન્ટ્રીઓમાં હેરફેર કરતા હોવાની પણ શંકા

**ભરૂચ**

ભરૂચ પોસ્ટલ ડિવિઝન હેઠળના પોસ્ટ ઓફિસ સેવિંગ્સ બેંક ખાતાઓમાં નાના રોકાણકારો દ્વારા જમા કરાયેલા નાણાંનું કૌભાંડ બહાર આવ્યું હતું. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ), ભ્રષ્ટાચાર વિરોધી શાખા (એસીબી)એ ઓએનજીસી કોલોની સબ-પોસ્ટ ઓફિસના તત્કાલીન સબ-પોસ્ટમાસ્ટર, યાસીનભાઈ અબ્દુલભાઈ ઘાંચી અને અન્ય 11 કર્મચારી સામે રૂ. 2.81 કરોડની ઉચાપત કરવાના આરોપસર કેસ નોંધ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.




એફઆઈઆર મુજબ, 9 ઓગસ્ટ, 2024 અને 14 ડિસેમ્બર, 2025 ની વચ્ચે આ ગેરવ્યવહારો થયા હતા. મુખ્ય આરોપી ઘાંચીએ પોતાના પદનો ગેરઉપયોગ કરી કથિત રીતે ટાઈમ ડિપોઝિટ (ટીડી) યોજનાઓ હેઠળ ગ્રાહકો પાસેથી રોકાણ માટે પૈસા લીધા હતા, પરંતુ તે રકમ સત્તાવાર રીતે સરકારી ખાતામાં જમા ન કરતા વ્યક્તિગત કામ માટે ઉપયોગ કર્યો હતો. અત્યાર સુધીની તપાસમાં આવા લગભગ 56 જેટલા વ્યવહારો બહાર આવ્યા હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું હતું. આરોપીઓએ ગ્રાહકોનો વિશ્વાસ જાળવી રાખવા માટે નકલી પાસબુક જારી કર્યાનો આરોપ પણ છે. રોકડ નાણાનો ઉપાડ છુપાવવા માટે તેઓ બેંકિંગ સોફ્ટવેર 'ફિનેકલ' માં એન્ટ્રીઓમાં હેરફેર કરતા હોવાની પણ શંકા તપાસ એજન્સીઓને હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ડિસેમ્બર 2025 માં શંકાસ્પદ વ્યવહારોની આશંકા આંતરિક રીતે જ વ્યક્ત કરવામા આવી હતી.

# સાંસદ મનસુખ વસાવા ભાન ભૂલ્યા! મંચ પરથી ચૈતર વસાવા, વિપક્ષને ગાળો આપી

**ડેડિયાપાડા**

ડેડિયાપાડામાં આયોજિત કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રીની હાજરીમાં જ ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ પોતાની મર્યાદા ઓળંગી હોવાનો મામલો સામે આવ્યો છે. તાજેતરમાં વિધાનસભા સત્ર દરમિયાન ચૈતર વસાવાએ આદિવાસી વિસ્તારોમાં શિક્ષકોની ઘટનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ બાબતને લઈને મનસુખ વસાવાએ મંચ પરથી બળાપો કાઢતા કહ્યું કે, "આદિવાસી વિસ્તારોમાં સરકારે સારી શાળાઓ અને કોલેજો બનાવી છે, પણ પેલા લલવાઓને આ વિકાસ દેખાતો નથી." એટલું જ નહીં, તેમણે આગળ વધતા ચૈતર વસાવા અને વિરોધ પક્ષના નેતાઓ માટે 'ડફોળ' અને 'હરામીઓ' જેવા અશોભનીય શબ્દોનો પ્રયોગ પણ કર્યો હતો.

# ભાવનગરમાં બે ભાઈ રૂપિયા 10.92 કરોડના ગાંજાની ખેતી કરતા ઝબ્બે

## અફીણનો છોડ, તેના ડોડા અને લીલો ગાંજો મળ્યો

**ભાવનગર**

ગુજરાતમાં માદક દ્રવ્યો ઝડપાવાનું પ્રમાણ સતત વધી રહ્યું છે. ભાવનગર પોલીસે નશીલા પદાર્થોની ખેતીનો પર્દાફાશ કરીને બે સગાભાઈઓને ઝડપી પાડ્યા હતા. શિહોર પોલીસે સખવદર ગામના ખેતરમાંથી 10.92 કરોડ રૂપિયાના મૂલ્યના નશીલા છોડ જપ્ત કર્યા હતા. મરબીવાળુ ઢોળાવ તરીકે ઓળખાતા વાડી વિસ્તારમાં પ્રતિબંધિત અફીણ અને ગાંજાની ખેતી થતી હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી બંને જણની ધરપકડ કરી હતી.

ઘટનાની વિગત મુજબ ભાવનગર રેન્જ આઈ. જી. ગૌતમ પરમાર તથા ભાવનગર જિલ્લા પોલીસ અધીક્ષક નિતેશ પાંડેયની સૂચનાથી શિહોર ડિવિઝનના નાયબ પોલીસ અધીક્ષક જે.એચ. દહિયાના માર્ગદર્શન હેઠળ શિહોર પોલીસ સ્ટેશનના પી.આઈ. બી.ડી. જાડેજા અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ ધર્મપાલસિંહ જાડેજાને બાતમી મળી હતી કે, સખવદર ગામની સીમમાં શંભુભાઈ અને ભોળાભાઈ નામના વ્યક્તિઓ પોતાની વાડીમાં ગેરકાયદેસર રીતે અફીણ અને ગાંજાનું વાવેતર કરી રહ્યા છે.

બાતમીવાળા સ્થળે પોલીસે દરોડો પાડતા ખેતરમાંથી મોટી માત્રામાં નશીલા પદાર્થો મળી આવ્યા હતા. પોલીસે સ્થળ પરથી ૧૦૮૭.૫૨ કિલો ગ્રામ અફીણના લીલા છોડ, અફીણ ડોડા અને લીલો ગાંજો મળી કુલ રૂ. 10.92 કરોડનો મુદામાલ કબજે કર્યો હતો. આ ઉપરાંત મોબાઈલ ફોન અને જમીનના દસ્તાવેજો પણ જપ્ત કરવામાં આવ્યા હતા. પોલીસે આ મામલે સખવદર ગામના રહેવાસી શંભુભાઈ ઉર્ફે મનુભાઈ ઉર્ફે રંભાભાઈ રૂપાભાઈ ચૌહાણ (ઉ.વ. ૫૫) અને ભોળાભાઈ રૂપાભાઈ ચૌહાણ (ઉ.વ. ૫૩) સામે NDPS એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આપ નેતા જિગીષા પટેલ પર હુમલો, આપે કહ્યું, ભાજપના કુકર્મોની સજા આપીશું

**ગોંડલ**

પાણી અને રસ્તાના પ્રશ્નો સંદર્ભે આપ નેતા જિગીષા પટેલ ભગવતપરા વિસ્તારની મુલાકાતે ગયા હતા. ત્યારે તેમની અને સ્થાનિક મહિલાઓ વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. જિગીષા પટેલ પર સ્થાનિક મહિલાઓ તૂટી પડી હતી અને તેમની ગાડી પર પથ્થરમારો અને જીવલેણ હુમલો કર્યો હતો, જેમાં જિગીષા પટેલને ઈજાઓ પહોંચતા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. આ ઘટના બાદ આપના પ્રદેશ ઉપાધ્યક્ષ ગૌરી દેસાઈએ કહ્યું, જિગીષાબેન પટેલ તેમને મળેલા પ્રશ્નોને લઈ ગયા હતા ત્યાં તેમના પર હુમલો કરાયો. ભારતીય જનતા પાર્ટીના કોર્પોરેટરો મોટી મોટી ગ્રાંટ મળે છે છતાં કામ કરતા નથી. સ્થાનિકોને સુવિધા મળી નથી રહી. પ્રશ્નો હલ નથી થતાં પરંતુ જ્યારે કોઈ નેતાની ઈચ્છા હોય છે કે તેઓ સ્થાનિકોના પ્રશ્નો હલ કરે, ભારતીય જનતા પાર્ટીએ જે પણ કુકર્મો કર્યા છે તેની સજા આપીશું.

# અમરેલીમાં મહિલાનું મોત : દેવીપૂજક સમાજ દ્વારા મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર

## 6 દિવસથી લાશ ભાવનગર હોસ્પિટલમાં પડી રહેતાં વિવાદ

**અમરેલી**

અમરેલીની સિવિલ હોસ્પિટલમાં ગર્ભાશયની કોથળીના ઓપરેશન બાદ એક મહિલાના મોતને પગલે ગંભીર વિવાદ સર્જાયો છે. તબીબોની બેદરકારીને કારણે મોત થયું હોવાના આક્ષેપ સાથે છેલ્લા 6 દિવસથી મૃતદેહ સ્વીકારવામાં આવ્યો નથી. આજે (24મી ફેબ્રુઆરી) દેવીપૂજક સમાજના લોકો મોટી સંખ્યામાં કલેક્ટર કચેરીએ ઉમટી પડ્યા હતા અને ન્યાયની માંગ સાથે આવેદનપત્ર પાઠવ્યું હતું.

બોટાદ જિલ્લાના ટાટમ ગામના વતની ભનીબેન મણદુરિયાને ગર્ભાશયની કોથળીના ઓપરેશન માટે અમરેલી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઓપરેશન બાદ તેમની તબિયત લથડતા સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું. મૃતકના પરિવારજનોનો ગંભીર આક્ષેપ છે કે, ઓપરેશન દરમિયાન તબીબો દ્વારા નસ કપાઈ ગઈ હતી, જેના કારણે ભનીબેનનું મોત થયું છે.

આ મામલો મૃતક મહિલાનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ (PM) ભાવનગર ખાતે કરવામાં આવ્યું હતું. જોકે, પરિવારજનોનું કહેવું છે કે, જ્યાં સુધી PM રિપોર્ટ સત્તાવાર રીતે જાહેર ન થાય ત્યાં સુધી અંતિમ સંસ્કાર નહીં કરાય.જવાબદાર અને દોષિત તબીબો સામે તાત્કાલિક ફોજદારી ગુનો નોંધવામાં આવે અને સમગ્ર ઘટનાની તટસ્થ તપાસ કરી પરિવારને વળતર આપવામાં આવે. જો આ શરતો ન સંતોષાય ત્યાં સુધી લાશ સ્વીકારવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો છે:

સમાજના આગેવાનો અને મૃતકના પરિવારજનોએ અમરેલી કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. ત્યારબાદ તેઓએ રૂબરૂમાં DySPની મુલાકાત લઈ રજૂઆત કરી હતી કે ગરીબ પરિવારને ન્યાય મળે અને હોસ્પિટલના સત્તાધીશો સામે કડક પગલાં લેવાય. ઉલ્લેખનીય છે કે, ઘટનાની ગંભીરતાને જોતા કોંગ્રેસના નેતા જેનીબેન ઠુમ્મર પણ સિવિલ હોસ્પિટલ દોડી આવ્યા હતા.

Imperial PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service *Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West) 519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)
Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# સાયબર ફ્રોડના 23 કરોડ સાથે 1500 કરોડનાં ટ્રાન્ઝેક્શન મળ્યા

## રાજકોટ સાયબર સેલ દ્વારા વધુ 3 આરોપીઓની ધરપકડ થઇ, ફ્રોડ સિવાયના કરોડો રૂપિયા GST, ગેમિંગના અને બિનહિસાબી

**રાજકોટ**

દેશભરમાં આચરાતા સાયબર ફ્રોડના કરોડો રૂપિયા રાજકોટ પંથકની ટોળકીના બેંક ખાતાઓમાં જમા થયા હોવાનું કૌભાંડ રાજકોટ રૂરલ પોલીસની સાયબર ક્રાઇમ સેલે પકડી પાડયા બાદ તેમાં બીજા નવા ચોંકાવનારા ખુલાસા થયા છે. ઝડપાયેલી ટોળકી અને હાલ વોન્ટેડ આરોપીઓના 15 જેટલા એપીએમસી બેંક ખાતાઓમાં 1500 કરોડ જેવી માતબર રકમનાં ટ્રાન્ઝેક્શન થયાનું ખુલ્યું છે. જેમાંથી સાયબર ફ્રોડના રૂા.૨૩.૧૪ કરોડ હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. બાકીના કરોડો રૂપિયા જીએસટી, ગેમિંગ, બિન હિસાબી હોવાનું લગભગ સ્પષ્ટ બની ગયું છે. આ તોસ્તાન



કૌભાંડમાં અગાઉ છ આરોપીઓની ધરપકડ કર્યા બાદ સાયબર સેલે વધુ ૩ આરોપીઓની ધરપકડ કરી છે.

એ ત્રણ આરોપીમાં તેલંગણાના આદીલુદીન મહમદ મુનીરૂદીન મહમદ, રાજકોટના કુવાડવા રોડ પરના જય ગુરૂદેવ પાર્ક-1 શેરી નં.2માં રહેતા મિહિર રામજી રંગાણી અને નાનામવાના તિરૂપતી પાર્ક-2માં રહેતા હિરેન અશ્વીન લીંબાસીયાનો સમાવેશ થાય છે. સાયબર સેલના પી.આઇ. આર.જે. ગોધમે આ ત્રણેય આરોપીઓને કોર્ટમાં રજૂ કરી 4 દિવસના રિમાન્ડ મેળવ્યા છે, જેમાં બીજા નવા ખુલાસા થવાની સંભાવના છે.

શરૂઆતમાં સાયબર સેલે પડધરીના મોવિયામાં આવેલી યસ બેંકમાં ગોંડલ માર્કેટીંગ યાર્ડની જ્યોત ટ્રેડિંગ કંપનીના એકાઉન્ટની તપાસ કરતા 200 કરોડના ટ્રાન્ઝેક્શન મળ્યા હતા, જેના આધારે તપાસ આગળ ધપાવતા બીજા આરોપીઓના એપીએમસી બેંક ખાતાઓમાં મળી કુલ 380 કરોડના ટ્રાન્ઝેક્શન જોવા મળ્યા હતા. તપાસ કરતાં તેમાંથી રૂા. 16 કરોડ સાયબર ફ્રોડના હોવાનું જાણવા મળ્યું હતું, જેના આધારે પડધરી પોલીસમાં ૧૦ આરોપીઓ સામે ગુનો દાખલ કરાવી તેમાંથી જય મનસુખ નાદપરા, મનીષ છગન કામાણી, પ્રવિણસિંહ ભુપતસિંહ પરમાર, મહેન્દ્રસિંહ કલ્યાણજી જાડેજા અને રૂષિત તુલસીભાઇ રૈયાણી સહિત છ આરોપીઓની ધરપકડ કરી રિમાન્ડ મેળવ્યા હતા.

આ તમામ આરોપીઓની પૂછપરછમાં અન્ય એપીએમસી બેંક ખાતાઓનો પણ ખુલાસો થયો હતો. અગાઉના અને પછીથી મળેલા કુલ 15 એપીએમસી એકાઉન્ટમાં 1500 કરોડના ટ્રાન્ઝેક્શન મળી આવ્યા છે, જેમાંથી રૂા. 23.14 કરોડ સાયબર ફ્રોડના નીકળ્યા છે. આ તમામ સાયબર ફ્રોડ અંગે સાયબર ક્રાઇમ પોર્ટલ ઉપર 180 ફરિયાદો નોંધાઇ હતી.

# રાજકોટ સિવિલ હોસ્પિટલે કમળાના પેશન્ટને કેન્સરનો રિપોર્ટ આપી દીધો

## સ્ટાફે માફી માંગી, સિવિલ સુપ્રિટેન્ડેન્ટને તપાસ માટે કહ્યું

**રાજકોટ**

ગુજરાતના રાજકોટમાં સિવિલ હોસ્પિટલની ગંભીર બેદરકારી પ્રકાશમાં આવતા હોબાળો થયો છે. આ ઘટનાની વિગત મુજબ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે આવેલા બે મહિલા દર્દીના લોહીના તપાસના રિપોર્ટ બદલાયા હતા. જેમાં કમળા દર્દીને કેન્સરનો રિપોર્ટ આપી દેવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટનામાં લેબોરેટરીના કર્મચારીઓની ગંભીર બેદરકારીના પગલે બે મહિલા દર્દીના રિપોર્ટ બદલાઇ ગયા હતા. જોકે, તપાસ કર્યા બાદ માલુમ પડ્યું હતું યુવતીને 40 વર્ષની મહિલાનો રિપોર્ટ આપી દેવામાં આવ્યો હતો. જેમને કેન્સર હતું. આ સમગ્ર કેસમાં જયારે રાજકોટ સિવિલ સિવિલ સુપ્રિટેન્ડેન્ટને ફરિયાદની તપાસ કરવાની હૈયાધારણ આપી હતી.તેમજ કહ્યું હતું કે તપાસ બાદ જવાબદાર સામે પગલા લેવામાં આવશે. તેમજ ભવિષ્યના આવી ભૂલ ના થાય તે માટે તાકીદ પણ કરવામાં આવી છે.

# રાજકોટમાં મનમંદિર એપાર્ટમેન્ટમાં મોડી રાત્રે ભીષણ આગ, ગૂંગળામણથી માતા-પુત્રનું મોત

## આગ વિકરાળ બનતા હોલ-રસોડામાં રાખેલી તમામ ઘરવખરી બળીને રાખ થઇ ગઇ

**રાજકોટ**

રાજકોટના પેલેસ રોડ પર વર્ધમાનનગર શેરી નંબર 8માં આવેલા ‘મનમંદિર એપાર્ટમેન્ટના ચોથા માળે, બ્લોક નંબર C-402માં ગત રાત્રે (25 ફેબ્રુઆરી) આશરે 12 વાગ્યાના અરસામાં અચાનક આગ ફાટી નીકળી હતી. આગ એટલી ભીષણ હતી કે જોતજોતામાં હોલ અને રસોડામાં રહેલી તમામ ઘરવખરી બળીને રાખ થઇ ગઈ હતી.

આગ લાગી ત્યારે રૂમમાં 92 વર્ષીય પ્રભાબેન ભગવાનજીભાઈ પુજારા અને તેમના 62 વર્ષીય પુત્ર નરેન્દ્રભાઈ ભગવાનજીભાઈ પુજારા સૂતા હતા. પ્રાથમિક તપાસ મુજબ, બંનેને કોઈ ગંભીર (દાઝ્યાના નિશાન) થઈ નહોતી, પરંતુ આગના ધુમાડાને કારણે શ્વાસ લેવામાં તકલીફ પડતા તેઓ બેભાન થઈ ગયા હતા. સારવાર માટે તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. પોલીસના અનુસાર પ્રાથમિક દ્રષ્ટિએ આગ લાગવાનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું મનાઈ રહ્યું છે. જોકે, આગનું ચોક્કસ કારણ જાણવા માટે FSL ની મદદ લેવામાં આવી રહી છે.

# સૌરાષ્ટ્ર અને કચ્છમાં PGVCLની લાલ આંખ 28 લાખ ગ્રાહકોના જોડાણ કાપવાની શરૂઆત

## બાકી રહેલા 68.54 કરોડનું બિલ વસૂલવા તમામ ડિવિઝનમાં મેગા ડ્રાઇવ ચલાવાશે

**ભુજ**

રાજકોટ સ્થિત પશ્ચિમ ગુજરાત વીજ કંપની દ્વારા આજથી એટલે કે, ૨૫મી ફેબ્રુઆરીથી સૌરાષ્ટ્ર-કચ્છમાં બાકીદારો પર તવાઈ બોલાવવા માટે ખાસ ઝુંબેશ શરૂ કરી દેવામાં આવી છે. આ ઝુંબેશ અંતર્ગત વીતેલા છ માસથી વીજ બિલ ધરાર ન ભરનારા ૨૮.૬૮ લાખ ગ્રાહકોના વિજ કનેક્શનને ત્વરિત કાપી નાખવામાં આવશે.

માર્ચ મહિનો શરૂ થવાનું કાઉન્ટડાઉન શરૂ થવાની સાથે જ



પીજીવીસીએલ દ્વારા રેસીડેન્સીયલ, ઇન્ડસ્ટ્રીયલ અને ખેતીવાડી વિસ્તારમાં જે ‘માનવંતા’ ગ્રાહકોએ રૂ.૬૫૨.૯૯ કરોડ રૂપિયાનું ચડત વીજ બિલ ભર્યુ નથી તેમનું લિસ્ટ બનાવવામાં આવ્યુ હોવાનું જાણવા મળી રહ્યું છે.

પીજીવીસીએલ ભુજ વર્તુળ કચેરી હેઠળના ૬૮.૬૫ કરોડ રૂપિયાના બાકી રહેતાં વીજ બિલનું નાણું વસૂલવા ભુજ વર્તુળ કચેરી તથા તેને સંલગ્ન પશ્ચિમ કચ્છના તમામ સબ ડિવિઝનમાં મેગા ડીસકનેક્શન ડ્રાઇવ શરૂ કરી દેવામાં આવી છે. આ ડ્રાઈવમાં આવતી ભુજ વર્તુળ કચેરી હેઠળની તમામ પેટા વિભાગીય કચેરીઓમાં ડ્રાઇવ સમયે બાકી વીજ બિલનાં લેણા ધરાવતા વીજ ગ્રાહકોનાં જોડાણનો પુરવઠો સ્થળ પર જ ડીસકનેક્ટ કરવામાં આવશે.

# ડ્રગ્સ-દારૂના દૂષણ સામે NSUIના કાર્યકરોનો અર્ધનગ્ન થઇ દેખાવ

**રાજકોટ**

ગુજરાતમાં સતત પકડાઈ રહેલા ડ્રગ્સના જથ્થા અને દારૂબંધીના અમલીકરણ સામે સવાલો ઊઠાવી આજે (24મી ફેબ્રુઆરી) રાજકોટમાં નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઈન્ડિયા (NSUI)ના કાર્યકરો દ્વારા દેખાવ કરવામાં આવ્યો હતો. શહેરના વ્યસ્ત એવા કિશાનપરા ચોક ખાતે કાર્યકરોએ અર્ધનગ્ન હાલતમાં રસ્તા પર ઉતરી આવી સરકાર સામે સૂત્રોચ્ચાર કર્યાં હતા. આ દરમિયાન ચક્કાજામનો પ્રયાસ કરતા પોલીસે તમામ કાર્યકરોની અટકાયત કરી હતી.

રાજ્યના યુવાધનને બરબાદ કરી રહેલા ડ્રગ્સ અને દારૂના દૂષણને રોકવામાં સરકાર નિષ્ફળ રહી હોવાના આક્ષેપ સાથે NSUIના કાર્યકરો મંગળવારે રસ્તા પર ઉતર્યા હતા. આ દેખાવને વધુ તેજ બનાવવા માટે કાર્યકરોએ કપડાં ઉતારી અર્ધનગ્ન હાલતમાં દેખાવ કર્યો હતો. કિશાનપરા ચોક જેવા વ્યસ્ત વિસ્તારમાં કાર્યકરોએ રસ્તા પર બેસી જઈ ચક્કાજામ કરવાનો પ્રયાસ કર્યો હતો. દેખાવ કરી રહેલા NSUIના હોદેદારો અને કાર્યકરોને પોલીસે બળજબરીપૂર્વક હટાવ્યા હતા. અટકાયત દરમિયાન પણ કાર્યકરોએ ડ્રગ્સ મુક્ત ગુજરાતના નારા લગાવ્યા હતા.

# લાતીબજાર વિસ્તારમાં સિલિન્ડર બ્લાસ્ટ, 3ની હાલત ગંભીર, 3 ઘરને નુકસાન

**ભાવનગર**

મહુવાના લાતીબજારમાં આવેલા એક રહેણાંક મકાનમાં વહેલી સવારે ગેસ લીકેજને કારણે અચાનક સિલિન્ડર બ્લાસ્ટ થયો હતો. વિસ્ફોટનો અવાજ એટલો ભીષણ હતો કે આખો વિસ્તાર ધ્રૂજી ઉઠ્યો હતો અને સ્થાનિક લોકોમાં દોડધામ મચી હતી. ઘરમાં હાજર 3 લોકો ઈજાગ્રસ્ત થયા હતા. સ્થાનિકોએ તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવી તેમને હોસ્પિટલ પહોંચાડ્યા હતા. વિસ્ફોટની તીવ્રતાને કારણે આજુબાજુના મકાનની દીવાલો અને છતને નુકસાન થયું છે. પાડોશમાં આવેલા અન્ય બે મકાનોમાં પણ તિરાડો અને નુકસાનના અહેવાલ છે. ઘટનાની જાણ થતાં જ મહુવા ફાયર ફાઈટર ટીમ ઘટનાસ્થળે જઈ આગ પર કાબૂ મેળવ્યો હતો.

# જામનગરમાં હાટડી વિસ્તારમાં થયેલી માથાકૂટમાં 7 આરોપીઓની ધરપકડ

**જામનગર**

જામનગરના કાલાવડ નાકા બહાર પાંચ હાટડી વિસ્તારમાં રહેતા ઓસમાણભાઈ ખફી નામના 37 વર્ષના યુવાન પર આજથી ત્રણ દિવસ પહેલાં રાત્રિના સમયે હુમલો કરાયો હતો, અને અજાણ્યા 7 થી 8 જેટલા શખ્સો ધોકા પાઈપ જેવા હથિયારો સાથે ધસી આવ્યા હતા, અને યુવાનને ઘાયલ કરી દીધો હતો. જેથી ઈજાગ્રસ્તને સારવાર માટે જામનગરની સરકારી જી.જી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ત્યારબાદ સિટી એ. ડિવિઝનના પોલીસની ટીમે બનાવવાના સ્થળે અને ત્યારબાદ જી.જી. હોસ્પિટલમાં દોડી જઈ ઈજાગ્રસ્ત યુવાન ઓસમાણભાઈ ખફીની ફરિયાદના આધારે 8 આરોપીઓ સામે ગુનો નોંધ્યો હતો. જે હુમલા પ્રકરણમાં સીટી એ. ડિવિઝનના પીઆઈ અને તેઓની ટીમ દ્વારા રેહાન ઈકબાલભાઈ બેલીમ સદામ ઉર્ફે ઈન્ડો અસગર શેખ, શાકિર રફીકભાઈ ખીલજી, રઉફ ગુલામભાઈ બેલીમ, મહમદ અખ્તર પંજા, અસલમ ઉર્ફે અસલો કાદરભાઈ શેખ અને સદામ હનીફભાઈ પંજાની અટકાયત કરી લેવામાં આવી છે. જે તમામની વધુ પૂછપરછ ચલાવાઈ રહી છે. હજુ એક આરોપી શાહનવાઝ મોહમદ હનીફ ખીલજીને ફરાર જાહેર કરાયો છે.

# રાજકોટના જંગલેશ્વરમાં 11 હિસ્ટ્રીશીટરોની 97 ઓરડી અને 8 મકાનો જમીનદોસ્ત

**રાજકોટ**

રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાંથી ગેરકાયદે દબાણ હટાવવાની કામગીરી ચાલી રહી છે. આ અંગે રાજકોટ ક્રાઈમના ડીસીપી જગદીશ બાંગરવાએ જણાવ્યું કે, જંગલેશ્વર વિસ્તારમાં ગુનેગારો, હિસ્ટ્રીશિટરના કેટલા બાંધકામો તોડવામાં આવ્યા છે. સરકારી તંત્રે હાથ ધરેલ કામગીરીમાં અનેક હિસ્ટ્રીશીટરોના મકાનો અને ઓરડીઓને ધરાશાયી કરવામાં આવી છે. અનેક હિસ્ટ્રીશીટરો ગેરકાયદે બાંધેલી ઓરડીઓ ભાડે આપીને ભાડુઆતો પાસેથી ભાડું વસુલતા હતા. ડિમોલેશન દરમિયાન 11 ગુનેગારોના 8 પાક્કા મકાનો, 97 ઓરડીઓ 2 દુકાનો અને એક પ્લોટ ઉપર કરાયેલ ગેરકાયદે બાંધકામ તોડી પાડવામાં આવ્યુ છે.

સ્વદેશ
09
FRIDAY, 27 FEBRUARY 2026



## ગોલમાલ ફાઈવમાં હિરોઈન પ્રિયમણીની પણ એન્ટ્રી

મુંબઈ : રોહિત શેટ્ટી પોતાની કોમેડી ફિલ્મ ‘ગોલમાલ ફાઈવ’નું શૂટિંગ ભારે કડક સિક્યુરિટી બંદોબસ્ત વચ્ચે શરૂ કરી દીધું  છે. અક્ષય કુમાર અને અજય દેવગણ સહિતના કલાકારો એક મહિના સુધી ફિલ્મ માટે શૂટિંગ કરવાના છે. ફિલ્મમાં વધુ એક હિરોઈન તરીકે સાઉથની પ્રિયમણીની એન્ટ્રી થઈ છે. પ્રિયમણી ‘ફેમિલી મેન ‘ વેબ સીરિઝના કારણે સમગ્ર દેશના દર્શકોમાં જાણીતી છે. ફિલ્મમાં અરશદ વારસી, તુષાર કપૂર , કુણાલ ખેમુ અને શ્રેયસ તળપદે ફરી રીપિટ થઈ રહ્યા છે.  આ ઉપરાંત  જોની લીવર, સંજય મિશ્રા, મુકેશ તિવારી સહિતના કલાકારોનો કાફલો છે.



## અરિજીત સિંહ એઆર રહેમાન અને પ્રીતમ સાથે કામ નથી ઈચ્છતો ?

મુંબઈ : અરિજીત સિંહે જ્યારથી પ્લેબેક સિંગિંગમાંથી સંન્યાસની જાહેરાત કરી છે, ત્યારથી તેમના ચાહકો પરેશાન છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (ટ્વીટર) પર અરિજીત અને તેના ચાહકો વચ્ચે વાતચીત થતી રહે છે. હવે તાજેતરના એક ટ્વીટમાં અરિજિતે કંઈક એવું લખ્યું જેનાથી લોકો ભાત-ભાતની અટકળો લગાવી રહ્યા છે. અરિજીતે પોતાના ચાહકોને નામે એક પોસ્ટ લખી હતી. તેના પર એક વ્યક્તિએ ટિપ્પણી કરી કે, અરિજીતને પ્રીતમ, રહેમાન અને મિથુન પાસેથી મળતા અસાઈનમેન્ટ લેતા રહેવું જોઈએ. આ પોસ્ટ પર એક યુઝરે કમેન્ટ કરી કે, ‘તમારા શ્રોતાઓ તરફથી નમ્ર વિનંતી છે કે તમે પ્રીતમ, મિથુન અને રહેમાન તરફથી મળતા અસાઈનમેન્ટ લેવાનું બંધ ન કરો.’ તેના પર અરિજીતે જવાબ આપ્યો કે, ‘કેટલાક લોકો માત્ર પોતાના માટે જ કમ્પોઝ કરે છે, બધા માટે નહીં.’ આના પર યુઝરે જવાબ આપ્યો કે, ‘મને બીજા વિશે ખબર નથી, પરંતુ પ્રીતમે તમને પોતાના બેસ્ટ કમ્પોઝિશન આપ્યા છે, અને અમે બધા તમારી શક્ય તેટલા વધુ કમ્પોઝિશન સાંભળવા માગીએ છીએ.’

## બાફ્ટા એવોર્ડ્સમાં ધર્મેન્દ્રને શ્રદ્ધાંજલિ આપવામાં આવી



**લંડન ।** ૭૯મા બ્રિટિશ અકાદમી ફિલ્મ પુરસ્કાર અર્થાત બાફટા એવોર્ડ સમારંભમાં દિવંગત અભિનેતા ધર્મેન્દ્રને શ્રાદ્ધાંજલિ આપવામાં આવી હતી. ધર્મેન્દ્રના ભારતીય પ્રશંસકોની આંખો ત્યારે ભીની થઈ ગઈ હતી. વૈશ્વિક ફિલ્મ જગતના જે કલાકારોએ ગયા વર્ષે જગતને અલવિદા કહી દીધું હતું તે સૌને કાર્યક્રમમાં શ્રાદ્ધાંજલિ આપવામાં આવી હતી. ભારતના દિવંગત અભિનેતા ધર્મેન્દ્રનો તેમાં સમાવેશ થતો હતો. લંડનના રોયલ ફેસ્ટિવલ હોલમાં બાફટા એવોર્ડ સમારંભમાં જેસી વેયરે મંચ પર આવીને વિશ્વભરના દિવંગત કલાકારોને યાદ કરીને શ્રાદ્ધાંજલિ આપતાં ‘ ધ વે વી વેર’ ગીત પ્રસ્તુત કર્યું હતું. બારબરા સ્ટ્રીસૈંડે આ ગીત લખ્યું હતું. મ્યુઝિકલ ટ્રિબ્યુટ અપાઈ રહી હતી તે સમયે બેકગ્રાઉન્ડમાં વીડિયો ચાલી રહ્યો હતો

# મેં ટ્રેન્ડને અનુસરી નથી, માત્ર મારા મનની વાત માની છે : રાણી મુખરજી




મુંબઈ : આંખોમાં સ્ટાર કલાકાર બનવાના શમણાં આંજીને હિન્દી ફિલ્મોધોગમાં પ્રવેશતાં અનેક યુવકો અને યુવતીઓ ક્યારે અને ક્યાં ગુમ થઈ ગયાં હશે તેની કોઈને ખબર નહીં પડી હોય. પણ બહુ મોટી મહત્વકાંક્ષા રાખ્યા વિના અભિનય ક્ષેત્રે ડગ માંડનારા ઘણાં કલાકારો દશકો સુધી ટકી રહ્યાં છે. આવા જ કલાકારોમાંની એક છે અભિનેત્રી રાણી મુખર્જી.


રાણી મુખર્જીની બોલીવૂડમાં આવ્યે ૩૦ વર્ષ પૂરાં થયાં. તેણે હિન્દી ફિલ્મોધોગમાં પદાર્પણ કર્યું ત્યારે તે કોઈ મોટાં સપનાં લઈને નહોતી આવી. અદાકારા કહે છે કે અભિનયે જ મને ખોળી કાઢી. આ ત્રણ દશક દરમિયાન હું ઘણું શીખી છું. મને હમેશાં અડગ પાત્રો ગમ્યાં છે. ખાસ કરીને એવી મહિલાઓના કિરદાર જે કોઈપણ સંજોગોમાં ઘૂંટણિયા ટેકવવા તૈયાર ન થાય. તે પોતાની આવી ભૂમિકાઓ વિશે કહે છે કે ચાહે આવા કિરદાર દર્શાવતી ફિલ્મ ‘નો વન કિલ્ડ જેસિકા’ હોય કે ‘મર્દાની’ યા તો ‘બન્ટી ઔર બબલી’, મને આ પ્રકારની ફિલ્મો અને પાત્રોએ લોહચુંબકની જેમ પોતાની તરફ ખેંચ્યા છે.

રાણી માને છે કે ૧૯૯૦ના દશકનો અંત ભાગ અને ૨૦૦૦ના દશકનાં પ્રારંભિક વર્ષો તેના માટે અત્યંત મહત્ત્વનાં રહ્યાં. તે કહે છે કે ‘૯૦ના દશકનો અંતિમ હિસ્સો મારા માટે જાદુઈ નિવડયો. એ સમય દરમિયાન મેં કરેલી ફિલ્મોએ મારા ભાગ્યને બદલી નાખ્યું. તે વખતે જ મને અનુભૂતિ થઈ કે હિન્દી સિનેમા દર્શકોના દિલ પર કેટલી હદ સુધી રાજ કરે છે. તે વધુમાં કહે છે કે ૨૦૦૦ના દાયકાનાં પ્રારંભિક વર્ષોમાં મારો અવાજ બુલંદ બન્યો. તે વખતે રજૂ થયેલી ‘સાથિયા’ મારી કારકિર્દીમાં મહત્વનો વળાંક બની રહી. મેં ભાવનાઓમાં વહી જતી અધીરી મહિલાની ભૂમિકા ભજવી. હકીકતમાં હું પડદા પર પરફેક્ટ લાગવા નહોતી માગતી, બલ્કે પૂરેપૂરી ઈમાનદાર રહેવા ઇચ્છતી હતી. આવી વિચારસરણીને પગલે જ મેં ‘હમ તુમ..’ અને ‘બ્લેક’ જેવી ફિલ્મો કરી. આવા સિનેમામાં કામ કર્યા પછી મને લાગ્યું કે હા, હું ખરેખર એક અચ્છી અદાકારા છું. રાણીએ પોતાની ત્રણ દશકની અભિનય યાત્રા દરમિયાન બ્રેક પણ લીધા છે. તે આ બાબતે કહે છે કે હું વચ્ચે વચ્ચે થોડા થોડા સમય માટે રોકાઈ, અને પરત પણ પોતાની શરતો પર ફરી. ઘણી વખત એવું પણ લાગતું કે હું ટ્રેન્ડની વિરૂધ્ધ જઈ રહી છું, પરંતુ મેં માત્ર મારા મનની વાત માની. મારા મતે લાંબા સમય સુધી ટકવા સમય સાથે ચાલવા કરતાં ઈમાનદાર હોવું વધુ મહત્વનું બની રહે છે.

# રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડાના ‘શાહી લગ્ન’ સંપન્ન!


ઉદયપુર : સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ફેવરિટ કપલ રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડા આખરે લગ્નના બંધનમાં બંધાઈ ગયા છે. ઉદયપુરની આઈટીસી હોટલ મેમેન્ટોસ ખાતે યોજાયેલા આ ભવ્ય સમારોહમાં બંનેના આજે સૌ પ્રથમ તેલુગુ રીતિ-રિવાજ મુજબ લગ્ન સંપન્ન થઈ ગયા હતા. ત્યારબાદ સાંજે 5 વાગ્યે રશ્મિકાના વતન કુર્ગની પરંપરા મુજબ ‘કોડવા’ રીત-રિવાજ મુજબ લગ્ન સંપન્ન થયા. ત્યારબાદ હવે રશ્મિકા-વિજયનો ફર્સ્ટ લુક સામે આવ્યો છે. રશ્મિકા અને વિજયે લગ્ન સુંદર તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી છે. પ્રતીક્ષાનો અંત આવ્યો છે, રશ્મિકા અને વિજયના લગ્નની પ્રથમ તસવીરો સામે આવી ગઈ છે. કપલે ખૂબ જ વ્હાલભર્યા કેપ્શન સાથે આ ફોટા શેર કર્યા છે. લગ્નની આ પ્યારી તસવીરમાં વિજય અને રશ્મિકા એકબીજાની ખૂબ જ નજીક જોવા મળી રહ્યા છે. લાલ અને ગોલ્ડન વેડિંગ આઉટફિટમાં





સજ્જ આ બંનેના ચહેરા પર સાચો પ્રેમ સ્પષ્ટપણે દેખાઈ રહ્યો છે. આ તસવીર સાથે શેર કરેલા કેપ્શનમાં વિજયે પોતાના દિલની વાત અત્યંત ભાવુક અંદાજમાં કહી છે. તેણે લખ્યું કે, “એક દિવસ મને રશ્મિકાની એટલી બધી ખોટ અનુભવાઈ કે મને લાગ્યું કે જો તે સાથે હોત તો દિવસ વધુ સારો હોત, જમવાનું વધુ સ્વાદિષ્ટ લાગત, વર્કઆઉટ સજાને બદલે મજેદાર લાગત અને અમે જ્યાં પણ હોત, ત્યાં જ ઘર જેવો સુકૂન મળી જાત.” અંતમાં તેણે ખૂબ જ સુંદર રીતે લખ્યું કે, “તેથી જ મેં મારી બેસ્ટ ફ્રેન્ડને જ મારી પત્ની બનાવી લીધી.” 26.02.2026 ના રોજ શેર કરાયેલું આ કેપ્શન તેમના સંબંધોની ગહનતા અને સાચા પ્રેમને ખૂબ જ સુંદર રીતે વ્યક્ત કરે છે. રશ્મિકાએ પણ લગ્નની તસવીરો પોતાના ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે, પરંતુ એક અલગ કેપ્શન અને પ્રેમભરી નોંધ સાથે. નવી નવેલી દુલ્હને લખ્યું કે- “હાય મારા વ્હાલાઓ, હવે હું તમને બધાને મળાવું છું- મારા પતિ મિસ્ટર વિજય દેવરકોંડા સાથે. એ વ્યક્તિ જેણે મને શીખવ્યું કે સાચો પ્રેમ કેવો હોય છે. એ વ્યક્તિ જેણે મને જણાવ્યું કે સુકૂનમાં રહેવું એટલે શું. એ વ્યક્તિ જે દરરોજ મને કહેતો હતો કે મોટા સપના જોવામાં કંઈ જ ખોટું નથી અને હંમેશા મને ખાતરી અપાવતો રહ્યો કે મેં જે વિચાર્યું છે તેના કરતા પણ વધુ હું હાંસલ કરી શકું તેમ છું.”



હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર

નિહાળો નીત નવા રૂપરંગમાં !!

માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !! રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!

www.swadesh.news

સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો

info@swadesh.news


### બરફના ભયાનક તોફાનને પગલે સાત રાજ્યોમાં સ્ટેટ ઓફ ઈમર્જન્સી જાહેર

# બોમ્બ સાઈક્લોન : કુદરતી આફત સામે US ફરી લાચાર

જગત જમાદાર અમેરિકા ભલે કોઈ પણ રીતે દુનિયાને ધમકાવવાનો કે બાનમાં રાખવાનો કોઈ મોકો છોડતુ ન હોય પરંતુ આજે પણ તે કુદરતી આફતો સામે લાચાર છે તે નકરી હકીકત છે. કુદરતે અમેરિકામાં હાલ શરૂ કરેલા તાંડવથી અમેરિકનોમાં ભારે ફફડાટ છે. અમેરિકાના ઉત્તર-પૂર્વ વિસ્તારમાં ભયાનક હિમ તોફાન એટલે કે સ્નો સ્ટોર્મ આવતાં મોટાભાગના વિસ્તારોમાં જીનજીવન ખોરંભે છે. આ બરફીલા તોફોનને બોમ્બ સાઈક્લોન નામ આપવામાં આવ્યું છે. આ વાવાઝોડાને કારણે વર્જિનિયાથી માંડીને મેન સુધી તમામ વિસ્તારો બરફની ચાદરથી ઢંકાઈ ગયા છે.

સ્થિતિ એ હદે પહોંચી કે, ન્યૂયોર્ક સિટીના સ્કાઈલાઈપ પણ બરફથી ઢંકાઈ ગયા. આ તોફાન એટલું ભયાનક છે કે, અનેક વિસ્તારોને પોતાના ઝપેટમાં લઈ લીધા છે. અનેક રાજ્યોના મોટાભાગના શહેરોમાં રોડ-રસ્તા, હાઈવે, એરપોર્ટ, રેલવે નેટવર્ક ઠપ છે. જાહેર સ્થળો, બગીચા, અન્ય જગ્યાઓ બધું જ બરફ હેઠળ દબાઈ ગયું છે.

ગંભીર બાબત એ છે કે, આ વાવાઝોડાએ અત્યાર સુધીમાં સાત રાજ્યોને ગંભીર અસર પહોંચાડી છે. હવામાન ખાતાના અહેવાલો પ્રમાણે ન્યૂયોર્ક, ન્યૂજર્સી, કનેક્ટિકટ, મેસેચ્યુસેટ્સ, ડેલવેર, રોડ આઈલેન્ડ અને મેરિલેન્ડ જેવા રાજ્યોમાં સ્ટેટ ઓફ ઈમર્જન્સી જાહેર કરવાનો નોબત આવી છે. આ તમામ રાજ્યોમાં લોકોને ઘરમાં પુરાઈ રહેવા અને અત્યંત ઈમર્જન્સી ન હોય તો ઘરની બહાર ન નીકળવાના આદેશ આપી દેવાયા છે. સોશિયલ મીડિયામાં આ વાવાઝોડાના દ્રશ્યો વહેતા થયા છે. ૧૯૯૬માં આવેલા ઐતિહાસિક બ્લિઝાર્ડ બાદ પહેલી વખત બે દાયકા પછી ન્યૂયોર્કની આવી સ્થિતિ થઈ છે. અહીંયાના મેયર જોહરાન મમદાની દ્વારા ઈમર્જન્સી જાહેર કરવામાં આવી છે. રવિવાર રાતથી સોમવાર રાત સુધી તમામ રસ્તા, હાઈવે, પુલ બંધ કરી દેવાયા હતા. માત્ર ઈમર્જન્સી સેવાઓને જ રાહત અપાઈ હતી. આજે મંગળવારે પણ સ્થિતિમાં કોઈ સુધારો દેખાયો ન હતો. બુધવારે તો રોડ આઈલેન્ડના પ્રોવિડન્સમાં 37 ઈંચ સુધી બરફ પડ્યો હતો. આખા ઉત્તર પુર્વીય યુએસમાં ગંભીર સ્થિતિથી 10 હજાર ફ્લાઈટ રદ થઈ હતી.



બગીચાઓ, ફન પાર્ક અને અન્ય એમ્યુઝમેન્ટ પાર્કમાં બરફ છવાઈ ગયો છે. લોકો બરફમાં રમવા ઉમટી પડયા છે. જો કે, તંત્ર દ્વારા લોકોને સાવચેત રહેવાની ચેતવણી અપાઈ છે.

અત્યાર સુધીમાં ૩૦ ઈંચ જેટલો બરફ પડી ગયો છે. જાણકારોના મતે દાયકાઓ બાદ અમેરિકામાં આવું ભયાનક તોફાન આવ્યું છે જેણે સાતથી વધુ રાજ્યોને ઘરમોળી કાઢયા છે. આ બોમ્બ સાઈક્લોન ઘણી વખત અમેરિકાને શકંજામાં લેતું હોય છે. મોટાભાગે શિયાળામાં એકાદ હિમ તોફાન અમેરિકાને ઘમરોળતું જ હોય છે. પણ આ વખતનું તોફાન દાયકાઓ બાદ આવેલું અત્યંત ભયાનક અસર પહોંચાડનારું છે. જે વાવાઝોડું ખૂબ જ ઓછા સમયમાં ભયાનક સ્થિતિમાં આવી જાય અને વિસ્ફોટક બની જાય છે તેને બોમ્બ સાઈક્લોન કહેવાય છે. આવા વાવાઝોડાના કેન્દ્રમાં એરપ્રેશર ૨૪ કલાકમાં જ ૨૪ મિલીબાર જેટલું ઘટી જાય છે અને તેથી જ તેને બોમ્બ સાઈક્લોનની કેટેગરીમાં ગણવામાં આવે છે. જાણકારોના મતે એરપ્રેશર જેટલું ઝડપથી ઘટે છે વાવાઝોડું તેટલું જ વધારે શક્તિશાળી થતું જાય છે. ચિંતાજનક બાબત એ છે કે, આ બોમ્બ સાઈક્લોનના કારણે ન્યૂયોર્ક સિટી, લોન્ગ આઈલેન્ડ, લોઅર હડસન વેલી, ન્યૂ જર્સીના મોટાભાગના વિસ્તારો તથા સાઉથ કનેક્ટિકટમાં ભયાનક હિમ ચક્રવાત છે. ત્રણેય રાજ્યોના કિનારાઓ ઉપર પૂરની ચેતવણી સુદ્ધા અપાઈ છે. ઘણા વિસ્તારોમાં એક ફૂટ કરતા વધારે બરફ પડી ગયો છે. પરિસ્થિતિ અત્યંત વિકટ થઈ રહી છે. હવામાન ખાતાના મતે ન્યૂયોર્કના તમામ ૨૯ કાઉન્ટીઓમાં એક સાથે બોમ્બ સાઈક્લોનની ચેતવણી જાહેર કરવામાં આવી છે. વૈજ્ઞાનિકો અને સંશોધકો દ્વારા આ વાવાઝોડાની સેટેલાઈટ તસવીરો જારી કરવામાં આવી છે. અવકાશમાંથી આ બોમ્બ સાઈક્લોનની તસવીરો લેવાઈ હતી.

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

ચિંતાજનક બાબત એવી છે કે, રોડ આઈલેન્ડ, પેન્સિલવેનિયા, કનેક્ટિકટ, મેરિલેન્ડ, મેસાચુસેટ્સ દ્વારા પણ ઈમર્જન્સી જાહેર કરીને પગલાં લેવાઈ રહ્યા છે. ન્યૂયોર્ક અને મેસાચ્યુસેટ્સમાં તો નેશનલ ગાર્ડ સજ્જ કરી દેવાયા છે. ન્યૂયોર્ક સિટીના ત્રણ મુખ્ય એરપોર્ટ લાગાર્ડિયા એરપોર્ટ, જોન એફ કેનેડી ઈન્ટરનેશનલ એરપોર્ટ અને નેવાર્ક લિબર્ટી ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર ઉડાણો રદ કરવામાં આવી છે. જેકેફની તો ત્રીજા ભાગની તમામ ફ્લાઈટ રદ કરવી પડી. સ્થાનિક રેલવે સેવાઓ પણ અટકાવી દેવામાં આવી છે. ઉત્તર-પૂર્વ અમેરિકામાં 5 લાખ કરતા વધારે લોકો અંધારપટ હેઠળ રહેવા મજબૂર બન્યા છે. જાણકારોના મતે હાલમાં કરોડો લોકો ઉપર આફત છે અને હજી આગળ વધી શકે છે. જાણકારોના મતે અવકાશમાંથી જોવામાં આવ્યું ત્યારે સમજાયું કે, આ વાવાઝોડું એક વિશાળ વાદળ જેવું છે જે સર્પાકારે નીચે જતું જાય છે. તેની આંખની અંદર અત્યંત પ્રેશર છે. આ આંખનો ભાલ ન્યૂજર્સી પાસે દેખાયો હતો.

જાણકારોના મતે આ હરિકેન નથી જે ગરમ સમુદ્ર ઉપરથી પાણીની ઉર્જા મેળવીને ચક્રાકાર રીતે જમીન ઉપર ટકરાય છે. આ આર્કટિક ઉપરના ઠંડા પવનો છે જે એકાએક ગરમ પ્રદેશો તરફ ખેંચાયા છે. તેથી તેને કાયદેસર રીતે હરિકેન કહી શકાય નહીં પણ છતાં તેના જેવું જ કહી શકાય. વાવાઝોડાના કારણે ન્યૂજર્સી અને અન્ય વિસ્તારોના કિનારાઓમાં પવનનું જોર અસાધારણ રીતે વધ્યું છે. તેના કારણે સમગ્ર પણ કાબુ બહાર જવા લાગ્યા છે. ન્યૂયોર્કસિટી અને આસપાસના વિસ્તારોમાં પણ તોફાની વરસાદ અને કિનારાના વિસ્તારોમાં ભારે વરસાદ અને પૂરની ચેતવણી ઉચ્ચારવામાં આવી છે. સમુદ્રમાં સફર નહીં ખેડવા અને હવાઈ યાત્રા પણ રદ કરવાના આદેશ અપાયા છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે, બોમ્બ સાઈક્લોને આ વખતે અમેરકાની સૌથી વધુ વસતી ધરાવતા રાજ્યો ઉપર કેર વર્તાવ્યો છે અને જો સ્થિતિ કાબુમાં નહીં આવી અને અઘટીત ઘટના બની તો મૃતાંક મોટો થશે.

ગંભીર બાબત એ છે કે, ક્લાઈટમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ અંગે વૈજ્ઞાનિકો દ્વારા કેટલાય વખતથી સતત ચેતવણી ઉચ્ચારવામાં આવી રહી છે. દુનિયાભરના દેશો અને લોકો દ્વારા તેના વિશે ચર્ચા કરાય છે પણ તેને અટકાવવા નક્કર અને સચોટ પગલાં લેવામાં આવતા નથી. તેના કારણે ઈચ્છિત પરિણામ મળતું નથી. વૈજ્ઞાનિક લાંબા સમયથી ચેતવણી આપતા હતા કે, ભલે દુનિયાનું તાપમાન વધી રહ્યું હોય અને તેના કારણે હિમ ચક્રવાતની સંખ્યામાં ઘટાડો થયો હોય છતાં એક બાબત સ્પષ્ટ છે કે, જે હિમ તોફાન આવશે તે વિનાશક અને ભયાનક હશે. પોરલ વોર્ટેક્સની સ્થિતિ પણ તેના કારણે જ વકરી રહી છે. આર્કટિક ઉપરની ઠંડી હવાના પડમાં ગરબડ થઈ રહી છે અને તેનું કારણ પણ ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ છે. ઠંડી હવાનું આ લેયર નબળું પડતાં જ હાડ થીજાવતા ઠંડા પવનો સીધા જ અમેરિકાના વધારે વસતી ધરાવતા રાજ્યોને પોતાની ઝપેટમાં લઈ લે છે. તેના કારણે ભયાનક વાવાઝોડાની સ્થિતિ સર્જાય છે. હાલમાં આવેલું આ બોમ્બ સાઈક્લોન એટલા માટે વધારે ઘાતક છે કે થોડા સમય પહેલાં જ અમેરિકા એક કુદરતી આપત્તીનો ભોગ બનીને સ્થિતિ સંભાળી રહ્યું હતું. થોડા સમય પહેલાં જ આવેલી કુદરતી આપત્તીમાં

**આર્કટિક ઉપરની ઠંડી હવાના પડમાં ગરબડ થઈ રહી છે, તેનું કારણ પણ ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ છે. ઠંડી હવાનું આ લેયર નબળું પડતાં જ ઠંડા પવનો સીધા જ અમેરિકાના વધારે વસતી ધરાવતા રાજ્યોને પોતાની ઝપેટમાં લઈ લે છે**

# સ્ત્રીઓમાં વધતી જતી સમસ્યા : પોલિસિસ્ટિક ઓવરી સિન્ડ્રોમ

પોલિસિસ્ટિક ઓવરી સિન્ડ્રોમ એટલે કે PCOS એ માત્ર માસિક ધર્મની અનિયમિતતા નથી, પરંતુ તે સ્ત્રીના આખા શરીરના મેટાબોલિઝમને અસર કરતી સ્થિતિ છે. આજના તણાવપૂર્ણ જીવનમાં નાની ઉંમરની છોકરીઓમાં પણ આ સમસ્યા વ્યાપક બની રહી છે. એ થવા પાછળનાં કારણોને જાણીએ.

## શરીરમાં થતા હોર્મોનલ ફેરફારો

સામાન્ય રીતે સ્ત્રીના શરીરમાં મુખ્યત્વે એસ્ટ્રોજન અને પ્રોજેસ્ટેરોન હોર્મોન્સ હોય છે. PCOS માં, અંડાશય પુરુષ હોર્મોન એટલે કે ટેસ્ટોસ્ટેરોન વધુ માત્રામાં ઉત્પન્ન કરવા લાગે છે. આનાથી ઈંડાં પરિપક્વ થઈને રિલીઝ થતાં નથી, જેના પરિણામે અંડાશયની આસપાસ નાની કોથળીઓ બની જતી હોય છે. લાંબા ગાળાની અસરો જો પોલિસિસ્ટિક ઓવરી સિન્ડ્રોમને સમયસર નિયંત્રિત કરવામાં ન આવે, તો તે નીચે મુજબની ગંભીર બીમારીઓનું કારણ બની શકે છે:

**વંધ્યત્વ :** આ સિન્ડ્રોમને કારણે ઈંડાં સમયસર છૂટાં પડતાં નથી, જેને કારણે ગર્ભધારણમાં મુશ્કેલી પડે છે.

**ટાઈપ-2 ડાયાબિટીસ :** શરીરમાં ઈન્સ્યુલિનનો પ્રતિકાર વધવાથી બ્લડ સુગર વધે છે. પરિણામે ટાઈપ-2 પ્રકારનો ડાયાબિટીસ થઈ શકે છે.

**હૃદયરોગ અને હાઈ બ્લડ પ્રેશર :** વજન વધવાને કારણે કોલેસ્ટ્રોલ વધે છે, જે હૃદય માટે જોખમી છે.

**એન્ડોમેટ્રિયલ કેન્સર :** લાંબા સમય સુધી માસિક ન આવવાથી ગર્ભાશયના અસ્તરમાં ફેરફારો થઈ
શકે છે.

**સ્લીપ એપનિયા :** ઊંઘ દરમિયાન શ્વાસ લેવામાં તકલીફ પડવી, જેમનું વજન વધારે હોય તેમને આ તકલીફ થઈ શકે છે.



PCOS નું નિદાન કેવી રીતે થાય છે?

સામાન્ય રીતે નીચેની ત્રણ બાબતોમાંથી કોઈ પણ બે હાજર હોય તો પોલિસિસ્ટિક ઓવરી સિન્ડ્રોમનું નિદાન કરે છે:

## અનિયમિત માસિકચક્ર

**બ્લડ રિપોર્ટ :** એન્ડ્રોજનનું સ્તર ઊંચું હોય.
**સોનોગ્રાફી :** અંડાશયમાં નાની ગાંઠો જોવા મળે છે.

## આહાર અને જીવનશૈલી

**ફાઈબરયુક્ત ખોરાક :** મેથી, પાલક, સરગવો, દાળ અને બ્રોકોલી જેવી વસ્તુઓને આહારમાં સામેલ કરવી જોઈએ.

**લો-ગ્લાયકેમિક ઈન્ડેક્સ ખોરાક :** આ એવો ખોરાક છે જે લોહીમાં સુગર ધીમેથી વધારે છે. જેમ કે, ઓટ્સ, ચણા, મગ અને આખાં અનાજ. આનો ઉપયોગ કરવાનું શરૂ કરવું જોઈએ.

**એન્ટિ-ઈન્ફ્લેમેટરી ફૂડ :** હળદર, આદું અને અખરોટ જે સોજો ઘટાડવામાં મદદ કરે છે.

શું ટાળવું?

**રિફાઈન્ડ કાર્બોહાઈડ્રેટ્સ :** સફેદ બ્રેડ, પાસ્તા, બિસ્કિટ અને મેંદાની વસ્તુઓ ખાવાનું ટાળવું.

**મીઠાઈ અને સોફ્ટ ડ્રિંક્સ :** જે ઈન્સ્યુલિનમાં અચાનક ઉછાળો લાવે છે, તેથી શક્ય હોય ત્યાં સુધી દરેક પ્રકારના સોફ્ટ ડ્રિંક્સ પીવાનું બંધ કરવું જોઈએ. શક્ય હોય તો મીઠાઇ ખાવાનું ટાળવું જોઈએ.

## યોગ અને આયુર્વેદનો ફાળો

આયુર્વેદમાં પોલિસિસ્ટિક ઓવરી સિન્ડ્રોમને દોષ તરીકે જોવામાં આવે છે અને તેને દૂર કરી શકાય છે.

**યોગાસન :** સૂર્ય નમસ્કાર, પશ્ચિમોત્તાનાસન, ભુજંગાસન અને બદ્ધ કોણાસન (બટરફ્લાય પોઝ) જેવાં યોગાસન નિયમિત રીતે કરવાં જોઈએ. આ આસનો પ્રજનન અંગોમાં લોહીનું પરિભ્રમણ વધારે છે અને પોલિસિસ્ટિક ઓવરી સિન્ડ્રોમને દૂર કરવામાં મદદ કરે છે.

**આયુર્વેદિક જડીબુટ્ટીઓ :** શતાવરી, કાંચનાર ગુગ્ગુલુ અને અશ્વગંધા હોર્મોન્સને સંતુલિત કરવામાં મદદરૂપ થઈ શકે છે. આ તમામ ઔષધીઓ વૈદ્યની સલાહ મુજબ લેવી.

## માનસિક સ્વાસ્થ્ય

પોલિસિસ્ટિક ઓવરી સિન્ડ્રોમ ધરાવતી સ્ત્રીઓમાં ડિપ્રેશન અને ચિંતાનું પ્રમાણ સામાન્ય મહિલાઓની સરખાણીમાં વધુ જોવા મળે છે. ચહેરા પરના વાળ અથવા વધતા વજનને કારણે આત્મવિશ્વાસ ઓછો થઈ શકે છે. આવા સમયે પરિવારનો ટેકો અને પોઝિટિવ માઈન્ડસેટ ખૂબ જરૂરી છે. પોલિસિસ્ટિક ઓવરી સિન્ડ્રોમ એ કોઈ એવી બીમારી નથી કે જેનાથી ગભરાઈ જવું જોઈએ. આ એક `લાઈફસ્ટાઈલ ડિસઓર્ડર' છે, જેનો અર્થ છે કે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરીને તમે તેને હરાવી શકો છો. સંતુલિત આહાર, કસરત અને નિયમિત મેડિકલ ચેકઅપ દ્વારા સામાન્ય અને તંદુરસ્ત જીવન જીવી શકાય છે.

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels
SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner

17 Room Motel in Huntsville - $2.5M
Renovated and Upgraded Room, Located in downtown Huntsville. Absentee owner, Employees run for last 3 years.
Owner operator can make more money

- 78 Room Hotel Ramada Inn – SOLD
- 12 Room Motel and Restaurant in Manitulin Island – SOLD
- 17 Room Motel near Chattham – SOLD
- 12 Room Motel in Blind River – Sold Conditional
- 21 Room Motel with Restaurant in Muskoka – Sold Conditional
- 54 Room Resort in 1000 Islands on 7 acres land – Sold Conditional

43 Room Motel with 241 Pizza Restaurant with Building in Cochrane – $4.5M
Renovated Rooms, Situalted on 6 Acres of the commercial land right on Trans Canada Hwy 11. Access land can be used for further development or many more uses
Plus 2 Apartments for manager and staff - Both businesses are money making and running through the staff. Absentee Owner – ideal for owner operator.

15 Room Motel + 1 Apt – Nr Sudbury - $999K
All Rooms recently renovated + Restaurant & Bar (closed) renovated. Indoor corridor. Easy one man opeation. Money making motel with NO competition. Year round business

12 Room Motel in Blind River - $1,050,000
With 3 BR living quarter, Access land
Indoor corridor, One Man Opearation

17 Room Motel in Sault Ste Mari - $1.8M
Renovated Rooms, Spent thousands of dollar
Owners retiering

Now licensed to work in ALBERTA as well
Motels coming up for Sale in 2026
65 Room Hotel near Calgary - $5.5M
22 Room Motel, 4 BR House near Edmonton - $799,000

Motel Jobs AND Working Partner Opperunity
(min $200,000 to invest) Ontario & Alberta
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
(must be on WP, PR or Citizen)
Acomodation + Compititive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100

# કાર્નીની ભારત યાત્રા પહેલાં તહવ્વુરની કેનેડાની નાગરિકતા રદ થવાના સંકેત

## આતંકવાદને કારણે નહીં પણ અરજીમાં ખોટી વિગતો ભરાઈ હોવાથી પગલું ભરાયાનો દાવો

**ટોરોન્ટો**

26/11 મુંબઈ આતંકી હુમલાનો ખુંખાર આતંકી તહવ્વુર રાણા હવે દેશ વગરનો થઈ જશે. મુંબઈ હુમલાનું કાવતરું ઘડનાર આ આતંકી કેનેડાનો રહેવાસી છે. પરંતુ હવે કેનેડાએ આ મૂળ પાકિસ્તાની આતંકીની નાગરિકતા પરત લઈ લેવાનો નિર્ણય કર્યો છે.

કેનેડા સરકારનો આ નિર્ણય વડાપ્રધાન માર્ક કાર્નીની પ્રસ્તાવિત ભારત યાત્રા પહેલા આવ્યો છે. વર્ષ 2025માં 26/11 મુંબઈ આતંકી હુમલાના માસ્ટરમાઈન્ડ તહવ્વુર હુસૈન રાણાને આખરે 16 વર્ષ બાદ ભારત લાવવામાં આવ્યો હતો.

64 વર્ષનો આતંકી તહવ્વુર હુસૈન રાણા પાકિસ્તાનમાં જન્મયો હતો. તેણે કેનેડાની નાગરિકતા સ્વીકારી હતી. 2008માં થયેલા મુંબઈ આતંકી હુમલાના કાવતરાખોર ડેવિડ કોલમેન હેડલી ઉર્ફે દાઉદ ગિલાનીનો તે નજીકનો સાથી છે. જો કેનેડા તહવ્વુર રાણાની નાગરિકતા છીનવી લેશે તો તે દેશ વગરનો થઈ છે, એટલે કે ક્યાંયનો નહીં રહે. સાથે એવો દાવો પણ કરવામાં આવ્યો છે કે તેની નાગરિકતા આતંકવાદના કારણે નહીં પણ એ કારણે રદ કરવામાં આવી રહી છે, કેમ કે તેને અરજી ફોર્મમાં ખોટી વિગતો આપી હતી. ડેવિડ કોલમેન હેડલી ઉર્ફે દાઉદ ગિલાની અમેરિકન નાગરિક છે. રાણાને અમેરિકાથી પ્રત્યાયપર્ણ કરી ભારત લાવવમાં આવ્યો હતો. મીડિયાને મળેલા ડોક્યુમેન્ટને આધારે ઈમિગ્રેશન અધિકારીઓએ રાણાને જણાવ્યું છે કે 2001માં તેને મળેલી નાગરિકતા કેનેડા પરત લઈ રહ્યું છે. રાણા 1997માં કેનેડામાં વસવા લાગ્યો હતો. બાદમાં ડેન્માર્કના એક અખબારના સ્ટાફ પર હુમલો ઘડવાના આરોપસર તેને USમાં દોષિત માનવામાં આવ્યો હતો.

26/11 હુમલાનો માસ્ટરમાઈન્ડ રાણા મુંબઈ હુમલાન કાવતરાખોરો સાથે સામેલ છે. આ હુમલામાં 166 લોકોના મોત થયા હતા. NIAના અનુમાન મુજબ મુંબઈ હુમલાનું આયોજન 2005થી કરવામાં આવી રહ્યું હતું. રાણા પણ તે યોજનાનો એક ભાગ હતો. હેડલીની તેની સાથેની ફોન વાતચીતની પણ તપાસ કરવામાં આવી રહી છે.

# ૨૦૨૫માં ૧૬૫૦ કેસ અને ૪૩૦ મૃત્યુ સર્વાઇકલ કેન્સરના ડરામણા આંકડા

## જૂની પદ્ધતિઓ છોડી આધુનિક HPV પરીક્ષણ અપનાવવા ડોક્ટરોનો સૂર

**ટોરોન્ટો**

સર્વાઈકલ કેન્સર એ કેનેડામાં "સૌથી ઝડપથી વધતું કેન્સર" છે અને એક "શાંત રાષ્ટ્રીય આરોગ્ય કટોકટી" છે, જેને દૂર કરવા માટે ફેડરલ સરકારે વધુ પગલાં લેવા જોઈએ, તેવું ડોક્ટરો કહે છે. સોસાયટી ઓફ ગાયનેકોલોજિક ઓન્કોલોજી ઓફ કેનેડાના પ્રમુખ ડૉ. શેનોન સાલ્વાડોરે બુધવારે ઓટ્ટાવામાં સોસાયટી ઓફ ગાયનેકોલોજિક ઓન્કોલોજી ઓફ કેનેડા દ્વારા આયોજિત પ્રેસ કોન્ફરન્સમાં સંદેશ આપતા કહ્યું હતુ કે, ૨૦૪૦ સુધીમાં સર્વાઈકલ કેન્સરને જાહેર આરોગ્ય સમસ્યા તરીકે દૂર કરવા માટે પ્રતિબદ્ધતા હોવા છતાં કેનેડા સરકાર દ્વારા જુલાઈ ૨૦૨૫માં જાહેર કરાયેલો એક્શન પ્લાન જાહેર કરાયો છે. કેનેડા હાલમાં શાંત રાષ્ટ્રીય આરોગ્ય કટોકટીનો સામનો કરી રહ્યું છે. સાલ્વાડોરે કહ્યું કે ૨૦૨૫માં અંદાજે ૧,૬૫૦ કેનેડિયનોને સર્વાઈકલ કેન્સર હોવાનું નિદાન થયું હતું. અને ૪૩૦ લોકો આ રોગથી મૃત્યુ પામ્યા હતા. જે "ટાળી શકાય તેવું" કહ્યું હતું. સાલ્વાડોર કહે છે કે કેનેડા હવે કેટલીક મોટી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યું છે. વર્ષોથી અમે PAP પરીક્ષણ પર આધાર રાખ્યો છે, ૨૦૦૦ના દાયકાના મધ્યમાં કેનેડામાં HPV રસીના પ્રથમ પ્રવેશ પર અમારો પ્રારંભિક ઉત્સાહ વધુ હતો. પરંતુ કેનેડા હવે વિકસિત થયું છે, કેનેડાની ગાયનેકોલોજિક ઓન્કોલોજી સોસાયટી હવે "સર્વાઈકલ કેન્સર સ્ક્રીનીંગ માટે HPV DNA પરીક્ષણમાં તાત્કાલિક રાષ્ટ્રીય પરિવર્તન" અને "HPV સ્વ-સંગ્રહ સ્વેબ અને કિટ્સનો અમલ" કરવાની ભલામણ કરી રહી છે.

## 'મહારથી' દેશોની આર્થિક દાદાગીરી સામે મધ્યમ શક્તિઓનો શંખનાદ

# કેનેડા-દક્ષિણ કોરિયા વચ્ચે ઐતિહાસિક સંરક્ષણ કરાર : સહયોગનું પણ વચન

## માર્ક કાર્નેની અપીલ બાદ બંને દેશો સંરક્ષણ અને ગુપ્ત માહિતીના આદાનપ્રદાન માટે એકજૂથ

**ઓન્ટેરિયો**

વડાપ્રધાન માર્ક કાર્નેએ "મહાન શક્તિ" આર્થિક બળજબરીનો સામનો કરવા માટે મધ્યમ શક્તિઓને એકસાથે આવવા વિનંતી કર્યાના લગભગ એક મહિના પછી કેનેડા અને દક્ષિણ કોરિયાએ એક નવા સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. ઓક્ટોબરમાં પૂર્ણ થયેલી વાટાઘાટો બાદ, બંને દેશોએ બુધવારે વર્ગીકૃત લશ્કરી અને સંરક્ષણ માહિતીના વિનિમય અને રક્ષણ સંબંધિત એક કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. ઓટ્ટાવાએ કહ્યું હતું કે, આ કરાર સંરક્ષણ ખરીદી અને ઔદ્યોગિક સુરક્ષાથી લઈને સંશોધન સુધીની દરેક બાબતમાં સહયોગ સુધારવા માટે કાનૂની આધાર બનશે. બુધવારે મળેલી બેઠકમાં દેશોએ વર્તમાન ભૂ-રાજકીય વાસ્તવિકતાઓને પ્રતિબિંબિત કરવા માટે તેમની વ્યૂહાત્મક ભાગીદારીને અપડેટ કરવા અને દેશોના લશ્કરી દળોના સહયોગ માટે કાનૂની માળખા સહિત સંરક્ષણ સહયોગ કરાર પર વાટાઘાટો શરૂ કરવા પણ સંમતિ આપી હતી.

ગયા મહિને દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં એક ભાષણમાં કાર્નેએ મધ્યમ શક્તિઓને "અમેરિકન વર્ચસ્વ" અને નાના દેશોને વશ કરવાના મહાન શક્તિઓના પ્રયાસો સામે સાથે મળીને કામ કરવા વિનંતી કરી હતી.

આ સોદો ત્યારે પણ થયો છે જ્યારે દક્ષિણ કોરિયન કંપની હાનવા ઓશન્સ જર્મન સબમરીન ઉત્પાદક TKMS સાથે કેનેડાને ૧૨ નવી સબમરીન સપ્લાય કરવા માટે અબજો ડોલરના કરાર માટે સ્પર્ધા કરી રહી છે.

# કેનેડામાં હોકીનો ક્રેઝ યથાવત, ગોલ્ડ મેડલ મેચની અંતિમ ક્ષણો જોવા ૯ મિલિયન દર્શકો જોડાયા

## 89 મિલિયન ઓનલાઇન સ્ટ્રીમ્સ સાથે પેરિસ 2024નો રેકોર્ડ તૂટી ગયો

**ઓન્ટેરિયો**

લગભગ નવ મિલિયન કેનેડિયનોએ મિલાનો-કોર્ટિના ઓલિમ્પિક્સમાં પુરુષોની ગોલ્ડ મેડલ હોકી રમતના અંતિમ તબક્કાને નિહાળ્યો હતો. આ અંગે સીબીસી કહે છે કે, રમતોમાં કેનેડાની સૌથી વધુ જોવાયેલી ક્ષણ હતી.



સીબીસીએ આ વર્ષની રમત કુલ કેટલા લોકોએ જોઈ, અથવા સમગ્ર રમત દરમિયાન સરેરાશ દર્શકોની સંખ્યા કેટલી હતી તે જણાવ્યું નથી. પરંતુ ફક્ત ૮.૭ મિલિયન લોકોએ અંતિમ ધ્યેય માટે જોયા હતા, એક એવી સંખ્યા જેમાં Gem ઉપર સ્ટ્રીમિંગ કરનારાઓનો સમાવેશ થતો નથી, એમ એક પ્રવક્તાએ જણાવ્યું હતું. પ્રસારણકર્તા કહે છે કે આશરે ૩૦.૫ મિલિયન કેનેડિયનો, જે વસ્તીના લગભગ ૭૩ ટકા છે, તેમણે સીબીસીના અંગ્રેજી અને ફ્રેન્ચ ટીવી નેટવર્ક અને બ્રોડકાસ્ટ ભાગીદારો ટીએસએન, સ્પોર્ટ્સનેટ અને આરડીએસ ઉપર ઓલિમ્પિકનો અમુક ભાગ જોયો હતો. તેના ઓનલાઈન કન્ટેન્ટને ૮૯ મિલિયન "સ્ટ્રીમ્સ" મળ્યા હતા, જે કોઈ "પ્લે" બટન પર ક્લિક કરે ત્યારે ગણવામાં આવે છે. તે પેરિસ ૨૦૨૪ ઓલિમ્પિક દરમિયાન ૭૪ મિલિયન સ્ટ્રીમ્સ સાથે સરખાવે છે. તેને સ્ટ્રીમ ગણવા માટે કોઈ ન્યૂનતમ જોવાનો સમય જરૂરી નથી, પરંતુ જાહેર પ્રસારણકર્તા કહે છે કે દર્શકોએ આ વર્ષે સીબીસીના ડિજિટલ અને સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ ઉપર ૪૨ મિલિયન કલાકની સામગ્રી જોઈ, જેમાં CBC Gemનો પણ સમાવેશ થાય છે. આ ૨૦૨૨માં બેઈજિંગ ઓલિમ્પિક કરતા ત્રણ ગણું વધારે છે. ૨૦૨૨ની રમતો કોવિડ-૧૯ રોગચાળાથી પ્રભાવિત થઈ હતી, અને જ્યારે સ્ટ્રીમિંગ સંખ્યા પાછલા વર્ષો કરતા વધી હતી. કારણ કે, ટેકનોલોજી વધુ વ્યાપક રીતે અપનાવવામાં આવી હતી, ત્યારે દર્શકોની સંખ્યા સામાન્ય રીતે સામાન્ય કરતા ઓછી હતી. સીબીસીએ કહ્યું કે તેણે આ વર્ષે 'જેમ'ને પ્રમોટ કરવાને પ્રાથમિકતા બનાવી છે.

# ઈઝરાયલમાં મોદીનું સંબોધન : 'અમે શાંતિના દૂત, ગાઝા શાંતિ યોજનાને ભારતનું સમર્થન'

## શાંતિનો રસ્તો હંમેશા સરળ નથી હોતો, પરંતુ ભારત શાંતિ પ્રક્રિયામાં હંમેશા સાથે છે

**નવી દિલ્હી**

લગભગ ૯ વર્ષ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઈઝરાયલની બે દિવસીય મુલાકાતે પહોંચ્યા હતા તેમના સમકક્ષ બેન્જામિન નેતન્યાહૂએ એરપોર્ટ પર તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. વડાપ્રધાન મોદી બુધવારે સ્થાનિક સમય મુજબ બપોરે ૧૨:૪૫ વાગ્યે તેમની સત્તાવાર મુલાકાતે ઈઝરાયલ પહોંચ્યા હતા.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે ઈઝરાયલની સંસદમાં સંબોધન કર્યું હતું. ભાષણની શરૂઆત શાલોમ અને નમસ્તેથી કરી. તેમણે કહ્યું કે, 'આ સંસદમાં હોવું મારા માટે સન્માનની વાત છે. ભારતના વડાપ્રધાન હોવાના નાતે હું ૧૪૦ કરોડ ભારતીયોની મિત્રતાનો સંદેશ લાવ્યો છું. હું ૧૪૦ કરોડ ભારતીયોની શુભકામનાઓ



તમારા માટે લાવ્યો છું.'પીએમ મોદીએ કહ્યું કે, 'મને ઈઝરાયલની પહેલી યાત્રા કરનારા ભારતના વડાપ્રધાન બનવાનું સૌભાગ્ય મળ્યું અને હું અહીં ફરી આવ્યો અને વધુ ખુશ છું. મારો જન્મદિવસ એ જ દિવસે હોય છે, જે દિવસે ભારતે ઈઝરાયલને એક દેશ તરીકે માન્યતા આપી.'નેસેટને સંબોધિત કરતા વડાપ્રધાન મોદીએ ૭ ઓક્ટોબરના હુમલાની ટીકા કરી. તેમણે આને ક્રૂર હુમલો ઘણાવતા ભારત તરફથી સંવેદના વ્યક્ત કરી. તેમણે ૨૬/૧૧ મુંબઈ આતંકવાદી હુમલાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, 'ભારત પણ આતંકવાદનો શિકાર છે. મારી સંવેદનાઓ તે તમામ લોકોના પરિવાર સાથે છે, જેમણે હમાસના હુમલાઓમાં પોતાના જીવ ગુમાવ્યા. ભારત ઈઝરાયલની સાથે ઉભું છે અને આગળ પણ ઉભું રહેશે.'વડાપ્રધાન મોદીએ ઈઝરાયલી સંસદને સંબોધિત કરતા હમાસને આડેહાથ લેતા કહ્યું કે, 'નિર્દોષ નાગરિકોની હત્યા કોઈપણ સંજાગોમાં સહન નહીં. કોઈપણ કિંમત પર નિર્દોષોની હત્યાને યોગ્ય ન ગણી શકાય. શાંતિનો રસ્તો હંમેશા સરળ નથી હોતો, પરંતુ ભારત શાંતિ લાવવાની આ પ્રક્રિયામાં હંમેશા સાથે છે. ગાઝા શાંતિ પ્રયાસમાં ભારત તમારી સાથે છે.'

# યુએસ સંસદમાં ટ્રમ્પનો ખોંખારો : ઈરાન પાસે પરમાણુ હથિયાર રહેવા દઈશું નહીં

**વોશિંગ્ટન**

અમેરિકામાં મધ્યસત્ર ચૂંટણી પહેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સ્ટેટ ઓફ ધ યુનિયનને સંબોધન કર્યુ હતું. ટ્રમ્પે આ વક્તવ્ય દરમિયાન ભાવિ નીતિઓ અને રાજનીતિ અંગે વાત કરી હતી. યુએસ સંસદમાં ટ્રમ્પે ખોંખારીને ઈરાનને પાઠ ભણાવવાનું એલાન કર્યું હતું. તેમણે ઈરાન પાસે પરમાણુ હથિયાર નહીં રહેવા દેવાનો હુંકાર કર્યો હતો. ૧૦૮ મિનિટના પ્રવચન દરમિયાન તેમણે ઈરાન સરકારને ૩૨ હજાર પ્રદર્શનકારીઓની હત્યા માટે જવાબદાર ઠેરવી હતી. ટ્રમ્પે કહ્યું હતું કે, ઈરાન સાથેનો વિવાદ ઘર્ષણના બદલે વાતચીતથી ઉકેલવાની તેમની ઈચ્છા છે. જા કે આતંકવાદને પોષનારા દેશ પાસે પરમાણુ હથિયાર હોવા જાઈએ નહીં. શાંતિ સ્થાપવા માટે શક્તિ બતાવવી જરૂરી છે. અમેરિકાના સંરક્ષણ બજેટનો ઉલ્લેખ કરતા ટ્રમ્પે મોટા પાયે સૈનિકોની ભરતી ચાલી રહી



હોવાનું કહ્યુ હતું. પોતાની સરકારની સિદ્ધિઓ ગણાવતા ટ્રમ્પે કહ્યુ હતું કે, અમેરિકાની આઝાદીને ૨૫૦ વર્ષ પૂરા થઈ રહ્યા છે અને દુનિયામાં કોઈ દેશ અમેરિકા જેવો નથી. ટ્રમ્પના ભાષણનો વિરોધ કરતા ડેમોક્રેટ સાંસદોએ વોકઆઉટ કર્યુ હતું અને તેના જવાબમાં રીપબ્લિકન સભ્યોએ સૂત્રોચ્ચાર કર્યા હતા. દેશમાં ગુનાખોરી ઘટી હોવાનો દાવો કરતા ટ્રમ્પે કહ્યુ હતું કે, આખો દેશ બદલાઈ ગયો છે અને અત્યાર સુધી કોઈએ આવું કર્યું નથી. આજે દેશની સરહદો સુરક્ષિત છે. મોંઘવારી ઘટી રહી છે અને આવક વધી રહી છે. દેશનું અર્થતંત્ર મજબૂત થઈ રહ્યું છે અને શત્રુઓ ગભરાયેલા છે.

# શેરબજારમાં રોકાણના નામે રૂ. 1.54 કરોડની છેતરપિંડી

## ગેંગના છેડા ચીન સુધી જોડાયા હોવાનું પ્રાથમિક અનુમાન : અમદાવાદમાં બૅન્ક મેનેજર સહિત 5ની ધરપકડ

શેરબજારમાં રોકાણના નામે નિર્દોષ લોકોને લૂંટતી ચાઈનીઝ ગેંગના નેટવર્કને અમદાવાદ સાયબર ક્રાઇમ બ્રાંચે પકડી પાડ્યું છે. આંતરરાષ્ટ્રીય કૌભાંડમાં ચોંકાવનારો ઘટસ્ફોટ એ થયો છે કે, ઠગાઈના નાણાંને સગેવગે કરવામાં એક પ્રતિષ્ઠિત બૅન્કના અધિકારીઓ પણ સામેલ હતા. પોલીસે બૅન્ક મેનેજરો સહિત કુલ 5 આરોપીઓની ધરપકડ કરી છે.

મળતી માહિતી અનુસાર, આ છેતરપિંડીની શરૂઆત ડિસેમ્બર 2025માં થઈ હતી. ફરિયાદીને **'91 BARCLAYS-Stock Market Pioneer'** નામના વોટ્સએપ ગ્રૂપમાં એડ કરી **IPO** અને શેરબજારમાં જંગી નફાની લાલચ આપવામાં આવી હતી.




ફરિયાદીને એક લિંક દ્વારા બોગસ એપ્લિકેશન ડાઉનલોડ કરાવાઈ. નફાના લોભમાં ફરિયાદીએ અલગ-અલગ ખાતાઓમાં કુલ 1.54 કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા. જ્યારે રકમ પરત માંગવાનો સમય આવ્યો ત્યારે તમામ સંપર્ક તોડી નાખવામાં આવ્યા, જેથી છેતરાયેલા શખ્સે સાયબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવી છે.

પોલીસ તપાસમાં બહાર આવ્યું કે ઈન્ડસન્ડ બૅન્કના કર્મચારીઓએ કમિશનની લાલચમાં નિયમો નેવે મૂકીને ચાઈનીઝ ગેંગને મદદ કરી હતી. ગોતા બ્રાન્ચ એકાઉન્ટ મેનેજર મહેશ તારાણી ખાતાધારકની ગેરહાજરીમાં જ મોબાઈલ નંબર અને ઈ-મેઈલ આઈડી બદલી નાખતો હતો. ન્યૂ ચાંદખેડા બ્રાન્ચ મેનેજર પૂજા પરીયત આખા કાવતરામાં સૂચનાઓ આપતી અને ખાતાધારકની જાણ બહાર નેટબૅન્કિંગ દ્વારા ફ્રોડના નાણાંની એફ.ડી. કરી દેતી. બૅન્ક મેનેજર હિના દિવ્યમ દરજી ફ્રોડના પૈસાથી જ્વેલર્સમાં જઈ સોનાની ખરીદી કરતી, જેથી રોકડને સોનામાં બદલી ગેંગના મુખ્ય સાગરીતો સુધી પહોંચાડી શકાય. સુરતના હરેશ મકવાણા કમિશન માટે પોતાનું બૅન્ક એકાઉન્ટ ગેંગને વાપરવા આપ્યું હતું. જ્યારે રાજુ મકવાણા નવા બૅન્ક ખાતા ખોલાવી ઠગાઈના નાણાંના ટ્રાન્ઝેક્શન સેટલ કરતો હતો.

સાયબર ક્રાઈમની ટીમે ટેકનિકલ એનાલિસિસના આધારે ભાવનગર, સુરત અને અમદાવાદમાં દરોડા પાડીને આ પાંચેય આરોપીઓને ઝડપી લીધા છે. તપાસમાં જાણવા મળ્યું છે કે આ ગેંગના છેડા ચીન સુધી જોડાયેલા છે. બૅન્ક કર્મચારીઓની સંડોવણીને કારણે હવે પોલીસ બૅન્કિંગ સેક્ટરમાં ચાલી રહેલા આવા અન્ય કૌભાંડોની પણ ઝીણવટભરી તપાસ કરી રહી છે.

# સાંસદ, મંત્રી અને ધારાસભ્યોનું માન જાળવો નહીં તો પગલાં લેવાશે, અધિકારીઓને ચીમકી

**અમદાવાદ**

ગુજરાત સરકારના વહીવટી તંત્રમાં લોકપ્રતિનિધિઓના સન્માનને લઈને ફરી એકવાર વિવાદ અને ચર્ચા જાગી છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા એક અત્યંત મહત્વનો પરિપત્ર બહાર પાડીને સરકારી અધિકારીઓ અને કર્મચારીઓને સ્પષ્ટ ચીમકી આપવામાં આવી છે કે, જો સંસદસભ્યો, મંત્રીઓ કે ધારાસભ્યોના માન-સન્માનમાં કોઈ ચૂક થશે, તો તેને ગંભીર ગણીને કડક પગલાં લેવામાં આવશે. સરકારના ધ્યાને આવ્યું કે, અગાઉ વર્ષ 2018 અને 2021માં આ બાબતે અનેક સૂચનાઓ આપવા છતાં, અમુક અધિકારીઓ લોકપ્રતિનિધિઓ સાથે વિવેકપૂર્ણ વ્યવહાર કરતા નથી. જાહેર હિસાબ સમિતિએ પણ ગંભીર નોંધ લીધી હતી કે સરકારી કાર્યક્રમોમાં લોકપ્રતિનિધિઓની અવગણના કરવામાં આવે છે અથવા તેમને યોગ્ય પ્રોટોકોલ મળતો નથી.

### આ બાબતોનો ખ્યાલ રાખવા આદેશ

» મંત્રીઓના જિલ્લા પ્રવાસ કાર્યક્રમ દરમિયાન તેમને ગરિમાપૂર્ણ આવકાર આપવો.

» જિલ્લા તંત્ર દ્વારા સરકારી કાર્યક્રમોના આયોજન વખતે જે-તે જિલ્લાના પ્રભારી મંત્રીને સંકલનમાં રાખીને કાર્યક્રમોનું આયોજન કરવું.

» જનપ્રતિનિધિઓની જાહેર કાર્યક્રમમાં તેમજ સરકારી કચેરીઓની મુલાકાત દરમિયાન સરકારી અધિકારીઓએ તેમનું માન જળવાય અને વિવેકપૂર્ણ વ્યવહાર થાય તે અંગે ખાસ ધ્યાન રાખવું. તેમને રાહ જોવડાવ્યા વિના તુરત જ આવકારી, તેમની રજૂઆતો સાંભળવી / રજૂઆતો અંગે ચર્ચા કરવી.

# ગુજરાતમાં મહાનગરપાલિકા ચૂંટણી માટે તૈયારીઓ : આયોગે અધિકારીઓ નિમ્યાં

**અમદાવાદ**

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આગામી સમયમાં યોજાનારી મહાનગરપાલિકાઓની સામાન્ય ચૂંટણીઓ માટે વહીવટી તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે. રાજ્ય ચૂંટણી આયોગે તારીખ 24 ફેબ્રુઆરી 2026ના રોજ એક સત્તાવાર હુકમ બહાર પાડીને વિવિધ મહાનગરપાલિકાઓ માટે ચૂંટણી અધિકારી અને મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરી છે. આ નિમણૂકો ભારતના સંવિધાનના અનુચ્છેદ 243 વ.ક અને ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, 1949ની કલમ 14 હેઠળ મળેલ સત્તાની રુએ કરવામાં આવી છે. અમદાવાદ, રાજકોટ, ભાવનગર, સુરત, વડોદરા અને જામનગર જેવી મોટી મહાનગરપાલિકાઓ સહિત આણંદ, નડીઆદ, મહેસાણા, નવસારી, પોરબંદર, સુરેન્દ્રનગર, મોરબી અને વાપી જેવી નગરપાલિકાઓ/મહાનગરપાલિકાઓના વોર્ડ વાઇઝ જવાબદારીઓ સોંપવામાં આવી છે. આ યાદીમાં ડેપ્યુટી કલેક્ટર, મામલતદાર, સિટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી કક્ષાના અધિકારીઓને વિવિધ વોર્ડની જવાબદારી સોંપવામાં આવી છે,

# ગુજરાતમાં તાપમાનનો પારો ચડ્યો મોટા ભાગના શહેરોમાં ગરમી વધી

**અમદાવાદ**

ગુજરાતમાં ગરમીનો પારો સતત ઉપર ચડતો જાય છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં મહત્તમ તાપમાન 35થી 38 ડિગ્રી સુધી નોંધાયું હતું. દિવસ દરમિયાન ગરમીનો અનુભવ લોકોને થઈ રહ્યો છે અને જનજીવન પર તેની અસર જોવા મળી રહી છે.

મુખ્ય શહેરોની વાત કરીએ તો અમદાવાદમાં બુધવારે 36.4 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. જ્યારે લઘુતમ તાપમાન 21.8 ડિગ્રી રહ્યું હતુ. વહેલી સવાર અને મોડી સાંજને બાદ કરતા દિવસ દરમિયાન ગરમીનો માહોલ રહ્યો હતો. વડોદરામાં મહત્તમ તાપમાન 35.8 ડિગ્રી અને લઘુતમ 19.6 ડિગ્રી નોંધાયું હતું.

સુરતમાં પણ સૂર્યદેવતાનો તાપ વર્તાયો હતો. મહત્તમ તાપમાન 35.6 ડિગ્રી અને લઘુતમ તાપમાન 20.7 ડિગ્રી આસપાસ નોંધાયું હતું. તો સૌરાષ્ટ્રનું રાજકોટ 36.6 ડિગ્રીએ તપ્યું હતું જ્યારે લઘુતમ તાપમાન 20.2 ડિગ્રી નોંધાયું હતું. કંડલા, ડિસા, નલિયા વગેરેમાં 36થી 34 ડિગ્રી જેટલું મહત્તમ તાપમાન રહ્યું હતું.

# કેનેડાની આઈટી કંપનીમાં ભાગીદારીની લાલચ આપીને રૂપિયા 25.45 લાખની છેતરપિંડી થઈ

**ગાંધીનગર**

ગાંધીનગરના કુડાસણની કાનમ રેસિડેન્સી-૨માં રહેતા અને મોટેરા ખાતે ફર્નિચરનો વ્યવસાય કરતાં ધર્મેન્દ્રભાઈ અર્જુનભાઈ દેસાઈએ ફરિયાદ નોંધાવી હતી કે, તેમની જ સોસાયટીમાં રહેતા સુભાષ લક્ષ્મીશંકર જોષી સાથે છેલ્લા આઠ વર્ષથી તેમની ઓળખાણ હતી. રાત્રિના સમયે સોસાયટીમાં સાથે બેસતા હોવાથી બંને વચ્ચે મિત્રતા થઈ હતી. મે ૨૦૨૫માં સુભાષ જોષીએ ધર્મેન્દ્રભાઈને જણાવ્યું હતું કે, તેની ગાંધીનગરમાં બે આઈટી કંપનીઓ ચાલે છે. તેણે લાલચ આપી હતી કે તે કેનેડામાં તેના મિત્ર કપિલના નામે નવી કંપની દેવ ટેક ઈન્ફો સોલ્યુશન શરૂ કરવાનો છે. આ કંપનીમાં જો તેઓ ૪૯ ટકાના ભાગીદાર બને, તો તેમને મોટો નફો થશે અને તેમના પુત્રને કેનેડામાં નોકરી તેમજ પી.આર. પણ કરાવી આપશે. જેથી ધર્મેન્દ્રભાઈએ ભાગીદારી પેટે ૨૫ લાખ રૂપિયા આપવાનું નક્કી કર્યું હતું. તેમણે ૧૫ લાખ અને ૫ લાખ રોકડા સુભાષની પત્ની સીમાબેનને આપ્યા હતા તેમજ ૩ લાખનો ચેક અને બાકીની રકમ ઓનલાઇન ટ્રાન્સફર કરી હતી.આમ, કુલ રૂ. ૨૫,૪૫,૦૦૦ દંપતીએ મેળવી લીધા હતા. થોડા સમય બાદ જ્યારે તેમણે હિસાબ માંગ્યો ત્યારે સુભાષ દ્વારા ખોટું આશ્વાસન અપાયું હતું કે ત્રણ મહિનામાં ૧૭ લાખનો નફો થયો છે. જોકે, ડિસેમ્બર મહિનામાં સુભાષ જોષી અચાનક ઘર છોડીને જતો રહ્યો હતો.

તપાસ કરતા જાણવા મળ્યું કે જે આઈટી કંપનીઓ સુભાષ પોતાની ગણાવતો હતો તે તેની નહોતી અને કેનેડામાં પણ કોઈ કંપની રજીસ્ટર થઈ નહોતી. જેથી તેમની સાથે છેતરપિંડીનો અહેસાસ થતાં ઈન્ફોસિટી પોલીસ મથકમાં દંપતિ સામે ફરિયાદ નોંધાવી છે.

# ડ્રીમ પ્રોજેક્ટ 'કલ્પસર' 18 વર્ષ પછી પણ ફાઈલમાં 6 CM બદલાઈ ગયા, હજુ DPRના ઠેકાણા નથી

## મંજૂરીઓનો લાંબો રસ્તો: DPR બાદ કેન્દ્ર અને રાજ્ય સરકારની મંજૂરીનું વિઘ્ન

**ગાંધીનગર**

સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતની જનતાને પીવાના પાણીની સાથે સિંચાઈનો લાભ મળે તે હેતુથી ઘડાયેલી બહુહેતુક 'કલ્પસર યોજના' હવે માત્ર કલ્પના સમાન બની રહી હોય તેવું જણાય છે. છેલ્લા 18 વર્ષમાં રાજ્યમાં છ મુખ્યમંત્રીઓ બદલાયા હોવા છતાં, આ પ્રોજેક્ટના ડીપીઆર(DPR) હજુ સુધી તૈયાર થયા નથી. લાખો રૂપિયાનો ખર્ચ કરવા છતાં કલ્પસર યોજના ક્યારે શરૂ થશે તે હજુ અનિશ્ચિત છે, પરિણામે આ મહત્ત્વાકાંક્ષી ડ્રીમ પ્રોજેક્ટ માત્ર ફાઈલોમાં જ સીમિત રહ્યો છે.

ખંભાતના અખાતના બંને કિનારાને જોડીને મીઠા પાણીનું વિશાળ સરોવર બનાવવું એ આ યોજનાની મુખ્ય પ્રાથમિકતા રહી છે. વર્ષ 2002માં તત્કાલીન ભાજપ સરકારે કલ્પસર પ્રોજેક્ટને સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી. શરુઆતમાં આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ 25 હજાર કરોડ હતો, પરંતુ સતત થતાં વિલંબને કારણે હવે આ ખર્ચ વધીને 90 હજાર કરોડ સુધી પહોંચ્યો છે. આ યોજના સાકાર થવાથી સૌરાષ્ટ્રની 10 લાખ હેક્ટર જમીનને સિંચાઈનું પાણી મળશે.

અત્યાર સુધી કલ્પસર યોજનાના માત્ર વિવિધ અભ્યાસો પાછળ જ લાખો રૂપિયાનો ધુમાડો કરવામાં આવ્યો છે. વિધાનસભામાં આ મુદ્દે પૂછાયેલા સવાલના જવાબમાં રાજ્ય સરકારે જણાવ્યું હતું કે, કલ્પસર યોજનાનો ડિટેઈલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ(DPR) હાલ આખરી તબક્કામાં છે. આ ઉપરાંત, છેલ્લા બે વર્ષમાં સરકારે આ યોજના માટે 4 કરોડની ગ્રાન્ટ ફાળવી હતી, જેમાંથી 2.60 કરોડનો ખર્ચ પણ થઈ ચૂક્યો છે.

# પોલીસ જ બેઘર! 55 વર્ષથી ભાડાના મકાનમાં ચાલે છે અનેક પોલીસ ચોકી

## વિધાનસભામાં પ્રશ્ન પુછાતા સરકારનો જવાબ

**અમદાવાદ**

આજે ગુજરાત વિધાનસભામાં કાંકરેજના ધારાસભ્ય અમૃતજી મોતીજી ઠાકોરે અમદાવાદમાં શહેરમાં ભાડાની જગ્યા પર ચાલતી પોલીસ કચેરીઓ અને બે વર્ષમાં કેટલી રકમનું ભાડું ચૂકવવાનું બાકી છે તથા તેના કારણો શા છે તેવો સવાલ પૂછ્યો હતો.

રાજ્ય સરકારે જણાવ્યું, 31-12-2025ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં 13 પોલીસ કચેરીઓ ભાડાના મકાનમાં ચાલે છે. જેમાં અમદાવાદ પોલીસ કમિશનર- એ ડિવિઝન 17 વર્ષથી, થલતેજ પોલીસ ચોકી 17 વર્ષથી, સાબરમતી રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશન 10 વર્ષથી, ગુજરાત હાઉસિંગ પોલીસ ચોકી 14 વર્ષથી, નાગોરીવાડ પોલીસ ચોકી 55 વર્ષથી, કૃષ્ણનગર પોલીસ ચોકી 10 વર્ષ, સૈજપુર પોલીસ ચોકી 10 વર્ષથી, ચમનપુરા પોલીસ ચોકી 38 વર્ષથી, ચરોડીયા પોલીસ ચોકી 46 વર્ષથી, હાટકેશ્વર પોલીસ ચોકી 54 વર્ષથી, ઓઢવ જીઆઈડીસી પોલીસ ચોકી 32 વર્ષથી, એસ ટી પોલીસ ચોકી 10 વર્ષથી અને વેજલપુર પોલીસ ચોકી 12 વર્ષથી ભાડાના મકાનમાં ચાલે છે.

# GST ઑર્ડરમાં AI સર્જિત 'બનાવટી' ચુકાદાનો ઉપયોગ

## ગુજરાત હાઇકોર્ટ લાલઘૂમ : અર્ધ-ન્યાયિક સત્તાધિકારીઓ માટે ચોક્કસ માર્ગદર્શિકા નક્કી કરવા વકીલનું સૂચન

**અમદાવાદ**

સુપ્રીમ કોર્ટ દ્વારા વકીલોને અરજીઓ તૈયાર કરવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) પર નિર્ભર રહેવા સામે સાવધ કર્યાના એક અઠવાડિયા પછી, ગુજરાત હાઈકોર્ટે પણ એક "ચિંતાજનક ટ્રેન્ડ" તરફ ઈશારો કર્યો છે. કોર્ટે નોંધ્યું છે કે, અર્ધ-ન્યાયિક (Quasi-judicial) આદેશોમાં AI દ્વારા જનરેટ કરાયેલા અને શંકાસ્પદ કેસ લૉ(ચુકાદાઓ)નો સહારો લેવામાં આવી રહ્યો છે.




'મરહાબા ઓવરસીઝ પ્રાયવેટ લિમિટેડ' સાથે સંકળાયેલા એક કેસમાં હાઈકોર્ટે જોયું કે જીએસટી (GST) ઑર્ડરમાં ટાંકવામાં આવેલા કેટલાય ચુકાદાઓ ક્યાંય અસ્તિત્વમાં જ નથી અથવા તેને ચકાસી શકાય તેમ નથી. કેટલાક ચુકાદાઓ તો ખોટી કોર્ટના નામે ચડાવી દેવામાં આવ્યા હતા.

એડિશનલ કમિશ્નરના ઑર્ડરમાં એવા ચુકાદાઓનો ઉલ્લેખ હતો, જે શોધવા છતાં મળ્યા નહોતા. કેટલાક ચુકાદા ગુજરાત હાઈકોર્ટના હોવાનું ટાંકવામાં આવ્યું હતું, પરંતુ વાસ્તવમાં તે સુપ્રીમ કોર્ટ અથવા અન્ય કોર્ટના હતા.

**AI પર આંધળો વિશ્વાસ:** હાઈકોર્ટે અવલોકન કર્યું કે, કમિશ્નરે અસલી ચુકાદાઓ વાંચ્યા વિના જ AI-જનરેટેડ ટાંકેલા સંદર્ભોનો આંધળો ઉપયોગ કર્યો હોય તેવું લાગે છે.

વરિષ્ઠ વકીલ સૌરભ સોપારકર અને પાર્થ ભટ્ટે કોર્ટને વિનંતી કરી હતી કે અર્ધ-ન્યાયિક સત્તાધિકારીઓ માટે ચોક્કસ માર્ગદર્શિકા નક્કી કરવી જોઈએ. જેથી તેઓ અસ્તિત્વમાં ન હોય તેવા AI ચુકાદાઓનો ઉપયોગ ન કરે.

જસ્ટિસ એ.એસ. સુપૈયા અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની બેન્ચે આ રજૂઆતને ગ્રાહ્ય રાખતાં કહ્યું કે આ એક ચિંતાજનક બાબત છે. કોર્ટે જણાવ્યું હતું કે: "કમિશ્નર દ્વારા રેકોર્ડ કરવામાં આવેલા તારણો અને કારણો ક્ષતિગ્રસ્ત અને ભ્રામક છે. એવું જણાય છે કે કમિશ્નરે વાસ્તવિક ચુકાદાઓ વાંચ્યા વિના જ AI-જનરેટેડ ટાંકેલા સંદર્ભો અને કેસને અનુસર્યા છે."

કોર્ટે વધુમાં ઉમેર્યું કે, આ એક યોગ્ય કેસ છે. જેમાં અર્ધ-ન્યાયિક સત્તાધિકારીઓ જ્યારે હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટના ચુકાદાઓનો સંદર્ભ આપે ત્યારે તેમના માટે કેટલાક માપદંડો નક્કી કરવાની જરૂર છે.

હાઈકોર્ટે આ મામલે વધુ સુનાવણી 13 માર્ચ પર મુલતવી રાખી છે. તે દિવસે જીએસટીના કાઉન્સિલને આ ગંભીર મુદ્દા પર કોર્ટને સંબોધન કરવા માટે કહેવામાં આવ્યું છે.

# NCTEના મંજૂરી પત્ર જ બોગસ : ગુજરાતના ઉનામાં ધમધમતી નકલી બીએડ કોલેજ પકડાઈ!

## વર્ષ 2023-24 અને 2024-25 દરમિયાન અનેક વિદ્યાર્થીઓએ ઉના કોલેજમાં અભ્યાસ કર્યો

**ઉના**

ઉના પંથકના ભાચા ગામમાં 'વનિતાબેન બચુભાઈ નાંડોળા બીએડ કોલેજ' NCTEની બોગસ મંજૂરીના આધારે બે વર્ષ સુધી ધમધમતી હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. વાસ્તવમાં NCTEદ્વારા આ કોલેજને કોઈપણ પ્રકારની મંજૂરી આપવામાં આવી ન હતી. આ કૌભાંડમાં જવાબદારોએ NCTEના નામે નકલી મંજૂરીપત્ર તૈયાર કરી ગાંધીનગર ઉચ્ચ શિક્ષણ વિભાગ અને જૂનાગઢની ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં મોકલી આપ્યો હતો.આ બોગસ પત્રને આધારે યુનિવર્સિટીએ પણ કોલેજને વિદ્યાર્થીઓની ફાળવણી કરી દીધી હોવાના અણસાર મળી રહ્યા છે. આટલી મોટી ગેરરીતિ સામે આવ્યા બાદ હવે જવાબદારો સામે કડક પોલીસ ફરિયાદ કરવાની માંગ ઉઠી છે.છેલ્લા ઘણા સમયથી સોરઠ પંથકની બીએડ કોલેજા બોગસ હોવાની રાવ સાથે મોટો વિવાદ સર્જાયો હતો. ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં ઉપકુલપતિ બદલાતા જ શંકાસ્પદ બીએડ કોલેજા સામે તપાસનો ગાળિયો કસાયો હતો, જેના કારણે અનેક કોલેજાની મંજૂરી પણ રદ કરવામાં આવી હતી. આ દરમિયાન ઉનાના ભાચા ગામની વી.બી. નાંડોળા બીએડ કોલેજ બોગસ હોવાના ગંભીર આરોપો વચ્ચે આરટીઆઈ અંતર્ગત માહિતી માંગવામાં આવી હતી. આરટીઆઈના જવાબના આધારે કોલેજ પાસે રહેલા મંજૂરીના પત્રો સાચા છે કે ખોટા, તેની એનસીટીઈ માં ખરાઈ કરવામાં આવી હતી.

# કેવી રીતે ભણશે ગુજરાત : છેલ્લા બે વર્ષમાં ૭૫ પ્રાથમિક શાળાઓને તાળા

**ગાંધીનગર**

ગુજરાત વિધાનસભા બજેટ સત્ર ચાલી રહ્યું છે. બજેટ સત્ર દરમિયાન આજની (૨૬ ફેબ્રુઆરી) કાર્યવાહી પ્રશ્નોત્તરી દ્વારા યોજાઈ હતી.

વિધાનસભાના આજે નવમા દિવસે શિક્ષણ વિભાગના પ્રશ્નોત્તરી કાળથી શરૂઆત થઈ હતી. આજે ગુજરાત વિધાનસભાના સત્રના પ્રશ્નોત્તરી દરમિયાન રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓની સ્થિતિ અંગે પ્રશ્નો ઉઠ્યા હતા. જેમાં માહિતી મળી હતી કે, છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ૭૫ જેટલી સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી છે. આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના બેઠકના ધારાસભ્ય ચૈતર વસવા દ્વારા પૂછવામાં આવેલા તા. ૨૧-૦૧-૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી છે. જે અંગે સરકારના મંત્રીએ જવાબ આપતા જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ૭૫ જેટલી સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી છે. મંત્રીએ કહ્યું કે, શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં થયેલા ઘટાડાને કારણે બંધ કરવામાં આવી છે. તેમજ કેટલીક શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા શૂન્ય થઈ જવી એ આ શાળાઓ બંધ કરવાનું મુખ્ય કારણ છે.

# સાબરડેરીમાં ચેરમેનની ચેમ્બરમાં ડિરેક્ટરો બાખડ્યા પડ્યા : જયેશ પટેલ ઉપર આક્ષેપ

**સાબરકાંઠા**

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના લાખો પશુપાલકોની આસ્થાનું કેન્દ્ર એવી સાબરડેરી આજે રણમેદાનમાં ફેરવાઈ ગઈ હતી. ડેરીના ચેરમેનની ચેમ્બરમાં જ ડિરેક્ટરો વચ્ચે ભારે હંગામો સર્જાયો હતો. ગંભીર આક્ષેપ છે કે બે સિનિયર ડિરેક્ટરોએ ભેગા મળીને અન્ય એક ડિરેક્ટર જશુ પટેલ પર હુમલો કર્યો અને તેમને ખુરશી પરથી નીચે પાડી દઈ લાતો મારી હતી.મળતી માહિતી મુજબ, સાબરડેરીમાં સરહદી વિસ્તારના દૂધમાં ચાલી રહેલી કથિત ગરબડનો મુદ્દો ચર્ચામાં હતો. ડિરેક્ટર જશુ પટેલે આ મામલે સત્તાધીશો પાસે વિગતો અને માહિતી માંગી હતી. દૂધમાં ગરબડની માહિતી માંગતા જ અન્ય ડિરેક્ટરો ઉશ્કેરાઈ ગયા હતા અને મામલો બિચક્યો હતો.

સૌથી ચોંકાવનારી વાત એ છે કે આ સમગ્ર ઘટના ચેરમેનની ચેમ્બરમાં જ ઘટી હતી, જ્યાં બે સિનિયર ડિરેક્ટરોએ એકસંપ થઈને જશુ પટેલ પર હુમલો કર્યો હોવાનો ગંભીર આક્ષેપ છે. ખુરશીમાં બેઠેલા જશુ પટેલને લાતો મારીને ક્રૂરતાપૂર્વક નીચે પાડી દેવામાં આવ્યા હતા. અચાનક થયેલા આ હુમલા અને નીચે ગબડી પડવાને કારણે જશુ પટેલને શરીરે સામાન્ય ઈજાઓ પહોંચી હોવાની આશંકા સેવાઈ રહી છે.

# યુઝ્ડ કાર માર્કેટમાં 13.5 ટકા હિસ્સા સાથે ગુજરાત દેશમાં ત્રીજા ક્રમે, મહારાષ્ટ્ર મોખરે

## ગ્રામીણ વિસ્તારોમાં સેકન્ડ હેન્ડ કારની વધારે માંગ હોવાનું સરવેમાં તારણ

**અમદાવાદ**

ગુજરાતમાં યુઝ્ડ માર્કેટના હિસ્સામાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. વર્ષ 2024માં ગુજરાતનો હિસ્સો 8.7 ટકા હતો, જે 2025માં વધીને 13.5 ટકા થયો હતો. એક જ વર્ષમાં 4.8 ટકાનો ઉછાળો નોંધાયો હતો. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ગુજરાત હવે માત્ર પૂરક બજાર મટીને યુઝ્ડ કારની મુખ્ય માંગ ધરાવતું રાજ્ય બની ગયું છે. નવી કારની ખરીદીમાં આશરે 40 ટકા હિસ્સો એક્સચેન્જનો હોય છે. મોટાભાગના ગ્રાહકો બીજી વખત કાર ખરીદી રહ્યા છે અને પોતાનું વાહન અપગ્રેડ કરી રહ્યા છે. છેલ્લા પાંચ વર્ષમાં નવી કારની કિંમતમાં થયેલા વધારાના કારણે ઘણા ગ્રાહકો યુઝ્ડ કાર તરફ વળ્યા છે.

સૂત્રોએ જણાવ્યું કે, ગુજરાતમાં નવા વાહનોના મજબૂત રજિસ્ટ્રેશનના કારણે રિસેલ માર્કેટને સતત પ્રોત્સાહન મળી રહ્યું છે. આશરે 40 ટકા ખરીદદારો ઊંચા વેરિઅન્ટમાં અપગ્રેડ થઈ રહ્યા છે, જેનાથી સેકન્ડ હેન્ડ માર્કેટમાં વાહનોનો પ્રવાહ જળવાઈ રહ્યો છે. આણંદ અને મહેસાણા જેવા જિલ્લાઓમાં NRI મુલાકાતીઓ દ્વારા ખરીદાયેલી કારોને કારણે માર્કેટમાં હિલચાલ રહે છે, જેઓ વિદેશ પાછા જતી વખતે કાર વેચી દેતા હોય છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, રસપ્રદ વાત એ છે કે શહેરી કેન્દ્રો કરતા ગ્રામીણ વિસ્તારોમાં સેકન્ડ હેન્ડ કારનું માર્કેટ વધુ મજબૂત છે. અગાઉ લોકો લાંબા સમય સુધી કાર રાખતા હતા, પરંતુ હવે ઘણા ગ્રાહકો 7 વર્ષની અંદર અને કેટલાક શહેરી વિસ્તારોમાં તો 2 થી 3 વર્ષમાં જ કાર બદલી નાખે છે.

# મુંદ્રા ડ્રગ્સ કેસમાં ઘટસ્ફોટ : ૯ કરોડની દવાના કૌભાંડમાં આંતરરાષ્ટ્રીય રેકેટનો પર્દાફાશ થયો

**ભુજ**

કચ્છ જિલ્લાના મુંદ્રા બંદરેથી તાજેતરમાં પકડવામાં આવેલી પ્રતિબંધિત દવાના પ્રકરણમાં મોટાં ઈન્ટરનેશનલ ડ્રગ ટ્રાફિકિંગ રેકેટનો ઘટસ્ફોટ થતા ચકચાર પ્રસરી જવા પામી છે. યુનાઈટેડ કિંગડમ (યુ.કે) સાથે લિંક ધરાવતા આ રેકેટમાં મુંદરા અદાણી પોર્ટના સીબર્ડ સીએફએસ (કન્ટેનર ફ્રેઈટ સ્ટેશન) ખાતેથી કસ્ટમ્સની સ્ટેટ ઈન્ટેલિજન્સ બ્યુરોની વિંગ અને દિલ્હીની ક્રાઈમ બ્રાન્ચે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને અંદાજે ૯ કરોડ રૂપિયાની કિંમતની ૧૮ લાખથી વધુ સાયકોટ્રોપિક ગોળીઓ જપ્ત કરી હતી.

દિલ્હી ક્રાઈમ બ્રાન્ચે ગત વર્ષે ઓક્ટોબરમાં ૫૪,૦૦૦ જેટલી પ્રતિબંધિત ટ્રામાડોલ ગોળીઓ સાથે પકડેલા મોહમ્મદ આબિદ નામના શખ્સની રિમાન્ડ દરમ્યાન પૂછપરછમાં ખુલાસો થયો હતો કે, નિકાસકાર વિષ્ણુ દત્ત શર્માએ ઘરગથ્થુ સામાનની આડમાં કચ્છના મુંદરા અદાણી બંદર પરથી એક કન્ટેનરમાં ટ્રામાડોલ સહિતની પ્રતિબંધિત દવાઓના ૩૨થી ૩૩ જેટલા બોક્સ યુક્તિપૂર્વક છુપાવીને મુંદરા કસ્ટમ્સના નાક નીચેથી યુનાઈટેડ કિંગડમ મોકલ્યું હતું. જે બાદ હરકતમાં આવી ગયેલી ક્રાઈમ બ્રાન્ચે સ્થાનિક કસ્ટમ્સ અધિકારીઓ સાથે સંકલન સાધ્યું હતું અને આ શિપમેન્ટ યુનાઈટેડ કિંગ્ડમમાં ડિલિવર થાય તે પહેલા જ તેને ભારત પરત બોલાવી લેવામાં આવ્યું હતું.

આ કન્ટેનર મુંદ્રા બંદરના અત્યંત વ્યસ્ત ટી-૩ ટર્મિનલ પર પહોંચતા જ તેને સીબર્ડ સીએફએસ ખાતે ખસેડાયું હતું. જ્યાં ગત ૧૬મી ફેબ્રુઆરીના રોજ ડ્રગ્સ ઈન્સ્પેક્ટર, ફોરેન્સિક સાયન્સના નિષ્ણાતો અને કસ્ટમ્સ એસઆઈટીની હાજરીમાં વેરહાઉસ પર દરોડો પાડી આ જંગી જથ્થો કબજે કરવામાં આવ્યો હતો.

# સાણંદમાં રૂપિયા ૨૨,૫૧૬ કરોડના ખર્ચે માઇક્રોનનો સેમિકન્ડક્ટર પ્લાન્ટ તૈયાર

## આ પ્લાન્ટમાં સોલિડ સ્ટેટ ડ્રાઇવ જેવા સ્ટોરેજ ઉપકરણો તેમજ DRAM અને NAND પ્રકારના મેમરી ઉત્પાદનો તૈયાર કરાશે

**અમદાવાદ**

ભારતને સેમિકન્ડક્ટર ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવાના લક્ષ્ય સાથે આગામી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાણંદ ખાતે માઈક્રોન ટેક્નોલોજીના અત્યાધુનિક એસેમ્બલી, ટેસ્ટિંગ, માકિંગ અને પેકેજિંગ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે. માઈક્રોન સેમિકન્ડક્ટર ટેક્નોલોજી ઈન્ડિયા પ્રા. લિમિટેડ દ્વારા સાણંદમાં ૨૨,૫૧૬ કરોડનું જંગી રોકાણ કરવામાં આવ્યું છે, જે ભારતીય ટેકનોલોજી ક્ષેત્રે નવી ક્રાંતિ લાવશે તેવું માનવામાં આવે છે. આ પ્લાન્ટમાં સોલિડ સ્ટેટ ડ્રાઈવ જેવા સ્ટોરેજ ઉપકરણો તેમજ DRAM અને NAND પ્રકારના મેમરી ઉત્પાદનો તૈયાર કરવામાં આવશે. હાલમાં આ પ્લાન્ટમાં ૨૦૦૦ લોકોની ટીમ કાર્યરત છે, જે આગામી સમયમાં વધીને ૫૦૦૦ થશે. નોંધનીય છે કે, આ ટીમમાં દિવ્યાંગ નાગરિકોને પણ ઓપરેટર અને ટેક્નિશિયન તરીકે રોજગારી આપીને સમાવેશ કરવામાં આવ્યો છે.આ પ્લાન્ટમાં થતી કામગીરી ટેકનિકલ દ્રષ્ટિએ અત્યંત જટિલ અને મહત્વપૂર્ણ છે.

# AIને કારણે ભારતમાં 60 લાખ કોડર્સ નોકરી ગુમાવશે, સરકાર પાસે કોઈ જ બેક પ્લાન નહીં

## ભારતના 200 અબજ ડોલરની નિકાસ કરતાં મહાકાય સોફ્ટવેર સર્વિસિઝ માટે ખતરો

**નવી દિલ્હી**

એઆઈના કારણે ભારતના 60 લાખ કોડરોનું અસ્તિત્વ જ ભયમાં મૂકાયું છે. સરકારે એકબાજુએ એઆઈ કંપનીઓ માટે લાલ જાજમ બિછાવી રહી છે અને તેમની ફેક્ટરીઓ સ્થાપવા માટે વિદેશી કંપનીને 20-20 વર્ષના ટેક્સ હોલિડે આપી રહી છે.




ઓટોમેશનમાં જબરદસ્ત વધારો થતાં તેને લગતી કામગીરીનો પણ વિસ્ફોટ થશે. તેના માટેના 60 લાખ કોડર જેટલા મોટા વર્કફોર્સને કંઈ રાતોરાત રીસ્કિલ નહીં કરી શકાય. સરકારે એઆઈ કંપનીઓ માટે લાલજાજમ બિછાવવાની સાથે-સાથે આ કોડરોના રિસ્કિલ સહિતનો કોઈ બેક-અપ પ્લાન તૈયાર કર્યો છે કે નહીં તે મોટો સવાલ ઉદભવે છે.

એઆઈએ ફક્ત કોડિંગ જ શું કામ ભારતના 200 અબજ ડોલરની નિકાસ કરતાં મહાકાય સોફ્ટવેર સર્વિસિઝ માટે પણ મોટો ખતરો સર્જયો છે. આ કંપનીઓને હવે તાત્કાલિક ધોરણે તેમની નવી ભરતી અટકાવવાની કે ધીમી કરી દેવાની તથા વર્તમાન વર્કફોર્સને રિસ્કિલ કરવાની જરૂર પડી છે. તેમા ટીસીએસ અને ઈન્ફોસિસ જેવી મોટી કંપનીઓએ તો એઆઈ સાથે તાદાત્મ્ય સાધી લીધું છે.

# બિહારમાં લગ્ન મંડપમાં ઘૂસીને પ્રેમીએ જાહેરમાં દુલ્હનને પેટમાં ગોળી મારી દીધી

બિહારના બક્સરમાં એક લગ્ન સમારંભ શોકમાં ફેરવાઈ ગયો હતો. મંગળવારે રાત્રે લગ્ન પ્રસંગ દરમિયાન દુલ્હનને તેના પ્રેમીએ જાહેરમાં ગોળી મારી દીધી હતી. આરોપીની ઓળખ પાડોશી દીનબંધુ તરીકે થઈ છે. 18 વર્ષની આરતી કુમારી તેના ભાવિ પતિ સાથે સ્ટેજ પર હતી. કપલ મિત્રો અને પરિવારથી ઘેરાયેલું હતું. આ દરમિયાન એક યુવતી કદાચ મૃતકની બહેન સ્ટેજ પર ધાર્મિક વિધિ કરી રહી હતી. જેમાં તે તેના બનેવીના માથા પર તિલક કરી રહી હતી. આ પછી યુવતી આરતી તરફ વળીને તિલક લગાવ્યું, એટલામાં અચાનક સ્ટેજની સામે ભેગા થયેલા મહેમાનોમાંથી એક વ્યક્તિએ આરતીને ગોળી મારી દીધી હતી. આ ઘટનામાં ગોળી આરતીના પેટમાં તેની નાભિ પાસે વાગી હતી. આ હુમલાથી લગ્નમાં અફરાતફરી મચી ગઈ હતી. કેટલાક લોકો તેને બચાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા, લોકોએ તાત્કાલિક આરતીને નજીકની સદર હોસ્પિટલમાં લઈ ગયા હતા. પ્રાથમિક સારવાર આપ્યા પછી ડૉક્ટરે દુલ્હનને વારાણસી ટ્રોમા સેન્ટરમાં રિફર કરી હતી. પરિવારનું કહેવું છે કે, યુવક તેમની દીકરીને એકતરફી પ્રેમ કરતો હતો. ઈજાગ્રસ્ત દુલ્હને આરોપી પ્રેમીનું નામ લઈને કહ્યું, 'દીનબંધુએ મને ગોળી મારી દીધી.'

# 'સેવાતીર્થ'માં મોદીની પ્રથમ બેઠક 12,236 કરોડના પ્રોજેક્ટને મંજૂરી

**નવી દિલ્હી**

આર્થિક બાબતોની કેબિનેટ કમિટીએ કાચા શણના ટેકાના ભાવમાં અગાઉની સીઝન કરતા ૨૭૫ રૂપિયાનો વધારો કર્યો છે. જેને પગલે વર્ષ ૨૦૨૬-૨૭ માટે પ્રતિ ક્વિન્ટલનો ભાવ હાલ રૂ. ૫૯૨૫ નક્કી કરવામાં આવ્યો છે. ભારત વિશ્વમાં સૌથી વધુ શણનું ઉત્પાદન કરે છે. જેમાં પશ્ચિમ બંગાળ અને આસામ મોખરે છે જ્યાંના ખેડૂતોને આ ભાવ વધારાનો લાભ મળશે. એમએસપી ઉપરાંત અમદાવાદ મેટ્રો, શ્રીનગર એરપોર્ટ અને રેલવે પ્રોજેક્ટ્સ અંગે પણ મોટા નિર્ણયો લેવામાં આવ્યા છે. પ્રોજેક્ટ્સ પાછળ આશરે ૧૨,૨૩૬ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે. કેન્દ્રીય કેબિનેટ દ્વારા ત્રણ રેલવે પ્રોજેક્ટ્સને પણ મંજૂરી આપવામાં આવી છે, જેની પાછળ આશરે ૯૦૭૨ કરોડ રૂપિયાના ખર્ચાનું અનુમાન છે, આ ત્રણ પ્રોજેક્ટ્સમાં ગોંડીયા-જબલપુર સેક્શન અને પુનારખ-કીઉલ તેમજ ગમહારી-ચંડીલ સેક્શન વચ્ચે ત્રીજી અને ચોથી લાઈન નાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટમાં કુલ આઠ રાજ્યો મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, બિહાર, ઝારખંડનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# આસામમાં મિત્ર સાથે ફરવા આવેલી યુવતી પાસેથી પૈસા પડાવી 7 નરાધમે ગેંગરેપ કર્યો

**દીશપુર**

આસામના કછાર જિલ્લાના સિલચર શહેર પાસે પોતાના પુરુષ મિત્ર સાથે ફરવા આવેલી 28 વર્ષીય યુવતી પર સાત શખ્સોએ કથિત રીતે સામૂહિક દુષ્કર્મ ગુજાર્યું અને તેની પાસેથી બળજબરીથી પૈસા પણ પડાવ્યા હતા. પોલીસે મંગળવારે આ જાણકારી આપી હતી. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે, પીડિતાએ 19 ફેબ્રુઆરીએ બનેલી આ ઘટના અંગે ફરિયાદ કરી હતી, જેના આધારે FIR નોંધવામાં આવી છે. પીડિતાએ બે વ્યક્તિઓની



ઓળખ કરી હતી. જેમને પોલીસે ઝડપી લીધા છે. અન્ય પાંચ આરોપીઓને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

પીડિતાએ આરોપ લગાવ્યો છે કે, સાત અજાણ્યા પુરુષોએ વારાફરતી તેની સાથે દુષ્કર્મ કર્યું અને ત્યારબાદ તેને એક આરોપીના ખાતામાં 10,000 રૂપિયા ટ્રાન્સફર કરવા મજબૂર કરી હતી. શરૂઆતમાં આ મામલે મૌન સેવનારી પોલીસ ત્યારે હરકતમાં આવી જ્યારે મંગળવારે સિલચરના એક પત્રકાર પર આરોપીના પરિવારજનોએ હુમલો કર્યો. પત્રકારે દાવો કર્યો કે, નેશનલ હાઈવે રોડ પોલીસ સ્ટેશન પાસે તેને રોકીને માર મારવામાં આવ્યો હતો. આરોપીના પરિવારે સવાલ કર્યો હતો કે, પત્રકારે આ ઘટનાના સમાચાર કેમ આપ્યા? આ હુમલા બાદ સોશિયલ મીડિયા પર મામલો વાયરલ થયો હતો.

# ઓડિશામાં માઈનિંગ અધિકારીના ઘરે દરોડા ચાર કરોડ રૂપિયા રોકડા, દાગીના જપ્ત કરાયા

## રૂપિયા 30 હજારની લાંચ માંગતાં વિજિલન્સ અધિકારીઓએ તેની ધરપકડ કરી હતી

**ઓડિસા**

ઓડિશા વિજિલન્સ વિભાગે કટક સર્કલના માઈન્સ વિભાગના ડેપ્યુટી ડિરેક્ટર દેવબ્રત મોહંતી સાથે સંકળાયેલાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા, જેમાં ટ્રોલી બૅગ અને કબાટમાં છુપાવેલી ૪ કરોડ રૂપિયાથી વધુની રકમ જપ્ત કરી હતી. તેમની ઑફિસના ડ્રૉઅરમાંથી ૧.૨૦ લાખ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા હતા. જપ્ત કરાયેલી અન્ય સંપત્તિઓમાં ભુવનેશ્વરના પહાલા ખાતે આશરે ૨૪૦૦ ચોરસ ફીટનું બે



માળનું ભવ્ય બિલ્ડિંગ અને ૧૩૦ ગ્રામ વજનના સોનાના દાગીનાનો સમાવેશ થાય છે. અધિકારીઓ કહે છે કે રોકડની આ રિકવરી ઓડિશા વિજિલન્સના ઈતિહાસમાં અત્યાર સુધીની સૌથી મોટી છે. કોલસા ડેપોને સુચારુ રીતે ચલાવવા અને કોલસાના પરિવહનની પરવાનગી આપવાના બદલામાં લાઈસન્સ પ્રાપ્ત કોલસા વિક્રેતા પાસેથી મોહંતીએ ૩૦ હજાર રૂપિયાની લાંચ માગી હતી, જે લેતાં વિજિલન્સ અધિકારીઓએ તેમની ધરપકડ કરી હતી. ત્યાર બાદ ભુવનેશ્વરમાં તેમના ફ્લૅટ, ભદ્રક જિલ્લાના માથાસાહીમાં તેમના પૈતૃક ઘર અને કટકમાં તેમની ઑફિસ ચેમ્બરમાં દરોડા પાડવામાં આવ્યા હતા.

# અજિત પવાર પ્લેન ક્રેશ મામલે DGCAની કાર્યવાહી, VSRના 4 વિમાનના પૈડા થંભ્યા

## કંપનીની જાળવણી પ્રક્રિયાઓમાં ખામી બહાર આવી

**મુંબઈ**

અજિત પવાર પ્લેન ક્રેશ મામલે ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશને મોટી કાર્યવાહી કરી છે. DGCAએ વિશેષ સુરક્ષા ઓડિટ રિપોર્ટના આધારે VSR વેન્ચર્સ પ્રાઈવેટ લિમિટેડના ચાર વિમાનોને તાત્કાલિક ગ્રાઉન્ડિંગ કરવાનો આદેશ આપ્યો છે. આ વિમાનો મુખ્યત્વે લિયરજેટ મોડેલના છે, જેના રજિસ્ટ્રેશન નંબર વીટી-વીઆરએ, વીટી-VRS, વીટી-વીઆરવી અને વીટી-ટીઆરઆઈ છે. ઓડિટમાં ઉડાન યોગ્યતા, ઉડાન સંચાલન અને સુરક્ષા પ્રક્રિયાઓમાં અનેક ગંભીર ઉલ્લંઘનો સામે આવ્યા છે, જેના કારણે કંપનીની જાળવણી પ્રક્રિયાઓમાં ખામી સામે આવી છે.

આ નિર્ણય બારામતીમાં 28 જાન્યુઆરીના રોજ સર્જાયેલી ઘાતક વિમાન દુર્ઘટના બાદ લેવામાં આવ્યો છે, જેમાં VSR વેન્ચર્સના લિયરજેટ 45 વિમાન (વીટી-SSK)ના ક્રેશ થવાથી મહારાષ્ટ્રના પૂર્વ ડેપ્યુટી સીએમ અજિત પવાર સહિત 5 લોકોના મોત થઈ ગયા હતા.

# ટ્રમ્પે સૌર ઊર્જા ઉત્પાદનોની આયાત પર અધધધ 126 ટકા કાઉન્ટર વેઈલિંગ ડ્યૂટી લાદી

**મુંબઈ**

ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ થયો નથી છતાં નરેન્દ્ર મોદી સરકાર અભિનંદનો ઝીલી રહી છે ત્યાં જ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ફરી જાત બતાવી છે. ડોનલ્ડ ટ્રમ્પે ભારતમાંથી થતી સૌર ઊર્જા ઉત્પાદનોની આયાત પર અધધધ 126 ટકા કાઉન્ટર વેઈલિંગ ડ્યૂટી ઠોકી દીધી છે. આ ડ્યૂટી પાછી પ્રાથમિક છે તેથી ભવિષ્યમાં વધી શકે છે એ જોતાં ટ્રમ્પે ભારતની સૌર ઊર્જાની આયાત માટેના દરવાજા બંધ કરી દેવાનો તખ્તો જ ઘડી દીધો છે. વિદેશી સરકાર સબસિડી આપીને પોતાના ઉત્પાદકોને ફાયદો કરાવે પણ તેના કારણે જ દેશમાં આયાત થતી હોય એ દેશના ઉત્પાદકોને નુકસાન થતું હોય છે કેમ કે વિદેશી પ્રોડક્ટ સસ્તા ભાવે મળે છે.

# ભોપાલમાં દાદાએ બ્રિટનને આપી હતી 35000ની લોન, હવે પૌત્ર વસૂલી કરશે

## ભોપાલના પોલિટિકલ એજન્ટ ડબલ્યુ. એસ. ડેવિસના હસ્તાક્ષર છે

**સિહોર**

મધ્યપ્રદેશના સીહોર જિલ્લામાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં એક વ્યક્તિએ 109 વર્ષ પહેલાં તેના દાદા દ્વારા બ્રિટિશ સરકારને આપવામાં આવેલી લોન પરત મેળવવા માટે કાયદાકીય લડતની તૈયારી શરૂ કરી છે. ભોપાલના 63 વર્ષીય વિવેક રુથિયા નામના વ્યક્તિએ દાવો કર્યો છે કે વર્ષ 1917માં પ્રથમ વિશ્વ યુદ્ધ દરમિયાન તેમના દાદા શેઠ જુમ્મા લાલ રુથિયાએ બ્રિટિશ સામ્રાજ્યને 35,000 રૂપિયાની લોન આપી હતી. તાજેતરમાં પોતાના પારિવારિક દસ્તાવેજો તપાસતી વખતે વિવેકને આ ઐતિહાસિક લોનનું સર્ટિફિકેટ મળી આવ્યું હતું, જેના આધારે તેઓ હવે વ્યાજ સહિત કરોડો રૂપિયાની રકમ પરત માંગવાની યોજના બનાવી રહ્યા છે. પરિવાર પાસે રહેલા જૂન 1917ના આ સર્ટિફિકેટ મુજબ, શેઠ જુમ્મા લાલે 'ઈન્ડિયન વોર લોન' હેઠળ આ રકમ જમા કરાવી હતી. આ દસ્તાવેજ પર તે સમયના ભોપાલના પોલિટિકલ એજન્ટ ડબલ્યુ. એસ. ડેવિસના હસ્તાક્ષર પણ છે.

# પુસ્તકોમાં ઉલ્લેખથી સુપ્રીમ જજો નારાજ : NCERT વેબસાઈટ પરથી પુસ્તક હટાવ્યું

**નવી દિલ્હી**

એનસીઈઆરટીના ધોરણ ૮ના અભ્યાસક્રમમાં ન્યાય વ્યવસ્થામાં ભ્રષ્ટાચારનું ચેપ્ટર ઉમેરવામાં આવ્યું છે જેને લઈને વિવાદ થયો છે. ખુદ સુપ્રીમ કોર્ટ દ્વારા સુઓમોટો નોંધ લઈને આ અંગે વાંધો ઉઠાવવામાં આવ્યો છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું હતું કે ન્યાય વ્યવસ્થાને બદનામ કરવાની કોઈને પણ છૂટ નહીં આપીએ, કાયદો પોતાનું કામ કરશે. સુપ્રીમ કોર્ટના વરીષ્ઠ વકીલ કપિલ સિબ્બલ અને અભિષેક મનુ સિંઘવીએ સુપ્રીમ કોર્ટમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે એનસીઈઆરટીના ધોરણ આઠના વિદ્યાર્થીઓને જ્યૂડિશિયલ કરપ્શન એટલે કે ન્યાયિક ભ્રષ્ટાચાર અંગે ભણાવવામાં આવી રહ્યું છે.

# મની લોન્ડરિંગ કેસમાં અનિલ અંબાણીને ઝટકો ઈડીએ મુંબઈ સ્થિત આલીશાન મકાન જપ્ત કર્યું

## અનિલ અંબાણીના બેંક એકાઉન્ટોને ફ્રોડ જાહેર કરવાની પ્રક્રિયા પર રોક લગાવાઈ હતી

**મુંબઈ**

ED મની લોન્ડરિંગ કેસમાં આજે મોટી કાર્યવાહી કરીને ઉદ્યોગપતિ અનિલ અંબાણીના મુંબઈ સ્થિત 'અબોડ' નામના નિવાસ સ્થાનને જપ્ત કર્યું છે. ઈડીના સૂત્રોના જણાવ્યા મુજબ, 17 માળના આ આલીશાન ઘરની કિંમત લગભગ 3716.83 કરોડ રૂપિયા હોવાનું કહેવાઈ રહ્યું છે. સૂત્રોના જણાવ્યા મુજબ, મની લોન્ડરિંગ કેસ હેઠળ અત્યાર સુધીમાં જપ્તીની જે કાર્યવાહી કરવામાં આવી છે, અનિલ





અંબાણી ગ્રૂપની કંપનીઓની કુલ 15,700 કરોડની સંપત્તિ જપ્ત કરાઈ છે.

આ કાર્યવાહી પહેલા બોમ્બે હાઈકોર્ટના ચીફ જસ્ટિસ ચંદ્રશેખર અને જસ્ટિસ ગૌતમ અનખડની બેંચે અનિલ અંબાણીને મોટો ઝટકો આપીને સિંગલ બેંચના એ આદેશને રદ કરી દીધો હતો, જેમાં અનિલ અંબાણી અને રિલાયન્સ કોમ્યુનિકેશન લિમિટેડના બેંક એકાઉન્ટોને ફ્રોડ જાહેર કરવાની પ્રક્રિયા પર રોક લગાવવામાં આવી હતી. આ બેંચે કહ્યું હતું કે, કાયદાકીય રીતે ખામીયુક્ત ફોરેન્સિક ઓડિટના આધારે આ કાર્યવાહી કરવામાં આવી છે, જે ભારતીય રિઝર્વ બેંકના દિશા-નિર્દેશોનું ઉલ્લંઘન છે. ત્યારબાદ આ મામલે બોમ્બે હાઈકોર્ટમાં પડકારાયો હતો.

# જમ્મુ કાશ્મીરના પુંછના જંગલમાંથી હથિયાર અને દારૂગોળાનો જથ્થો જપ્ત

**જમ્મુ કાશ્મીર**

જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદીઓને ખતમ કરવા માટે સતત અભિયાન ચાલી રહ્યું છે અને તેમને ટેકો આપનારાઓ સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ દરમિયાન સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. પૂંછ જિલ્લામાં એક મોટા ઓપરેશનમાં સુરક્ષા દળોએ શસ્ત્રોનો જથ્થો જપ્ત કર્યો છે.

વિશ્વસનીય ગુપ્ત માહિતીના આધારે ભારતીય સેનાના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) અને જમ્મુ અને કાશ્મીર પોલીસ દ્વારા પૂંછના ગની જંગલ વિસ્તારમાં સંયુક્ત સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન, કુદરતી ગુફા નીચે છુપાયેલા શસ્ત્રોનો જથ્થો મળી આવ્યો હતો. શોધખોળ દરમિયાન, સુરક્ષા દળોએ એક મોટો IED (આશરે 4.5 કિલો), એક નાનો IED (આશરે 800 ગ્રામ), બે ચાઈનીઝ ગ્રેનેડ, એક 9 mm પિસ્તોલ, બે 9 mm કારતૂસ અને 22 7.62 mm કારતૂસ જપ્ત કર્યા. આ કળશ એક ગુફા નીચે છુપાયેલો હતો. એવું માનવામાં આવે છે કે આતંકવાદીઓ ખીણમાં મોટો હુમલો કરવાની યોજના બનાવી રહ્યા હતા. જોકે, સુરક્ષા દળોએ તેમની યોજનાઓ નિષ્ફળ બનાવી દીધી હતી.

# મહારાષ્ટ્ર બાળકોમાં ડિજિટલ અડિક્શન તેના અભ્યાસ માટે ટાસ્ક ફોર્સ બનાવશે

**મુંબઈ**

મહારાષ્ટ્ર સરકારના કર્મચારીઓના ડિયરનેસ અલાવન્સ (DA)માં ૨૦૨૫ના જુલાઈ મહિનાથી ૩ ટકાનો વધારો કરીને ૫૮ ટકા કરવામાં આવશે. રાજ્યકક્ષાના નાણાપ્રધાન આશિષ જાયસવાલે બુધવારે વિધાનસભામાં આ વિશે જાહેરાત કરી હતી. નવા નિયમ મુજબ આ મહિનાથી DAની ચુકવણી રોકડમાં કરવામાં આવશે. ૨૦૨૫ના જુલાઈથી ઑક્ટોબર સુધીના સમયગાળા માટે બાકી રકમ માર્ચમાં ગુઢીપાડવાના પ્રસંગે આપવામાં આવશે. બાકીની રકમ ત્યાર બાદ બીજા તબક્કમાં આપવામાં આવશે. આ નિર્ણયથી રાજ્ય સરકારના લગભગ ૫.૧૬ લાખ કર્મચારીઓ અને મહારાષ્ટ્રના લગભગ ૮.૭૨ લાખ પેન્શનરોને પણ ફાયદો થશે. બાળકોમાં ડિજિટલ ઍડિક્શન અને એની પ્રતિકૂળ અસરો અંગે વધતી ચિંતાઓ વચ્ચે મહારાષ્ટ્ર સરકારે આ મુદ્દાનો અભ્યાસ કરવા અને પગલાં લેવાની ભલામણ કરવા માટે એક નિષ્ણાત ટાસ્ક ફોર્સની રચના કરવાનો નિર્ણય લીધો છે. રાજ્યના ઈન્ફર્મેશન ટેક્નૉલૉજી (IT) ડિપાર્ટમેન્ટના પ્રધાન આશિષ શેલારે બુધવારે આ મુદ્દે ચર્ચા કરી હતી.

# ગલગોટિયાસ યુનિવર્સિટીના વિદ્યાર્થીએ કર્યો આપઘાત, પ્રેમ સંબંધનો એંગલ હોવાની શંકા

## વિદ્યાર્થીએ આત્મહત્યા કરતા પહેલા એક યુવતીને તેના ફોન પર મેસેજ કર્યો હતો

**નવી દિલ્હી**

મંગળવારે ગ્રેટર નોઈડા શહેરના AWHO સોસાયટી હોસ્ટેલમાં રહેતા એક B.Tech વિદ્યાર્થીનો મૃતદેહ છતના પંખાથી લટકતો મળી આવ્યો હતો. પોલીસને શંકા છે કે વિદ્યાર્થીએ પ્રેમ સંબંધને કારણે આત્મહત્યા કરી છે. તપાસ ચાલુ છે. પોલીસના જણાવ્યા અનુસાર, હરિયાણાના રેવાડીના રહેવાસી રાજેશ કુમારનો 18 વર્ષનો પુત્ર ગૌરવ ગ્રેટર નોઈડાની ગલગોટિયાસ યુનિવર્સિટીમાં B.Tech ડિગ્રીનો અભ્યાસ કરી રહ્યો હતો. તે AWHO સોસાયટીમાં ભગતસિંહ હોસ્ટેલમાં રહેતો હતો. ગૌરવે મંગળવારે પોતાના હોસ્ટેલના રૂમમાં છતના પંખા સાથે લટકીને આત્મહત્યા કરી હતી. ઘટનાની માહિતી મળતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને આ મામલાની તપાસ કરી હતી.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે વિદ્યાર્થીએ આત્મહત્યા કરતા પહેલા એક યુવતીને તેના ફોન પર મેસેજ કર્યો હતો. પોલીસને શંકા છે કે વિદ્યાર્થીએ પ્રેમ સંબંધને કારણે આત્મહત્યા કરી હતી. પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જે જણાવ્યું હતું કે બુધવારે પોસ્ટમોર્ટમ બાદ વિદ્યાર્થીનો મૃતદેહ તેના પરિવારને સોંપવામાં આવ્યો હતો. પરિવાર મૃતદેહને હરિયાણાના તેમના વતન ગામ લઈ ગયો હતો. પરિવારે આ અંગે પોલીસમાં કોઈ ફરિયાદ નોંધાવી નથી.

# લખનઉમાં પુત્રએ સૂતેલા પિતાને માથામાં ગોળી મારી દીધી, બાથરૂમમાં લાશના ટુકડાં કરી નાખ્યા

## ભાઈની નરપિશાચી હરકતો તેની સગી બહેને નજરે નિહાળી હતી : પોલીસ

**લખનઉ**

લખનઉના બંગલા બજારમાં રહેતા દારૂ અને પેથોલોજીના કારોબારી માનવેન્દ્ર સિંહની તેમના જ પુત્ર અક્ષતે ઘાતકી હત્યા કરી હતી.

20 ફેબ્રુઆરીના રોજ વહેલી સવારે 4:30 વાગ્યે, જ્યારે પિતા ગાઢ નિદ્રામાં હતા, ત્યારે અક્ષતે રાઈફલ વડે તેમના માથામાં ગોળી મારી દીધી હતી. ગોળી એટલી નજીકથી મારવામાં આવી હતી કે પિતાનું ભેજું ઉડીને રૂમની દીવાલો અને પથારી પર ફેલાઈ ગયું હતું. આ અવાજ સાંભળીને જાગી ગયેલી બહેનને પણ અક્ષતે જાનથી મારી નાખવાની ધમકી આપી ચૂપ કરી દીધી હતી. આ મામલે ચોંકાવનારી વિગતો સામે આવી છે કે ત્રણ દિવસ સુધી ભાઈ બહેન ઘરમાં પિતાના મૃતદેહ સાથે જ રહ્યા હતા. બંનેએ એવું વર્તન કર્યું કે કોઈને જરાય શંકા નહોતી ગઈ. પોતાની કાકી સાથે પણ બંનેએ સામાન્ય દિવસોની જેમ જ વર્તન કર્યું હતું. ઉલ્લેખનીય છે કે ભાઈ અક્ષતના આ રાક્ષસી કૃત્યની બહેન પ્રત્યક્ષદર્શી છે. હત્યા બાદ અક્ષત પિતાની લાશને ઢસડીને બાથરૂમમાં લઈ ગયો હતો. ત્યાં તેણે બજારમાંથી ખરીદેલી આરી અને 'બ્લિંકિટ'એપ દ્વારા મંગાવેલા બે ધારદાર ચપ્પુ વડે પિતાના હાથ-પગ કાપી નાખ્યા હતા. લોહીથી ખરડાયેલા કપડાં, ચાદર અને ઓશીકાને તેણે નહેર કિનારે લઈ જઈને સળગાવી દીધા હતા. કાપેલા હાથ-પગને એક કોથળામાં ભરીને તે પોતાની કારની ડેકીમાં મૂકી આવ્યો અને બીજા દિવસે નહેર પાસેની ઝાડીઓમાં ફેંકી દીધા હતા.

# અવિમુક્તેશ્વરાનંદની મુશ્કેલીમાં વધારો મેડિકલ રિપોર્ટમાં યૌન શોષણની પુષ્ટિ

## વોટ ચોરી અને એફિડેવિટમાં ગરબડ કર્યાના આરોપ

**નવી દિલ્હી**

જ્યોતિષપીઠના શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી સામે ચાલી રહેલી કાનૂની તપાસમાં એક મોટો વળાંક આવ્યો છે. સગીર બટુકોના જાતીય શોષણના ગંભીર આરોપો બાદ કરવામાં આવેલા મેડિકલ પરીક્ષણમાં કુકર્મની પુષ્ટિ થઈ હોવાના અહેવાલોથી ખળભળાટ મચી ગયો છે. પ્રયાગરાજના ઝૂંસી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પોક્સો એક્ટ હેઠળના કેસમાં પોલીસે બંને સગીર પીડિત બાળકોનું મેડિકલ પરીક્ષણ કરાવ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ રિપોર્ટમાં બાળકો સાથે કુદરતી ક્રમ વિરુદ્ધના કૃત્ય (કુકર્મ) ની પુષ્ટિ થઈ છે. આ રિપોર્ટને હવે પોલીસ દ્વારા કેસ ડાયરીમાં મહત્વના પુરાવા તરીકે સામેલ કરવામાં આવ્યો છે, જે સ્વામી અવિમુક્તેશ્વરાનંદ માટે કાયદાકીય ફાંસો વધુ મજબૂત બનાવી શકે છે. ધરપકડની ભીતિ વચ્ચે સ્વામી અવિમુક્તેશ્વરાનંદે અલ્લાહાબાદ હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી છે. આ અરજી પર આવતીકાલે જસ્ટિસ જિતેન્દ્ર કુમાર સિંહાની બેંચમાં સુનાવણી હાથ ધરાશે.

# કેરળનું નામ સત્તાવાર રીતે બદલીને 'કેરળમ' રાખવાના પ્રસ્તાવને આખરે મંજૂરી

**ઈટાનગર**

કેન્દ્રીય મંત્રીમંડળે કેરળ રાજ્યનું નામ સત્તાવાર રીતે બદલીને 'કેરળમ' રાખવાના લાંબા સમયથી પડતર પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. આ નિર્ણયથી સમગ્ર દેશમાં ચર્ચાનો માહોલ સર્જાયો છે, આ નિર્ણય કેરળની લાંબા સમયથી ચાલી આવતી માંગણીને માન્ય રાખીને લેવામાં આવ્યો છે. મલયાલમ ભાષામાં રાજ્યને હંમેશાં 'કેરળમ' તરીકે ઓળખવામાં આવે છે, પરંતુ બંધારણની પ્રથમ અનુસૂચિમાં તેનું નામ 'કેરળ' દર્શાવવામાં આવ્યું હતું. કેરળ વિધાનસભાએ 2023 અને 2024માં સર્વસંમતિથી ઠરાવ પસાર કરીને કેન્દ્ર સરકારને નામ બદલવા વિનંતી કરી હતી. મુખ્યમંત્રી પિનરાઈ વિજયને આ ઠરાવ રજૂ કર્યો હતો.

# થ્રિસુરના મંદિર પરિસરમાં હાથી વિફર્યો યુવકને સૂંઢમાં પકડી હવામાં ફંગોળી દીધો

## લોકોમાં નાસભાગ, જમીન પર પછડાતા યુવક લોહીલુહાણ

**થ્રિસુર**

થ્રિસુરમાં યોજાયેલા એક મંદિર ઉત્સવમાં પણ આવી જ ચોંકાવનારી ઘટના બની હતી, જ્યારે હજારો શ્રદ્ધાળુઓ ઉત્સવનો આનંદ માણી રહ્યા હતા, ત્યારે એક શણગારેલો હાથી અચાનક આક્રમક બનીને યુવકને સૂંઢમાં પકડીને ફેંક્યો હતો. જોકે, આ આખી ઘટના સોશિયલ મીડિયા પર વાયરલ થયા પછી લોકોએ યુવકની સાથે હાથી પરના વધતા અત્યાચારો કે મહાવતની બેદરકારી મુદ્દે સવાલ કર્યા હતા. મંદિર પરિસરમાં ચાલી રહેલી ધાર્મિક વિધિઓ દરમિયાન બનેલી આ ઘટનામાં વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, એક વ્યક્તિ હાથી પર ચઢવાનો પ્રયાસ કરી રહ્યો હતો. આ દરમિયાન હાથીની બરાબર સામે ઉભેલો એક અન્ય યુવક ગજરાજની ચપેટમાં આવી ગયો હતો. હાથીએ પલકવારમાં તેને પોતાની સૂંઢમાં પકડી લીધો અને હવામાં ઊંચે ઉઠાવીને પૂરી તાકાતથી જમીન પર ફંગોળ્યો હતો. યુવકને જમીન પર પછાડાતા જ તે લોહીલુહાણ થઈ ગયો હતો અને ત્યાં હાજર લોકોમાં નાસભાગ મચી ગઈ હતી.

# PM મોદી ઈન્સ્ટાગ્રામ પર 100 મિલિયન ફોલોઅર્સ ધરાવતા એકમાત્ર નેતા

**નવી દિલ્હી**

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઈતિહાસ રચ્યો છે. ઈન્સ્ટાગ્રામ પર 100 મિલિયન ફોલોઅર્સનો ઐતિહાસિક આંકડો પાર કરનારા તેઓ પ્રથમ રાજનેતા બન્યા છે. છેલ્લા એક દાયકામાં તેમનું એકાઉન્ટ વૈશ્વિક નેતાઓમાં પણ લોકપ્રિય થયું છે. વડા પ્રધાન મોદીના ઈન્સ્ટાગ્રામ પર ફોલોઅર્સની સંખ્યા અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પથી બમણી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી 2014માં ઈન્સ્ટાગ્રામમાં જોડાયા હતા અને એક દાયકમાં તેમનું એકાઉન્ટ વિશ્વમાં સૌથી વધુ ફોલો કરવામાં આવતાં રાજકીય પ્રોફાઈલમાં સામેલ થઈ ગયું છે. ઈન્સ્ટાગ્રામ પર ફોલોઅર્સના મામલે ટ્રમ્પ 43.2 મિલિયન ફોલોઅર્સ સાથે બીજા સ્થાન પર છે.

# T20 વર્લ્ડકપમાં ભારતે હાઈએસ્ટ સ્કોર નોંધાવી ઈતિહાસ રચ્યો

## ભારતે ઝિમ્બાબ્વેને 72 રને હરાવ્યું, બે રેકોર્ડ નોંધાવ્યા, હવે વેસ્ટ ઈન્ડિઝ સામે ટક્કર

નવીદિલ્હી : ટી20 વર્લ્ડ કપ 2026ના સુપર-8 તબક્કામાં ભારતે ટી20 વર્લ્ડ કપનો પોતાનો સર્વોચ્ચ સ્કોર નોંધાવી ઈતિહાસ રચ્યો છે. આજે ઝિમ્બાબ્વે સામેની મેચમાં ભારતે 20 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને 256 રનનો વિશાળ સ્કોર ખડકી દીધો છે, જે આ વર્લ્ડકપનો અત્યાર સુધીનો સૌથી મોટો સ્કોર બની ગયો છે. આજની મેચમાં ભારતીય બેટ્સમેનોએ 12.80ના ધમાકેદાર રન રેટથી બેટિંગ કરી છે. આ અગાઉ 23




ફેબ્રુઆરીએ વેસ્ટ ઈન્ડિઝે ઝિમ્બાબ્વે સામે જ 254 રન બનાવ્યા હતા, જે હવે બીજા ક્રમનો સર્વોચ્ચ સ્કોર છે. આમ ટીમે વૈશ્વિક ટૂર્નામેન્ટમાં પોતાનો 19 વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો. આ ટૂર્નામેન્ટમાં ભારતનો અગાઉનો સૌથી મોટો સ્કોર 2007માં ઈંગ્લેન્ડ સામે ચાર વિકેટે 218 રન હતો. આઈસીસી T20 વર્લ્ડકપ 2026માં ભારતીય ટીમે ઈતિહાસ રચતા ઝિમ્બાબ્વે સામે 72 રને ભવ્ય વિજય મેળવ્યો છે. સુપર-8 તબક્કાની આ નિર્ણાયક મેચમાં અભિષેક શર્મા અને હાર્દિક પંડ્યાની તોફાની અડધી સદીઓની મદદથી ભારતે 20 ઓવરમાં 4 વિકેટે 256 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો, જે T20 વર્લ્ડકપના ઈતિહાસમાં ભારતનો સર્વોચ્ચ સ્કોર છે. આ જીત સાથે ભારતે સેમિફાઈનલની રેસમાં મજબૂત વાપસી કરી છે અને પોઈન્ટ ટેબલમાં પોતાનું સ્થાન સુધાર્યું છે. અર્શદીપ સિંહની ત્રણ વિકેટ અને બેટ્સમેનોના શાનદાર પ્રદર્શને ભારતને આ યાદગાર જીત અપાવી છે.

## ન્યૂઝીલેન્ડ સામે હાર થતાં શ્રીલંકા સેમિફાઈનલની રેસમાંથી બહાર

કોલંબો : સુપર-૮ની શ્રીલંકા અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની નિર્ણાયક મેચમાં ન્યૂઝીલેન્ડની ૬૧ રનથી જીત સાથે શ્રીલંકા સેમિફાઈનલની રેસમાંથી બહાર ફેંકાઈ ગયું છે. ૧૬૯રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી શ્રીલંકાની ટીમ ૨૦ ઓવરના અંતે ૮ વિકેટ પર ૧૦૮ રન જ કરી શકી હતી. આ જીત સાથે ન્યૂઝીલેન્ડ ત્રણ પોઈન્ટ સાથે ગ્રૂપ-૨માં બીજા નંબર પરવ પહોંચી ગયું છે. હવે ન્યૂઝીલેન્ડ માટે ઈંગ્લેન્ડ સામેની મેચ જીતીને સેમિફાઈનલની ટિકિટ કન્ફર્મ કરવાની તક રહેશે.

**ટોપ થ્રી બેટ્સમેન**

| ખેલાડી | મેચ | ઇનિંગ | રન |
|---|---|---|---|
| શાહિબઝાદા ફરહાન | 5 | 5 | 283 |
| બ્રાયન બેનેટ્ટ | 5 | 5 | 277 |
| એડન માર્કરામ | 6 | 6 | 264 |

કુલ 4
1219

**ટોપ થ્રી બોલર**

| ખેલાડી | મેચ | ઇનિંગ | વિકેટ |
|---|---|---|---|
| વાન શાલ્કવિક | 4 | 4 | 13 |
| મુઝારાબાની | 5 | 5 | 12 |
| લુંગી એન્ગિડી | 5 | 5 | 11 |

કુલ 6
630

## ઈંગ્લેન્ડનો પાક.ને બે વિકેટે હરાવી સેમિ.માં પ્રવેશ

પલ્લેકલ । સુપર ૮ની વધુ એક મેચમાં ઈંગ્લેન્ડે પાકિસ્તાનને બે વિકેટે પરાજય આપ્યો હતો. લો સ્કોરિંગ મેચમાં બંને ટીમની ૧૭ વિકેટ પડી ગઇ હતી. પાકિસ્તાને ટોસ જીતી પહેલાં બેટિંગ લીધી હતી પરંતુ તેઓ ૧૬૪ રન જ કરી શક્યા હતા. જવાબમાં ઈંગ્લેન્ડની ટીમ પણ પ્રારંભિક ધબડકા બાદ કેપ્ટન બ્રૂકની સદીને કારણે લાજ બચાવી શકી હતી. પાકિસ્તાન વતી શાહિન આફ્રિદીએ ચાર વિકેટ ઝડપી હતી. ઈંગ્લેન્ડે ૧૯.૧ ઓવરમાં આઠ વિકેટના ભોગે ૧૬૬ રન કર્યા હતા. એકમાત્ર ફરહાન પાકિસ્તાન માટે સારી ઈનિંગ રમી શક્યો. તેણે ૪૫ બોલમાં સાત ચોક્કા અને બે સિક્સરની મદદથી ૬૩ રન કર્યા હતા.

## વેસ્ટ ઈન્ડિઝને હરાવી દક્ષિણ આફ્રિકાની સેમિ ફાઈનલમાં એન્ટ્રી



ટી20 વર્લ્ડ કપના સુપર-8 તબક્કામાં આજે દક્ષિણ આફ્રિકાએ વેસ્ટ ઇન્ડિઝ સામે શાનદાર વિજય મેળવ્યો છે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી સુપર-8 સ્ટેજની આ એકતરફી મેચમાં દક્ષિણ આફ્રિકાએ વેસ્ટ ઇન્ડિઝને 9 વિકેટે હરાવીને સેમિફાઇનલમાં પહોંચી ગયું છે. આ જીત સાથે ભારતીય ટીમ માટે પણ સેમિફાઇનલનો રસ્તો હવે ઘણો આસાન થઈ ગયો છે. વેસ્ટ ઇન્ડિઝે આપેલા 177 રનના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી દક્ષિણ આફ્રિકાની શરૂઆત ખૂબ જ આક્રમક રહી હતી. આફ્રિકાએ માત્ર 16.1 ઓવરમાં 1 વિકેટ ગુમાવી જીત હાંસલ કરી લીધી હતી.

## વર્લ્ડકપમાં ભારતીય ખેલાડી ૧૧ વાર શૂન્ય રને આઉટ થયા

### ફુલ મેમ્બર દેશની ટીમના બેટ્સમેનો ૦ રને આઉટ થવામાં ભારતીય ખેલાડીનીસંખ્યા નોંધનીય

**નવી દિલ્હી ।** ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતીય બેટ્સમેનોના બેટમાંથી નીકળતો રનનો ધોધ સુકાઇ ગયો છે. તિલક વર્મા અને સુંદર ટૂર્નામેન્ટના પ્રારંભ પહેલા ઘવાયા હતા જ્યારે અભિષેક શર્માની તબિત પણ લથડી હતી જેની અસર ભારતની બેટિંગ પર સ્પષ્ટ દેખાય છે. ભારતીય ટીમના નામે ટી-૨૦ વર્લ્ડકપ ૨૦૨૬માં એક અણગમતો રેકોર્ડ નોંધાઇ ગયો છે. આ ટૂર્નામેન્ટમા ટીમ ઈન્ડિયાના બેટ્મસેનો ૧૧ વાર શૂન્ય રને આઉટ થયા છે. જેમાં અભિષેક શર્મા સૌથી વધુ ૩ વાર આઉટ થયો છે. કોઈ ફુલ મેમ્બર નેશન દ્વારા આ એક ટી-૨૦ વર્લ્ડકપમાં બીજી વાર સૌથી વધુ ૦ રને આઉટ થયાનો રેકોર્ડ છે. આ યાદીમાં માત્ર બાંગ્લાદેશ જ ભારતથી આગળ છે. ઓલઓવર રેકોર્ડની વાત કરીએ તો ટીમ ઈન્ડિયા ટોપ-૫ ટીમોની આ યાદીમાં ચોથા સ્થાને છે. ભારતે અફઘાનિસ્તાનનો રેકોર્ડ તોડી નાખ્યો છે જેના બેટ્સમેનોએ ૨૦૨૪ના વર્લ્ડકપમાં ૧૦ વાર ૦ રને આઉટ થવાનો રેકોર્ડ બનાવ્યો હતો. ભારતની આગળ આ યાદીમાં સ્કોટલેન્ડ, યુગાંડા અને બાંગ્લાદેશ છે.

### ભારત-પાકિસ્તાન ફરી ટકરાશે

## મહિલા T20 વર્લ્ડ કપનું શેડ્યૂલ જાહેર

**ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડ (ECB) દ્વારા આ વર્ષે યોજનારા મહિલા ટી20 વર્લ્ડ કપના શેડ્યૂલની જાહેરાત કરવામાં આવી છે. આ વખતે ટૂર્નામેન્ટમાં કુલ 12 ટીમો ભાગ લઈ રહી છે, જેને 6-6ના બે ગ્રુપમાં વહેંચવામાં આવી છે. ભારત અને પાકિસ્તાન ગ્રુપ-1માં હોવાથી ચાહકોને ફરી એકવાર હાઈ-વોલ્ટેજ ભારત વિરુદ્ધ પાકિસ્તાન મુકાબલો જોવા મળશે.**

**ગ્રુપ 1 : ઓસ્ટ્રેલિયા, સાઉથ આફ્રિકા, ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, નેધરલેન્ડ્સ ગ્રુપ 2 : વેસ્ટ ઈન્ડિઝ, ઈંગ્લેન્ડ, ન્યુઝીલેન્ડ, શ્રીલંકા, આયર્લેન્ડ, સ્કોટલેન્ડ**


**ICC મહિલા T20 વર્લ્ડ કપ-2026નું શેડ્યૂલ**

| તારીખ | મેચ | સ્થળ | સમય (IST) |
|---|---|---|---|
| શુક્રવાર, 12 જૂન | ઈંગ્લેન્ડ વિ. શ્રીલંકા | એજબેસ્ટન | રાત્રે 11 વાગ્યે |
| શનિવાર, 13 જૂન | સ્કોટલેન્ડ વિ. આયર્લેન્ડ | ઓલ્ડ ટ્રેફોર્ડ | બપોરે 3 વાગ્યે |
| શનિવાર, 13 જૂન | ઓસ્ટ્રેલિયા વિ. સાઉથ આફ્રિકા | ઓલ્ડ ટ્રેફોર્ડ | રાત્રે 8 વાગ્યે |
| શનિવાર, 13 જૂન | વેસ્ટ ઈન્ડિઝ વિ. ન્યુઝીલેન્ડ | હેમ્પશાયર બાઉલ | રાત્રે 11 વાગ્યે |
| રવિવાર, 14 જૂન | બાંગ્લાદેશ વિ. નેધરલેન્ડ્સ | એજબેસ્ટન | બપોરે 3 વાગ્યે |
| **રવિવાર, 14 જૂન** | **ભારત વિ. પાકિસ્તાન** | **એજબેસ્ટન** | **રાત્રે 8 વાગ્યે** |
| મંગળવાર, 16 જૂન | ન્યુઝીલેન્ડ વિ. શ્રીલંકા | હેમ્પશાયર બાઉલ | રાત્રે 8 વાગ્યે |
| મંગળવાર, 16 જૂન | ઈંગ્લેન્ડ વિ. આયર્લેન્ડ | હેમ્પશાયર બાઉલ | રાત્રે 11 વાગ્યે |
| બુધવાર, 17 જૂન | ઓસ્ટ્રેલિયા વિ. બાંગ્લાદેશ | હેડિંગ્લે | બપોરે 3 વાગ્યે |
| **બુધવાર, 17 જૂન** | **ભારત વિ. નેધરલેન્ડ્સ** | **હેડિંગ્લે** | **રાત્રે 8 વાગ્યે** |
| બુધવાર, 17 જૂન | સાઉથ આફ્રિકા વિ. પાકિસ્તાન | એજબેસ્ટન | રાત્રે 11 વાગ્યે |
| ગુરુવાર, 18 જૂન | વેસ્ટ ઈન્ડિઝ વિ. સ્કોટલેન્ડ | હેડિંગ્લે | રાત્રે 11 વાગ્યે |
| શુક્રવાર, 19 જૂન | ન્યુઝીલેન્ડ વિ. આયર્લેન્ડ | હેમ્પશાયર બાઉલ | રાત્રે 11 વાગ્યે |
| શનિવાર, 20 જૂન | ઓસ્ટ્રેલિયા વિ. નેધરલેન્ડ્સ | હેમ્પશાયર બાઉલ | બપોરે 3 વાગ્યે |
| શનિવાર, 20 જૂન | પાકિસ્તાન વિ. બાંગ્લાદેશ | હેમ્પશાયર બાઉલ | સાંજે 6 વાગ્યે |
| શનિવાર, 20 જૂન | ઈંગ્લેન્ડ વિ. સ્કોટલેન્ડ | હેડિંગ્લે | રાત્રે 11 વાગ્યે |
| રવિવાર, 21 જૂન | વેસ્ટ ઈન્ડિઝ વિ. શ્રીલંકા | બ્રિસ્ટલ કાઉન્ટી ગ્રાઉન્ડ | બપોરે 3 વાગ્યે |
| **રવિવાર, 21 જૂન** | **સાઉથ આફ્રિકા વિ. ભારત** | **ઓલ્ડ ટ્રેફોર્ડ** | **રાત્રે 8 વાગ્યે** |
| મંગળવાર, 23 જૂન | ન્યુઝીલેન્ડ વિ. સ્કોટલેન્ડ | બ્રિસ્ટલ કાઉન્ટી ગ્રાઉન્ડ | બપોરે 3 વાગ્યે |
| મંગળવાર, 23 જૂન | શ્રીલંકા વિ. આયર્લેન્ડ | બ્રિસ્ટલ કાઉન્ટી ગ્રાઉન્ડ | રાત્રે 8 વાગ્યે |
| મંગળવાર, 23 જૂન | ઓસ્ટ્રેલિયા વિ. પાકિસ્તાન | હેડિંગ્લે | રાત્રે 11 વાગ્યે |
| બુધવાર, 24 જૂન | ઈંગ્લેન્ડ વિ. વેસ્ટ ઈન્ડિઝ | લોર્ડ્સ | રાત્રે 11 વાગ્યે |
| **ગુરુવાર, 25 જૂન** | **ભારત વિ. બાંગ્લાદેશ** | **ઓલ્ડ ટ્રેફોર્ડ** | **રાત્રે 8 વાગ્યે** |
| ગુરુવાર, 25 જૂન | સાઉથ આફ્રિકા વિ. નેધરલેન્ડ્સ | બ્રિસ્ટલ કાઉન્ટી ગ્રાઉન્ડ | રાત્રે 11 વાગ્યે |
| શુક્રવાર, 26 જૂન | શ્રીલંકા વિ. સ્કોટલેન્ડ | ઓલ્ડ ટ્રેફોર્ડ | રાત્રે 11 વાગ્યે |
| શનિવાર, 27 જૂન | પાકિસ્તાન વિ. નેધરલેન્ડ્સ | બ્રિસ્ટલ કાઉન્ટી ગ્રાઉન્ડ | બપોરે 3 વાગ્યે |
| શનિવાર, 27 જૂન | વેસ્ટ ઈન્ડિઝ વિ. આયર્લેન્ડ | બ્રિસ્ટલ કાઉન્ટી ગ્રાઉન્ડ | રાત્રે 8 વાગ્યે |
| શનિવાર, 27 જૂન | ઈંગ્લેન્ડ વિ. ન્યુઝીલેન્ડ | ધ ઓવલ | રાત્રે 11 વાગ્યે |
| રવિવાર, 28 જૂન | સાઉથ આફ્રિકા વિ. બાંગ્લાદેશ | લોર્ડ્સ | બપોરે 3 વાગ્યે |
| **રવિવાર, 28 જૂન** | **ઓસ્ટ્રેલિયા વિ. ભારત** | **લોર્ડ્સ** | **રાત્રે 8 વાગ્યે** |
| મંગળવાર, 30 જૂન | સેમી ફાઈનલ 1 | ધ ઓવલ | રાત્રે 8 વાગ્યે |
| ગુરુવાર, 2 જુલાઈ | સેમી ફાઈનલ 2 | ધ ઓવલ | રાત્રે 11 વાગ્યે |
| રવિવાર, 5 જુલાઈ | ફાઈનલ | લોર્ડ્સ | બપોરે 3 વાગ્યે |

## બુમરાહે ICC રેન્કિંગમાં મોટી છલાંગ લગાવી

દુબઈ । ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ના સુપર-૮ મુકાબલાઓ વચ્ચે બુધવારે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) દ્વારા નવી રેન્કિંગ જાહેર કરવામાં આવી છે. આ લેટેસ્ટ રેન્કિંગમાં ભારતીય ખેલાડીઓને મોટો ફયદો થયો છે. ભારતના સ્ટાર બેટ્સમેન ઈશાન કિશને શાનદાર પ્રદર્શનના આધારે ટી૨૦ બેટ્સમેનોની રેન્કિંગમાં ટોપ-પમાં એન્ટ્રી કરી લીધી છે. જ્યારે બોલિંગ વિભાગમાં જસપ્રીત બુમરાહે લાંબી છલાંગ લગાવીને ટોપ-૧૦માં સ્થાન મેળવ્યું છે. દક્ષિણ આફ્રિકા સામેની મેચમાં જસપ્રીત બુમરાહે શાનદાર બોલિંગ કરી હતી. આ પ્રદર્શનના આધારે બુમરાહને રેન્કિંગમાં ૭ સ્થાનનો ફયદો થયો છે અને તે હવે આઠમા ક્રમે પહોંચી ગયો છે. બાંગ્લાદેશનો ઝડપી બોલર મુસ્તફિઝુર રહેમાન નવમા ક્રમે છે. શ્રીલંકન ટીમના સ્પિનર વાનિંદુ હસરંગાને ચાર સ્થાનનું નુકસાન થયું છે અને તે દસમા ક્રમે ધકેલાઈ ગયો છે.

## ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ સ્પેનિશ ક્લબ UD અલ્મેરિયામાં ૨૫% હિસ્સો ખરીદ્યો



મેડ્રિડ । વિશ્વના મહાન ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ રમતની સાથે હવે ક્લબ માલિકીની દુનિયામાં સત્તાવાર પ્રવેશ કર્યો છે. ૪૧ વર્ષીય રોનાલ્ડોએ સ્પેનિશ સેકન્ડ ડિવિઝન ક્લબ UD અલ્મેરિયામાં ૨૫% હિસ્સો ખરીદ્યો હોવાની જાહેરાત કરી છે. આ રોકાણ તેની કંપની ઝઈ૭ સ્પોર્ટ્સ ઈન્વેસ્ટમેન્ટ્સ દ્વારા કરવામાં આવ્યું છે. આ સાથે રોનાલ્ડો કિલિયન એમબાપ્પે જેવા સક્રિય ખેલાડીઓની યાદીમાં સામેલ થઈ ગયો છે જેઓ ફૂટબોલ ક્લબમાં માલિકી ધરાવે છે. રોનાલ્ડોએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'મેદાનની બહાર પણ ફૂટબોલમાં યોગદાન આપવાની મારી લાંબા સમયની ઈચ્છા હતી.' હુ અલ્મેરિયા એક મજબૂત પાયો અને વિકાસની અપાર ક્ષમતા ધરાવતી ક્લબ છે. હું આ ક્લબના મેનેજમેન્ટ સાથે મળીને તેને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે ઉત્સાહિત છું.'

## રણજી ટ્રોફી : કર્ણાટકના બેટ્સમેનનો ધબડકો સ્ટમ્પ સુધી કર્ણાટકનો સ્કોર ૨૨૦/૫

હુબલી । જમ્મુ કાશ્મીર અને કર્ણાટક વચ્ચે હુબલી ખાતે રમાઈ રહેલી રણજી ટ્રોફી ફઈનલના ત્રીજા દિવસે ૫૨૭ રનથી આગળ વધારતા જમ્મુની ટીમ ૫૮૪ રનના સ્કોર સાથે ઓલઆઉટ થઈ હતી. પહાડ જેવા લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી કર્ણાટકની શરૂઆત ખરાબ રહી હતી. ઓપનર કેએલ રાહુલ (૧૩) કપ્તાન દેવદત્ત પડિકલ(૧૧) કરુણ નાયર શૂન્ય અને રવીચંદ્રન શૂન્ય પર આઉટ થતાં કર્ણાટકની ટીમ મુશ્કેલીમાં મુકાઈ હતી. કર્ણાટકની ટીમના તારણ હાર તરીકે મયંક અગ્રવાલે ૧૩૦ રનની અણનમ ઈનિંગ રમીને દિવસના અંતે કર્ણાટકનો સ્કોર ૫ વિકેટ પર ૨૨૦ પહોચાડયો હતો. જમ્મુ કાશ્મીરના આકિબ બનીએ કહેર વસાવતા ૨૩ બોલમાં ૩ મોટી વિકેટ ઝડપીને કર્ણાટકની કમર તોડી નાંખી હતી.

# બલુચોથી ISI ડરી ગયું : મુખ્યાલય પાસેના મકાનો તોડી પાડ્યા : રોજ રાત્રે કર્ફ્યુનો માહોલ

## જો ઘરની બહાર નહીં નીકળો તો પણ તે ઈમારતો જમીન દોસ્ત કરી દેવાની ધમકી

**નુશ્કી**

બલુચિસ્તાનમાં સ્વતંત્રતા સંઘર્ષ બંધ થવાનું નામ લેતો નથી. પ્રાંતના નુશ્કી જિલ્લાના કાઝીયાબાદ વિસ્તારમાં આવેલા આઈએસઆઈના મુખ્યાલય પાસેના ઘરો જમીનદોસ્ત કરી નખાયા છે. બલુચિસ્તાન-પોસ્ટ નામક પત્રિકાના રિપોર્ટ મુજબ તે ઘરોમાં રહેનારાઓને કેટલાએ દિવસો પૂર્વે નોટિસ અપાઈ હતી. તેમાં કહેવામાં આવ્યું હતું કે ઘર-ખાલી કરો. સાથે તે નોટિસમાં કહેવામાં આવ્યું હતું કે દર્શાવેલી સમય મર્યાદામાં જો ઘરની બહાર નહીં નીકળો તો પણ તે ઈમારતો જમીન દોસ્ત કરવામાં આવશે.

છેલ્લા કેટલાક દિવસોમાં પાકિસ્તાની સેનાએ કટેલાએ ઘર તોડી પાડયા છે. તે મકાનોને વિસ્ફોટકો અને ભારે ઉપકરણો દ્વારા તોડી પડાયા છે. આ મકાનો આઈએસઆઈના સ્થાનિક મુખ્યાલયની આસપાસના હતા. તેમાથી હુમલા થવાની ભીતિએ તે તોડી પાડવામાં આવ્યા હતા.

કહેવાય છે કે જે મકાનો તોડી પડાયા હતા તે પૈકી એક મકાન બલુચ લિબરેશન પાર્ટીના નેતા બશીર જેબ બલુચનું પૈતૃક નિવાસસ્થાન પણ સમાવિષ્ટ છે. આ રિપોર્ટમાં તેમ પણ કહેવાયું છે કે ગ્વાદા સહિત અન્ય શહેરોમાં પણ મકાનો તોડી પડાયા છે. તે ઉપરથી એમ લાગે છે કે પાકિસ્તાનની ઈન્ટર સર્વિસ ઈન્ટેલિજન્સ હવે બલુચ વિદ્રોહીઓથી ડરી ગઈ છે. બલુચિસ્તાનના નુશ્કી જિલ્લાના કાઝીયાબાદ શહેર ઉપરાંત અન્ય કેટલાએ શહેરોમાં સાંજના ૬.૦૦ વાગ્યાથી સવાર સુધીનો રાત્રી કર્ફ્યુ લગાડી દેવાયો છે.

# અફઘાનિસ્તાનનું પાકિસ્તાન વિરુદ્ધ યુદ્ધ શરૂ : 15 જેટલી પોસ્ટ પર કબજો

**ઈસ્લામાબાદ**

અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે ફરી ભયાનક ઘર્ષણ શરૂ થઈ ગયું છે. પાકિસ્તાની સેનાએ હવાઈ હુમલા કર્યા બાદ વળતો જવાબ આપી અફઘાન સુરક્ષા દળોએ પૂર્વ દિશામાં આવેલા રાજ્યોમાં ઘર્ષણ શરૂ કરી દીધું છે. અફઘાનિસ્તાનની સેનાના ખાલિદ બિન વલીદ કૉર્પ્સના પ્રવક્તાએ આ માહિતી આપી છે. અફઘાન સરકારે દાવો કર્યો છે કે, તેણે પાકિસ્તાનની 15 સરહદી પોસ્ટો પર કબજો કરી લીધો છે, જેમાં અનેક પાકિસ્તાની સૈનિકોના મોત થયા છે અને કેટલાકને પકડી લેવામાં આવ્યા છે. પાકિસ્તાને તાજેતરમાં જ અફઘાનિસ્તાન પર એરસ્ટ્રાઈક કરી હતી, જેના જવાબમાં આ કાર્યવાહી કરાઈ હોવાનો પ્રવક્તાએ દાવો કર્યો છે. તેમણે કહ્યું છે કે, તેમના દેશે પાકિસ્તાની સરહદ પાસે મોટાપાયે સૈન્ય અભિયાન શરૂ કરી દીધું છે. તેમણે આક્ષેપ કર્યો છે કે, પાકિસ્તાની સેનાએ વારંવાર ઉશ્કેરણીજનક કાર્યવાહી કરી ઉલ્લંઘન કર્યું છે, જેના જવાબમાં વિવાદાસ્પદ ડુરંડ લાઈનની આસપાસ મોટાપાયે સૈન્ય કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. અફઘાનિસ્તાની સેનાએ એક સાથે કાર્યવાહી કરીને પાકિસ્તાની સરહદી ચોકીઓને નિશાન બનાવી છે.

# હુમલો થયો તો USAની ડિફેન્સ ઇન્ડસ્ટ્રી ઠપ કરી નાખીશું : ઈરાન માટે ચીન મેદાને

## ચીન ઈરાનને અત્યાધુનિક સુપરસોનિક મિસાઈલો આપશે

**બેઈજિંગ**

અમેરિકા અને ચીન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે હવે ચીન ખુલીને ઈરાનના પક્ષમાં આવી ગયું છે. ચીને વોશિંગ્ટનને સીધી ધમકી આપી છે કે જો અમેરિકા તેહરાન(ઈરાન) પર હુમલો કરશે, તો ચીન તરત જ રેર મેટલની નિકાસ રોકી દેશે. આ ધમકી અત્યંત ગંભીર માનવામાં આવે છે કારણ કે અમેરિકા તેની જરૂરિયાતના ૯૦% રેર મેટલ ચીન પાસેથી જ ખરીદે છે. જો ચીન આ સપ્લાય અટકાવે, તો માત્ર 48 કલાકની અંદર અમેરિકાની આખી ડિફેન્સ ઈન્ડસ્ટ્રી ઠપ થઈ શકે છે. રેર મેટલ અત્યાધુનિક F-35 ફાઈટર જેટ્સ, મિસાઈલ ગાઈડન્સ સિસ્ટમ અને હાઈ-ટેક ઈલેક્ટ્રોનિક ચિપના ઉત્પાદનમાં પાયાનું ઘટક છે. આ કિંમતી ધાતુઓના પુરવઠા વિના અમેરિકાની સૈન્ય તાકાત અને સંરક્ષણ પ્રણાલી સંપૂર્ણપણે પાંગળી બની શકે તેમ છે. બીજી તરફ, ચીન હવે ઈરાનને અત્યાધુનિક હથિયારો વેચવાની પણ તૈયારી કરી રહ્યું છે.

# યુએસની એન્ટ્રોપિકે ચીની AI કંપનીઓ પર તેના અદ્યતન મોડલની નકલ કરવાનો આરોપ લગાવ્યો

## AI મોડલનો ખર્ચ વધુ હોવાથી ચીની કંપનીઓ જાણીતી કંપનીઓના ક્લોન બનાવે છે

**વોશિંગ્ટન**

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રમાં વૈશ્વિક સ્પર્ધા વચ્ચે અમેરિકાની એઆઈ કંપની એન્ટ્રોપિકે ચીની એઆઈ કંપનીઓ પર તેના અદ્યતન મોડલની નકલ કરવાનો આરોપ લગાવ્યો છે. કંપનીએ દાવો કર્યો છે કે ચીની કંપનીઓ ડિસ્ટિલેશન એટેક તરીકે ઓળખાતી ટેકનિક દ્વારા તેના મોડલમાંથી મોટા પ્રમાણમાં જવાબો એકત્ર કરી નવા મોડલને ટ્રેનિંગ આપવાનો પ્રયાસ કરી રહી છે. રિપોર્ટ્સ મુજબ કંપનીએ તેના સિસ્ટમમાં અસામાન્ય ક્વેરીંગ પેટર્ન અને મોટા પ્રમાણમાં ડેટા એકત્ર થતું જણાતા આ મુદ્દે આંતરિક તપાસ શરૂ કરી હતી. ઉલ્લેખનીય છે કે, એન્ટ્રોપિકના ઘણા મોડલ્સના કારણે વિશ્વભરના શેરબજારોમાં ઘટાડો જોવા મળ્યો હતો. ત્યારે, ચીની કંપનીઓની ઉઠાંતરીએ આઈટી કંપનીઓની ચિંતા વધારી છે.

એઆઈ ક્ષેત્રમાં ડિસ્ટિલેશન સામાન્ય રીતે મોટી એઆઈ સિસ્ટમમાંથી નાના મોડલને તાલીમ આપવા માટે ઉપયોગમાં લેવાતી પ્રક્રિયા છે. જોકે એન્ટ્રોપિકનો આરોપ છે કે કેટલીક કંપનીઓ આ પદ્ધતિનો ઉપયોગ કરીને મોટા મોડલ જેવી ક્ષમતાવાળું ક્લોન તૈયાર કરી રહી છે. ટેક નિષ્ણાતોનું કહેવું છે કે આ પ્રક્રિયા સીધી ડેટા ચોરી નથી થતી. પરંતુ, મોડલને ટ્રેનિંગ આપવા માટે અન્ય મોડલની નકલ કરવામાં આવે છે.

# લંડનમાં 16 વર્ષ જૂની ભારતીય રેસ્ટોરન્ટ બંધ માલિકનો પાકિસ્તાન પર હેરાનગતિનો આક્ષેપ

## રેસ્ટોરન્ટ પર વારંવાર હુમલા અને પોલીસનું રક્ષણ કે ટેકો નથી મળતો : હરમનસિંહ

**લંડન**

લંડનના હેમરસ્મિથમાં આવેલી પ્રખ્યાત ભારતીય રેસ્ટોરન્ટ 'રંગરેઝ'ના માલિક હરમન સિંહ કપૂરે આગામી મહિનાથી રેસ્ટોરન્ટ કાયમી ધોરણે બંધ કરવાની જાહેરાત કરી છે. આ નિર્ણય અંગે તેમણે સોશિયલ મીડિયામાં એક પોસ્ટ મૂકીને દાવો કર્યો છે કે, 16 વર્ષના યાદગાર પ્રવાસ બાદ હું ભારે હૈયે આ નિર્ણય લઈ રહ્યો છું. બિઝનેસ ચલાવવા માટેનો આર્થિક બોજ સતત વધી રહ્યો હતો. બીજી તરફ, પાકિસ્તાની જૂથો



દ્વારા સોશિયલ મીડિયા પર અમને સતત નિશાન બનાવાઈ રહ્યા છે, ખોટા રિવ્યુ આપવામાં આવ્યા. આ દરમિયાન રેસ્ટોરન્ટ પર પણ વારંવાર હુમલા થયા છે, જેમાં શારીરિક હુમલા પણ સામેલ છે. આ સમગ્ર ઘટનામાં પોલીસ તરફથી પૂરતું રક્ષણ કે ટેકો પણ નથી મળ્યો.

આ પોસ્ટમાં હરમન સિંહે એ તમામ ગ્રાહકોનો આભાર માન્યો જેમણે વર્ષો સુધી તેમને સાથ આપ્યો. તેમણે લખ્યું છે કે, 'ભલે મારો બિઝનેસ બંધ થઈ રહ્યો હોય, પરંતુ મારી હિંમત તૂટી નથી. હવે કોઈપણ બંધન વિના પૂર્ણ સમય સામાજિક સક્રિયતા પર ધ્યાન આપીશ અને આવા તત્ત્વો સામે લડતો રહીશ. દરેક અસલી ગ્રાહકનો આભાર જેમણે વર્ષોથી અમને સપોર્ટ કર્યો. હું હંમેશા તમારો આભારી રહીશ.'

# એપસ્ટિન ફાઈલ્સ : બિલ ગેટ્સે બે રશિયન મહિલા સાથે સંબંધ સ્વીકાર્યા

**વોશિંગ્ટન**

એપસ્ટીન ફાઈલ્સ કેટલાય અબજપતિઓના અને રાજકારણીઓના ભોપાળા બહાર લાવી રહી છે. અમેરિકન અબજપતિ અને માઈક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટ્સે તે વાત સ્વીકારી હતી કે એપસ્ટીન ફાઈલ્સમાં બતાવવામા આવેલી બે રશિયન મહિલાઓ સાથે તેમના સંબંધ હતા. આ માટે તેમણે પોતાની સંસ્થા બિલ ગેટ્સ ફાઉન્ડેશનના કર્મચારીઓની માફી પણ માંગી છે.

તેમણે તેમના કબૂલાતનામામાં જણાવ્યું હતું કે મારા કારણે સંસ્થાની પ્રતિષ્ઠા પર અસર પડી છે. સૂત્રોના જણાવ્યા મુજબ આંતરિક ટાઉન હોલ મીટિંગમાં ગેટ્સે પોતાના જૂના સંબંધોને લઈને ઉઠાવાયેલા સવાલોનો જવાબ આપતા જણાવ્યું હતું કે એપસ્ટીન સાથે સમય વીતાવવો અને ફાઉન્ડેશનના વરિષ્ઠ અધિકારીઓ સાથે તેની મુલાકાત કરાવવી એક ભૂલ હતી.

તેમણે જણાવ્યું હતું કે તેમના આ નિર્ણયના લીધે સંગઠનના લોકોએ અસહજ સ્થિતિનો સામનો કરવાનો આવ્યો. તેની જવાબદારી તેઓ પોતે સ્વીકારે છે. ટાઉનહોલ મીટિંગમાં ગેટ્સે સ્વીકાર્યું કે એપસ્ટીન ફાઈલ્સમાં બતાવવામાં આવેલી બે રશિયન મહિલાઓ સાથે તેમના અફેર હતા.

# પાકિસ્તાનના પંજાબ અને ખૈબર પખ્તુનખ્વાં આતંકી હુમલાથી ધણધણી ઉઠ્યાં, 11ના મોત

## અંસાર-ઉલ-ઇસ્લામ' આતંકી સંગઠને હુમલાની જવાબદારી લીધી

**ઈસ્લામબાદ**

પાકિસ્તાનમાં આતંકવાદીઓએ ફરી એકવાર લોહીની હોળી ખેલી છે. પંજાબ અને ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં થયેલા બે અલગ-અલગ હુમલાઓમાં 9 સુરક્ષાકર્મીઓ સહિત કુલ 11 લોકોના મોત નીપજ્યા હતા. પાકિસ્તાનના પંજાબ પ્રાંતના ભક્કર જિલ્લામાં દજ્જલ ઈન્ટર-સ્ટેટ ચેકપોસ્ટ પર મંગળવારે રાતે એક ભયાનક આત્મઘાતી હુમલો કરવામાં આવ્યો હતો. આ વિસ્ફોટમાં ઓછામાં ઓછા ચાર પાકિસ્તાની સુરક્ષાકર્મીઓ શહીદ થયા હતા. આ હુમલાની જવાબદારી 'અંસાર-ઉલ-ઈસ્લામ' નામના



આતંકી સંગઠને લીધી હતી. હુમલાખોરની ઓળખ અબુ દર્દા તરીકે થઈ છે. બીજી ઘટના ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના કોહાટ વિસ્તારમાં બની હતી. અહીં આતંકીઓએ પોલીસ વાહનને નિશાન બનાવીને અંધાધૂંધ ફાયરિંગ કર્યું હતું.

# યુકેમાં ડિજિટલ ટ્રાન્ઝિટ સિસ્ટમ અમલી બનતા ભારતીયો માટે ઇ-વીઝા ફરજિયાત

## નવા નિયમો અમલમાં, બાયોમેટ્રિક રજિસ્ટ્રેશન કરાવવા જાતે જવું પડશે

**લંડન**

યુકેમાં બુધવારથી નવી ડિજિટલ ટ્રાન્ઝિટ સિસ્ટમ અમલી બનવા સાથે નવા નિયમો અમલમાં આવતાં હવે ભારતીય પ્રવાસીઓએ ફરજિયાત ઈવીઝા મેળવવાના રહેશે જ્યારે જે લોકોને યુકેમાં પ્રવાસ કરવા વીઝાની જરૂર ન હોય તેમણે ફરજિયાત ઈલેક્ટ્રોનિક ટ્રાવેલ ઓથોરાઈઝેશન-ઈટીએ- કરાવવું પડશે. નવા નિયમો અમલમાં આવવા સાથે જે પ્રવાસીઓ પાસે જરૂરી પ્રવાસ દસ્તાવેજો ન હોય તેમને એરલાઈન્સ વિમાનમાં બેસતાં અટકાવી શકશે. યુકે સરકારે ગયા વર્ષે તબક્કાવાર શરૂ કરેલી ઈવીઝા સિસ્ટમ બુધવારથી સંપૂર્ણપણે અમલી બની ગઈ છે.

તત્કાળ અમલમાં આવે એ રીતે લાગુ પડનારા આ ફેરફાર અનુસાર કાગળ આધારિત વીઝા સ્ટિકર્સનું સ્થાન ઈવીઝા લેશે. જો કે, નવી સિસ્ટમમાં બાયોમેટ્રિક રજિસ્ટ્રેશન કરાવવા માટે તો અરજદારે જાતે જ એપ્લિકેશન સેન્ટરમાં જવું પડશે. તેમાં હવે પ્રોસેસિંગ સમયગાળામાં પાસપોર્ટ મુકીને જવાની જરૂર નથી. યુકેના સ્થળાંતર અને નાગરિકતા વિભાગના પ્રધાન માઈક ટેપે જણાવ્યું હતું કે યુકેમાં પ્રવાસ કરવા માંગતા દરેક જણને હું તેમનો પ્રવાસ સરળ નીવડે તે માટે યોગ્ય પરમિશન લેવાની વિનંતી કરૂ છું.

# હોળી-ધુળેટી વિજયોત્સવનો રંગોત્સવ



હોળીના ઉત્સવ પાછળની કથા ખૂબ જ પ્રસિદ્ધ છે. હિરણ્યકશિપુ નામનો એક રાક્ષસ હતો. હિરણ્યનો અર્થ થાય છે. જે પ્રમાણે કાદવમાં જ કમળ ઊગે છે તેમ હિરણ્યકશિપુને ત્યાં પ્રહ્લાદ જેવા ભક્ત અને દેવ વૃત્તિ ધરાવતા પુત્રનો જન્મ થયો. પ્રહ્લાદ જ્યારે માતાના ગર્ભમાં હતો ત્યારે તેની માતા નારદ મુનિના આશ્રમમાં રહ્યાં હતાં, જ્યાં ગર્ભમાં જ તેના સંસ્કારોનું સિંચન થવા લાગ્યું. પ્રહ્લાદ ભગવદ્ ભક્તિથી પૂર્ણ હતો. પ્રહ્લાદનો ઈશ્વરવાદ જો રાજ્યમાં સર્વત્ર ફેલાઈ જશે તો કોઈ તેને ભગવાન નહીં માને એમ વિચારી તેણે પ્રહ્લાદને શામ, દામ, અને દંડ દ્વારા પ્રભુભક્તિ છોડવા અને પોતાને ભગવાન માનવા ઘણું સમજાવ્યો છતાં પણ પ્રહ્લાદમાં લેશમાત્ર પરિવર્તન ન આવ્યું. તેણે પ્રભુભક્તિને ન ત્યજી.

છેવટે હિરણ્યકશિપુએ તેને મારવાના અનેક પ્રયત્નો કર્યા, પરંતુ તે બધા જ પ્રયત્નો નાકામ રહ્યા, તેથી હિરણ્યકશિપુની બહેન હોલિકાએ પોતાના ભાઈને એક ઉપાય સૂઝવ્યો પ્રહ્લાદને અગ્નિમાં બાળી નાખવાનો. હોલિકાને વરદાન હતું કે જો તે સદ્વૃત્તિના મનુષ્યને પરેશાન ન કરે તો અગ્નિ તેને બાળી શકશે નહીં. લાકડાં, છાણાં વગેરેમાંથી બનાવેલ પ્રહ્લાદની મૃત્યુશય્યા પર હોલિકા તેને ખોળામાં લઈને બેસી ગઈ અને ચારે બાજુ આગ લગાવવામાં આવી. હોલિકા દહનથી ખુશ થયેલા લોકોએ ઉત્સવ મનાવ્યો. આનંદના વાતાવરણમાં રત બનેલા લોકોએ એકબીજા પર રંગ-ગુલાલ ઉડાડવાનું શરૂ કર્યું તો કોઈકે ધૂળ ઉડાડવાનું શરૂ કર્યું અને તેમાંથી જ ધુળેટીનું સર્જન થયું.

## ઉત્સવ સાથે ધાર્મિક માન્યતાઓ પરંપરા

હોળી-ધુળેટી માત્ર ભારતમાં જ નહીં, પરંતુ વિદેશોમાં પણ ઊજવવામાં આવે છે, વ્રજમાં હોળીના પર્વ પર ગાવામાં આવતાં વ્રજ ગીતોમાં ભગવાન શ્રીકૃષ્ણ અને ગોપીઓને સતાવવાના સુંદર પ્રસંગાત્મક ગીતો ગાવામાં આવે છે. વ્રજમાં સૌથી વધારે પ્રખ્યાત બરસાનાની લટ્ઠમાર હોળી છે. બરસાના એ મથુરા પાસે કરવામાં આવેલું રાધાજીનું જન્મસ્થાન છે. આ દિવસે અહીંની મહિલાઓ પોતાના હાથમાં લાકડી રાખે છે અને નંદગામના પુરુષો જે રાધાજીના મંદિર .`લાડલીજી' પર ધજા ફરકાવવાનો પ્રયત્ન કરે છે. આ દરમિયાન મહિલાઓ જમકર લાકડીઓના પ્રહાર કરે છે, પરંતુ પુરુષોને તેનો પ્રતિરોધ કરવાની પરવાનગી હોતી નથી. તેમણે માત્ર ગુલાલ છાંટીને તે મહિલાઓને ઉલઝાવવાની હોય છે. જો પુરુષો પકડાઈ જાય તો જમકર તેમની ધોલાઈ થાય છે અથવા તો તેમને મહિલાઓનાં કપડાં પહેરાવી, શૃંગાર વગેરે કરીને નચાવવામાં આવે છે. આ પરંપરા પાછળ એવું માનવામાં આવે છે કે પૌરાણિક કાળમાં શ્રીકૃષ્ણને બરસાનાની ગોપીઓએ આ રીતે નચાવ્યા હતા.

અવધમાં તો રંગોત્સવ હોળીના દિવસથી છેક રંગપંચમી એમ પાંચ દિવસ સુધી ઊજવવામાં આવે છે.

ફાગુનો અર્થ થાય છે લાલ રંગ અને પૂર્ણિમાનો અર્થ છે પૂર્ણ ચંદ્ર. બંગાળમાં હોળીને ડોલ પૂર્ણિમા તરીકે ઊજવવામાં આવે છે. આ દરમિયાન રંગોની સાથે આખા બંગાળની સમૃદ્ધ સંસ્કૃતિની ઝલક જોવા મળે છે. આ દિવસે લોકો વાસંતી રંગોનાં કપડાં પહેરે છે અને ફૂલો દ્વારા શૃંગાર કરે છે. વહેલી સવારથી જ નૃત્ય અને સંગીતનો કાર્યક્રમ ચાલે છે. દરેક ઘરમાં મીઠાં પકવાન બને છે.

ગુજરાત અને રાજસ્થાનમાં પણ હોળીનું વિશેષ મહત્ત્વ છે. હોળીના દિવસે ઘણા લોકો ઉપવાસ કરે છે અને રાત્રે હોલિકાદહન પછી પ્રહ્લાદના બચવાની ખુશીમાં લાડુ સાથે ધાણી, ખજૂર વગેરેનો પ્રસાદ આરોગે છે. આ દિવસે ઠંડું ખાવાનો રિવાજ પણ હોય છે. હોળીના બીજા દિવસે ધુળેટી ઉજવાય છે જેમાં નાના-મોટા, આબાલ-વૃદ્ધ સૌ કોઈ ધુળેટીના રંગોમાં રંગાઈ જાય છે. કેટલાંક મંદિરોમાં શ્રીકૃષ્ણને ઝૂલા ઝુલાવવામાં આવે છે તો ક્યાંક-ક્યાંક મટકી ફોડનો કાર્યક્રમ પણ રાખવામાં આવે છે.

સમગ્ર ગુજરાતમાંથી ડાકોર શ્રી રણછોડરાયના મંદિરે જવા માટે પગપાળા સંઘ નીકળે છે અને ફાગણ વદ પૂનમના દિવસે મંદિરે પહોંચી ડાકોરજીનાં દર્શન કરી કૃતકૃત થાય છે.

## હોળીનું સામાજિક મહત્ત્વ

ફાગણમાં ફસલ પાકીને તૈયાર થઈ જાય છે, જેથી ઘરમાં ધન-ધાન્યના આગમનનો આનંદ દરેક પર છવાયેલો રહે છે. તેથી આ ઉત્સવ ધૂમધામથી મનાવવામાં આવે છે.

દરેક રંગની પોતાની ખાસિયત હોય છે અને તે જીવનના જુદા-જુદા ભાવોને દર્શાવે છે. સફેદ રંગ શાંતિનો, લીલો રંગ ખુશીનો લાલ રંગ શક્તિનો આભાસ કરાવે છે. રંગનું બીજું મહત્ત્વ એ છે કે તે મનુષ્ય જીવનમાં પ્રેમ અને મીઠાશ પ્રસરાવે છે. રંગો વગર જીવન નીરસ થઈ જાય છે, તેથી જીવન નીરસ ન બની જાય તે માટે આ રંગોત્સવ ઊજવવામાં આવે છે.

આખું વર્ષ શરીર સ્વસ્થ રહે તે માટે લોકો હોળીની ઝાળ પાસે ઊભા રહી તેની ગરમી લે છે. આ ઝાળ કઈ દિશા તરફ જાય છે તે ઉપરથી આવનાર ચોમાસાની આગાહી પણ કરાય છે. આ દિવસે ખવાતાં ધાણી, ચણા, મમરા, ખજૂર કફનાશક હોવાથી તે ખાવા પાછળનો એક આશય તે પણ રહેલો છે.

વાતાવરણની અસર મનુષ્યનાં મન-મગજ પર થતી હોય છે. ઉત્તરાયણ પછી જ્યારે મોટો તહેવાર હોળી આવે છે ત્યારે વસંત પોતાના યૌવન પર હોય છે. બધાં જ વૃક્ષ-છોડ પર વિભિન્ન રંગોનાં પુષ્પ ખીલી ઊઠે છે. કેસૂડાનાં ફૂલોમાંથી રંગ બનાવીને લોકો એકબીજા પર છાંટીને આ ઉત્સવ મનાવે છે.

## હોળીની ઉજવણીનો વૈદિક દૃષ્ટિકોણ

પહેલાંના સમયમાં આજની જેમ ઉદ્યોગો નહોતા. તે વખતનો સમાજ મોટાભાગે ખેતી જ કરતો હતો. છેક ઋગ્વેદના સમયગાળાથી સમાજનો મોટાભાગનો વર્ગ ખેતી કરતો આવ્યો છે. તે સમયના લોકો ઈન્દ્ર, અગ્નિ જેવા દેવોને આહુતિઓ આપીને પ્રસન્ન કરી પોતાની સુખાકારીની કામના કરતા હતા. આ વૈદિક પ્રથા સાથે સામાજિક જીવન જોડાયેલું હતું, જેનું પ્રતિબિંબ આજે પણ હોળીના તહેવારમાં જોવા મળે છે. ફાગણ મહિનો એ બે ઋતુઓના સંધિકાળનો સમય છે. આ જ સમયમાં શિયાળો ઊતરે છે અને ઉનાળાનું આગમન થાય છે. આ મિશ્ર ઋતુના સમયે રોગ પેદા કરતા જીવાણુઓ હવામાં ઘૂમરાતા હોય છે. આ સમયગાળામાં રવિપાક ઊતરીને ઘરમાં બનાવેલા કોઠારમાં સંગ્રહાતો હોય છે. તેને લીધે ખેતઊપજ સાથે ચોંટેલા જીવાણુઓ રહેણાક વિસ્તારમાં પ્રવેશે છે, તેથી સ્વાસ્થ્ય અને ધાર્મિક આરાધનાને ધ્યાનમાં રાખીને વૈદિકકાળમાં હોળીના પર્વને નવાન્નેષ્ટિ યજ્ઞના નામે ઊજવવામાં આવતું હતું. હોળીની જ્વાળાઓમાં ખેતરમાં પાકેલા અનાજની આહુતિઓ આપવામાં આવતી હતી.

HONEST - DEDICATED - TEAMWORK
Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.
PINNACLE
REAL ESTATE GROUP
CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group
BROKERAGE
We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience



Welcome to this stunning 3-bedroom Coughlan-built home where comfort meets convenience! Perfectly located just minutes to Hwy 407 and even closer to the 401, you'll enjoy endless options for dining, shopping, and entertainment. Offering 1,741 sq. ft. of stylish living space, this home features soaring 9 ft ceilings, a large walk-in pantry, and a powder room just off the kitchen. The spacious great room is complete with pot lights, hardwood flooring, and California shutters, flowing seamlessly into the dining room and kitchen. The modern kitchen boasts a large island and direct access to a private balcony-ideal for relaxing or hosting evening barbecues. Upstairs, the primary suite offers a spa-like 4-piece ensuite with soaker tub and stand-up shower. Two additional bedrooms, all with hardwood floors, large closets, and California shutters, share another full bathroom, plus a convenient upstairs laundry. The ground level includes garage access, two closets, and a separate entrance to a versatile 4th bedroom. Beautifully maintained and move-in ready-just unpack and enjoy!



Welcome to 25 Seward Crescent, a beautiful detached home located in the highly sought-after Northeast Ajax community. Offering approximately 2,700 sq ft of bright, open-concept living space, this home is filled with natural light thanks to its abundance of windows throughout.It features 4 spacious bedrooms and 3 washrooms, with the convenience of upper-level laundry-a layout families truly love. Ideally situated just a 1-minute walk to a public school and 1-minute walk to public transit, this home combines comfort, space, and unbeatable everyday convenience in a family-friendly neighbourhood.

- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!



You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.
Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !
Shamim & Amin Kharodia
Broker of Record / Sales Representative
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 I D: (647) 308-2941
F : (416) 298-8303 I P: (647) 666-8676
Grand Centurion Office
Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.

CLUB CERAMIC

Porcelain Tiles : Premium Quality and Best Price

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
225 Rue Ness, Saint-Laurent, QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 / +1-514-260-2242

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-394-6030 / +1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com


હવે પ્રાથના હોલ અને સ્મશાન ઘર એકજ સ્થળે

*Chapel Ridge*
*Funeral Home & Cremation Centre*

*in partnership with*

*North Toronto*
*Crematorium Inc.*

Chapel Ridge Funeral Home & Cremation Centre




Vilo
Licensed Funeral Director
(416) 993-0826


Harjinder
Licensed Funeral Director
(647) 966-0093


Christeen
Licensed Funeral Director
(416) 258-6759


Kirti
Licensed Funeral Preplanner
(416) 417-0182

**Complete Funeral Package Pricing $4395.00** *Includes HST*
GUARANTEED LOWEST PRICE

- Same Day Funeral Service with 1 hour visitation prior to service, including all professional fees and preparation
- Batesville Grey Doeskin Casket
- Cremation and Witnessing Fee at North Toronto Crematorium or St John's Dixie Crematorium in Mississauga
- Coroner, Death Registration and BAO Fee

*Not included: Flowers, Limousines, Clergy or Musician Fees, Urns*

Facilities also available in Mississauga

North Toronto Crematorium



Everything in one Place!

2 Stalwart Industrial Drive, Gormley
(close to Highway 404 and Stouffville Road)

*Newly built large Chapel with Crematorium on-site - everything in one place!*

8911 Woodbine Ave., Markham (4 blocks north of Hwy 7)
info@chapelridgefh.com • www.chapelridgefh.com
905-305-8508

info@northtorontocrematorium.com
www.northtorontocrematorium.com
289-578-1288